RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા　　શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ ચૈત્ર વદ - ૫　સોમવાર, તા.૨૯-૦૪-૨૦૨૪　અંક : ૧૦૬　વર્ષ : ૧૯　jamnagar@aaspassaindia.com　કિંમત રૂા. ૨-૫૦　પાના - ૮

# રાહુલના નિવેદનથી કોંગ્રેસને વધી કઠણાઈ

## દમણમાં પણ રાહુલે પ્રફુલ પટેલને રાજા કહ્યા : ભાજપે કોંગ્રેસે ઘેરી

ભાવનગર,

કર્ણાટકની જાહેરસભામાં રાહુલ ગાંધીએ રાજા મહારાજા વિશે કરેલા નિવેદનનો વિડીયો વાયરલ થયા બાદ ભાજપ બાદ હવે કોંગ્રેસ પણ રાજા મહારાજાના મામલે ભેરવાઈ ગઈ છે. વડાપ્રધાન મોદીએ આ મામલે પોતાના પ્રવચનમાં પણ રાહુલને આડે હાથ લીધા હતા. તો શક્તિસિંહ ગોહિલે ભાજપ ખોટા ભ્રમ ઉભા કરે છે તેમ જણાવ્યું હતું.

દરમિયાનમાં દમણ ખાતે રાહુલ ગાંધીએ પ્રફુલ પટ્ટેલને રાજા તરીકે જણાવી જો અમારી સત્તા આવશે તો બે કલાકમાં તેને આઉટ કરી દેશું તેવું જણાવ્યું હતું. આજે પાટણમાં રાહુલ ગાંધીની સભા છે. ચૂંટણી પ્રચારમાં હવે અંતિમ દિવસો છે ત્યારે જે મામલે ક્ષત્રિય સમાજ ભાજપથી નારાજ છે તેવો જ મામલે રાહુલ ગાંધી દ્વારા ઉભો થતા કોંગ્રેસને પણ મુશ્કેલી ઉભી થઈ છે. આમ પ્રચારમાં પણ હવે ખરો રંગ જામ્યો છે.

### તેમનામાં નવાબો-સુલતાનો વિશે બોલવાની તાકાત નથી : મોદી



સોશિયલ મીડિયા પર રાહુલ ગાંધીનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ 'રાજા-મહારાજા ગરીબોની જમીન પડાવી લેતા હતા,' આ પ્રકારનું નિવેદન આપી રહ્યા છે. વીડિયો બહાર આવતાં જ ભાજપે કોંગ્રેસ પર તીખા પ્રહાર કરવાના શરૂ કરી દીધા છે. ખુદ પીએમ મોદીએ રાહુલ ગાંધીને આડેહાથ લેતાં આજે બેંગલુરુની એક સભામાં કહ્યું હતું કે 'શેહઝાદાએ રાજા-મહારાજાઓનું અપમાન કર્યું છે, તેમનામાં નવાબો- સુલતાનો વિશે બોલવાની તાકાત નથી' રાહુલ ગાંધીના આ વીડિયોના ગુજરાતમાં પણ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ભાજપના નેતાઓ રાહુલ ગાંધીનો વીડિયો પોસ્ટ કરી માફીની માગ કરી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું, કોઈ કોન્ટેસ્ટ વગર જે વાત નથી થઈ એ વાતને વિકૃત રીતે રજૂ કરવાનો આ પ્રયાસ છે. સમાજ ભોળો જરૂર છે, પણ મૂર્ખ નથી.

## ખડગે ગુજરાતમાં ચાર દિવસનું રોકાણ કરશે

### પાટણમાં રાહુલે સભા સંબોધી : કન્હૈયા કુમાર, ઈમરાન પ્રતાપગઢી, બીવી શ્રીનિવાસ ગુજરાતમાં સભા સંબોધશે

પાટણ,

રાજકીય નેતાઓ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે આવી રહ્યાં છે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી આજે ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે. રાહુલ ગાંધી પાટણમાં ચૂંટણી જનસભાને સંબોધશે. વલસાડના ધરમપુરમાં પ્રિયંકા ગાંધીએ જનસભા સંબોધી હતી ત્યારે હવે રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ગુજરાત સ્થાપના દિવસે જ અમદાવાદ આવી રહ્યાં છે. ખડગે પણ ગુજરાતમાં ચાર દિવસનું રોકાણ કરશે. એટલું જ નહી, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં એમ ચારેય ઝોનમાં એક એક સભા સંબોધે તેવું કોંગ્રેસે આયોજન કર્યું છે. પ્રદેશ પ્રભારી મુકુલ વાસનિક પ્રદેશના નેતાઓ સાથે કેન્દ્રીય નેતાઓની સભાના સ્થળ સહિતના આયોજન પર સીધી દેખરેખ રાખી રહ્યાં છે.

## મોદી-યોગીએ યુપીમાં ત્રણ અઠવાડિયામાં ૪૫ અને રાહુલ ગાંધીએ એક રેલી કરી

લખનૌ,

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં બે તબક્કામાં અત્યાર સુધી ૧૬ બેઠકો પર મતદાન થઈ ચૂક્યું છે, પશ્ચિમ યુપીની બેઠકો પર મતદાન બાદ ભારતીય મહાગઠબંધન અને કોંગ્રેસ માટે મોટો પડકાર ઉભો થયો છે.

યુપી દેશમાં સૌથી વધુ લોકસભા બેઠક ધરાવતું રાજ્ય છે, અને ત્યાં કોંગ્રેસનું આવું વલણ થોડું આશ્ચર્યજનક લાગે છે. આ રાજ્યમાંથી આગામી ચૂંટણીમાં કોણ જીતશે અને કોને સરકાર બનશે તે નક્કી થવાનું છે. પરંતુ આ સમયે ઈન્ડિયા એલાયન્સનું પ્રચાર અને ખાસ કરીને કોંગ્રેસનું અભિયાન ખૂબ જ નબળું દેખાઈ રહ્યું છે, એક આંકડો દર્શાવે છે કે ૨૬ એપ્રિલ સુધી ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ૩૮ રેલીઓ અને સંમેલનો કર્યા છે.વડાપ્રધાન મોદીએ ૨૬ એપ્રિલ સુધી સાત જાહેર સભાઓ અને બે મોટા રોડ શો કર્યા છે.

જો કોંગ્રેસની વાત કરીએ તો પ્રિયંકા ગાંધીએ અત્યાર સુધી સહારનપુરમાં માત્ર એક જ રોડ શો કર્યો છે, જયારે રાહુલ ગાંધીએ અમરોહામાં અખિલેશ યાદવ સાથે સંયુક્ત રેલી કરી હતી. હવે આ વલણ કોંગ્રેસ માટે વધુ ચિંતાજનક છે કારણ કે છેલ્લી ઘણી ચૂંટણીઓમાં એવું જોવા મળ્યું છે કે ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસને મજબૂત કરવાનું કામ ગાંધી પરિવાર કરે છે.

## અનામત સમાપ્ત કરવાની વાત કરતા અમિત શાહનો એડિટેડ નકલી વીડિયો વાઈરલ

### દિલ્હી પોલીસે FIR નોંધી, ફેસબુક અને એક્સ પાસેથી માહિતી માગી : ભાજપે આ વીડિયોને લઈને દેશભરમાં FIR નોંધવાનો નિર્ણય લીધો

નવીદિલ્હી,

રવિવારે દિલ્હી પોલીસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના એડિટેડ વીડિયો અંગે FIR નોંધી છે. આ વીડિયોમાં શાહ એસસી-એસટી અને ઓબીસીની અનામતને ખતમ કરવાની વાત કરતા જોવા મળે છે. જો કે ન્યૂઝ એજન્સી પીટીઆઈના ફેક્ટ ચેકમાં આ વીડિયો નકલી સાબિત થયો છે. આ એડિટેડ વીડિયોને ફેલાવવા અંગેની એક ફરિયાદ ભાજપ દ્વારા કરવામાં આવી હતી, જ્યારે બીજી ફરિયાદ ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. ભાજપે આ વીડિયોને લઈને દેશભરમાં FIR નોંધવાનો નિર્ણય લીધો છે.ભાજપે ફરિયાદમાં કહ્યું છે કે અમિત શાહે અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે અનામત સમાપ્ત કરવા વિશે કશું કહ્યું નથી. જે વીડિયો વાઈરલ થઈ રહ્યો છે તે નકલી છે. ભાજપે આરોપ લગાવ્યો કે મૂળ વીડિયોમાં અમિત શાહે તેલંગાણામાં મુસ્લિમો માટે ગેરબંધારણીય આરક્ષણ હટાવવાની વાત કરી હતી.

દિલ્હી પોલીસે ગૃહમંત્રીના એડિટેડ વીડિયોને લઈને એક્સ અને ફેસબુકને પત્ર લખ્યો છે. તેમજ આ એડિટેડ વીડિયો કયા એકાઉન્ટ પર પોસ્ટ કરવામાં આવ્યો છે તેની માહિતી બંને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી માગવામાં આવી છે. બીજેપીના આઈટી સેલના વડા અમિત માલવિયાએ ૨૭ એપ્રિલે ફેસબુક પર તેલંગાણા કોંગ્રેસ દ્વારા શેર કરાયેલ આ નકલી વીડિયો પોસ્ટ કર્યો હતો. તેમણે કહ્યું કે તેલંગાણા કોંગ્રેસ સંપાદિત વીડિયો ફેલાવી રહી છે, જે સંપૂર્ણપણે નકલી છે. તેના કારણે મોટાપાયે હિંસા થવાની આશંકા છે. તેમણે વધુમાં કહ્યું કે આ ફેક વીડિયો ઘણા કોંગ્રેસના નેતાઓએ શેર કર્યો છે, હવે તેઓ કાયદાકીય કાર્યવાહી માટે તૈયાર રહે.

## જૂના વાહન સ્ક્રેપમાં આપનારને નવા વ્હીકલ ખરીદીમાં ૨૫% રોડ ટેક્ષ રાહત

### સ્ક્રેપ પોલીસી વધુ અસરકારક બનાવવા ૨૧ રાજયો એ ખાસ ટેક્ષ રાહત આપવા તૈયારી દર્શાવી

નવીદિલ્હી,

દેશમાં પર્યાવરણની દ્રષ્ટિએ સરકારે હવે અમલી બનાવેલી સ્ક્રેપ-પોલીસીમાં ગુજરાત સહિત દેશના ૨૧ રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોને સ્ક્રેપમાં અપાતા વાહન સામે નવા વાહનની ખરીદીમાં રાજયો જે વ્હીકલ ટેક્સ સહિતના વેરા ઉઘરાવે છે તેમાં રાહત આપવાની સંમતિ આપી છે. વ્યક્તિગત વપરાશના મોટર વાહનો જે આ સ્ક્રેપ પોલીસીની અંતર્ગત આવતા હોય અને જો તેને સ્ક્રેપમાં મોકલાય તો તેની સામે નવા વાહનની ખરીદીમાં રોડ ટેક્ષ વિ.માં ૨૫%નું ડિસ્કાઉન્ટ આપવા તૈયારી દર્શાવી છે. જો કે હજુ આ સ્ક્રેપ પોલીસી દેશમાં પ્રારંભીક રીતે ખાનગી વાહનોમાં ભાગ્યે જ અમલી બનાવી દીધી છે.

દેશમાં દિલ્હી એકમાત્ર એવું રાજય છે જયાં ૧૦ વર્ષ કે તેથી વધુ જૂના ડિઝલ અને ૧૫ વર્ષ કે તેથી વધુ જૂના પેટ્રોલ વાહનો આ સમય મર્યાદા બાદ આપોઆપ ડી-રજીસ્ટર થાય છે એટલે કે તેનું રજીસ્ટ્રેશન રદ થાય છે અને તે પછી માર્ગો પર દોડાવી શકાતા નથી. અત્યાર સુધીમાં ૭૦૦૦૦ વાહનો સ્ક્રેપ પોલીસી હેઠળ નોંધાય છે તેમાં મોટાભાગના સરકારી વાહનો છે.

જે ૨૧ રાજયોમાં સંમતી આપી છે તેમાં ગુજરાતનો સમાવેશ થાય છે જયારે અન્ય રાજયોમાં મહારાષ્ટ્ર, બિહાર, મધ્યપ્રદેશ, ઉતરપ્રદેશ, હરિયાણા, પંજાબ અને કેરળનો પણ સમાવેશ થાય છે.

## ૧ મે સુધી સાહિલખાનના રિમાન્ડ મંજુર

### મહાદેવ એપ કેસ મુંબઈ SITએ આરોપી ગણાવ્યો; જગદલપુરથી કરવામાં આવી ધરપકડ

મુંબઈ,

મહાદેવ એપ કેસમાં છત્તીસગઢના જગદલપુરથી ધરપકડ કરાયેલા એક્ટર સાહિલ ખાનને મુંબઈની કોર્ટે ૧ મે સુધી પોલીસ રિમાન્ડ પર મોકલી દીધો છે. સાહિલ ૪ દિવસ સુધી પોલીસ કસ્ટડીમાં રહેશે. મુંબઈ સાયબર સેલની SITએ મહાદેવ બેટિંગ એપ કેસમાં સાહિલની અટકાયત કરી હતી.મુંબઈમાં મેડિકલ તપાસ બાદ તેને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટમાં પોલીસે સાહિલ ખાનનું નામ મહાદેવ સટ્ટાબાજીની એપમાં આરોપી તરીકે જાહેર કર્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, સાહિલે સોશિયલ મીડિયા અને અન્ય પ્લેટફોર્મ પર આ એપનો પ્રચાર કર્યો હતો. સાહિલના વકીલના કહેવા પ્રમાણે, સાહિલ એક સેલિબ્રિટી છે, આમાં તેનો રોલ એકદમ સીમિત છે.

## કર્ણાટકમાં મોદીએ પીધુ માત્ર નારિયેળ પાણી

### વડાપ્રધાન માટે ભોજનની ૩૬ પ્રકારની ડીશ તૈયાર કરવામાં આવી હતી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કર્ણાટકના પ્રવાસે છે. તેમણે બેલાગાવીમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. સવારથી રાત સુધી રેલીઓ બાદ પીએમ મોદી હોટલ પહોંચ્યા. જે હોટલમાં તેઓ રોકાવાના હતા. ત્યાં તેના સ્વાગત માટે ઘણી તૈયારીઓ કરવામાં આવી હતી.

પીએમના ડિનર માટે ૩૬ પ્રકારની વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. દક્ષિણ ભારતીય ભોજન ઉપરાંત ઉત્તર ભારતીય ભોજન પણ રાંધવામાં આવ્યું હતું. પરંતુ પીએમએ કંઈ ખાધું નહોતું. તેઓએ માત્ર નાળિયેર પાણી પીધું અને સૂઈ ગયા હતા.

પીએમ મોદી જ્યારે બેલગાવી આવ્યા ત્યારે લોકો અને ભાજપના નેતાઓ ઉત્સાહ માં હતા. તેમને ખબર હતી કે પીએમ રવિવારે રાત્રે બેલાગઢીમાં રોકાશે. હોટેલમાં તૈયારીઓ કરવામાં આવી હતી. જ્યાં તેમના રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પીએમના રાત્રિ ભોજન માટે, ઉત્તર અને દરિયાકાંઠાના કર્ણાટકની વાનગીઓ સહિત ૩૬ પ્રકારની લોકપ્રિય વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી.

## રાજસ્થાનમાં ભારત-પાકિસ્તાન બોર્ડર પર જોરદાર વિસ્ફોટ....

### આકાશમાંથી પડ્યો અગનગોળો : કોઈએ ઉલ્કા પડ્યાનો દાવો કર્યો

બાડમેર

બાડમેર જિલ્લામાં ગઈકાલે મોડી રાત્રે આકાશમાંથી એક ચમકતી મશાલ જેવી વસ્તુ ધડાકા સાથે પડવાથી બાડમેર જિલ્લાના સરહદી વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. તે વિસ્તારના લોકો માટે કુતૂહલનો પણ વિષય બન્યો છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી તેને જોવાના દાવા કરવામાં આવી રહ્યા છે. બાડમેર, ધોરીમાન્ના, બાલોત્રામાં આ ઘટના જોવા મળી છે. પરંતુ હજુ સુધી આ વાતની પુષ્ટિ થઈ નથી. ઘણા લોકો આને ઉલ્કા કહી રહ્યા છે અને ઘણા લોકો તેને સામાન્ય ખગોળીય ઘટના કહી રહ્યા છે.



આ ખગોળીય ઘટના રવિવારે રાત્રે ભારત-પાકિસ્તાન બોર્ડર પાસે બાડમેરમાં બની હતી. દાવો કરવામાં આવી રહ્યો છે કે ઉલ્કાના પડવાના કારણે સરહદી વિસ્તારમાં જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો. સ્થાનિક લોકોનું કહેવું છે કે રાત્રે ૯ વાગ્યાની આસપાસ બોમ્બ વિસ્ફોટ જેવો અવાજ સંભળાયો હતો. જો કે, પોલીસ પ્રશાસને હજુ સુધી ઉલ્કાપિંડ કે વિસ્ફોટ જોવાની પુષ્ટિ કરી નથી.

## છત્તીસગઢમાં માર્ગ અકસ્માતમાં ત્રણ બાળકો સહિત ૯ના મોત



### જીવલેણ માર્ગ અકસ્માતમાં ૨૩ લોકો ઘાયલ : ૪ લોકોની સ્થિતિ અતિ ગંભીર

બેમેતારા,

છત્તીસગઢના બેમેતારામાં ગંભીર માર્ગ અકસ્માત થયો છે, આ દુર્ઘટનામાં ૯ લોકોના મોત થયા છે. મૃતકોમાં ૬ મહિલાઓ અને ૩ બાળકોનો સમાવેશ થાય છે.

આ અકસ્માત બેમેતારા પોલીસ સ્ટેશન વિસ્તારના ગામ કાઠિયા પેટ્રોલ પંપ પાસે થયો હતો. રસ્તાની બાજુમાં એક મઝદા કાર ઉભી હતી, જેને લોકોથી ભરેલા પીકઅપે ટક્કર મારી હતી. તમામ લોકો એક પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપીને તિરૈયા ગામથી તેમના ગામ પથર્રા પરત ફરી રહ્યા હતા. આ માર્ગ અકસ્માતમાં ૨૩ લોકો ઘાયલ થયાના અહેવાલ સામે આવ્યા છે. ૪ લોકોની સ્થિતી અત્યંત ગંભીર છે, જેમને રાયપુર એઈમ્સમાં રીફર કરવામાં આવ્યા છે. બાકીના ઘાયલોને જિલ્લા હોસ્પિટલ,બેમેતારા અને સિમગાના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપવામાં આવી રહી છે.

## ઈડીની ઓફિસ પર CISFને તૈનાત કરવામાં આવશે

### ઈડી પર વધતા જોખમને લઈ ગૃહ મંત્રાલયે લીધો નિર્ણય

નવીદિલ્હી,

છેલ્લા કેટલાક દિવસોમાં ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) ઓફિસ અને તેના અધિકારીઓ પર વધી રહેલા જોખમને ધ્યાનમાં રાખી અને IBના રિપોર્ટના આધારે ગૃહ મંત્રાલયે મહત્વનો નિર્ણય લીધો છે. અધિકારીઓ અને ઈડીની ઓફિસ પર સતત વધી રહેલા હુમલા અને ધમકીઓને ધ્યાનમાં રાખીને CISF ને તૈનાત કરવામાં આવશે.

ગૃહ મંત્રાલય સાથે જોડાયેલા સૂત્રોએ જણાવ્યું હતું કે, ઈડીની સતત વધી રહેલી ગતિવિધિઓ અને ટીમને થતા જોખમને ધ્યાનમાં રાખીને, CISFને દેશભરમાં આવેલા EDના બધા કાર્યાલયોમાં નિયમિતપણે તૈનાત કરવામાં આવશે. પ્રથમ પોસ્ટિંગ ED ઓફિસોમાં કરવામાં આવશે.

# આવી રીતે ઝડપાયું ૬૦૦ કરોડનું ડ્રગ્સ

## ટીમ ૪ દિવસ સુધી દરિયામાં રહી, ફાયરિંગ થયું : ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજો અને એર ક્રાફટને મિશન માટે કામે લગાવાયા હતા




પોરબંદર

પોરબંદર નજીક આંતર રાષ્ટ્રીય બોર્ડર પરથી એટીએસ અને નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરોના સંયુક્ત ઓપરેશનમાં ૯૦ કિલો જેટલો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો છે. ડ્રગ્સના જથ્થા સાથે ૧૪ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ડ્રગ્સના આ જથ્થાની કિમત અંદાજે ૬૦૦ કરોડ થવા જાય છે

ઓપરેશનને સફળ કરવા માટે ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજો અને એર ક્રાફટ મિશન પર તૈનાત કરવામાં આવ્યા હતા. ICG જહાજ રાજરતન, જેમાં NCB અને ATS અધિકારીઓ હતા, તેમણે શંકાસ્પદ બોટની ઓળખ કરી હતી. ડ્રગથી ભરેલી બોટ દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી કોઈપણ પ્રકારની છટકબારી કોસ્ટ ગાર્ડના જહાજ રાજરતનને લીધે થઈ શકી નથી.અને ટ્રેપ સફળ થઈ હતી. જહાજની નિષ્ણાત ટીમે શંકાસ્પદ બોટ પર સવારી કરી અને સંપૂર્ણ તપાસ કર્યા પછી, મોટી માત્રામાં માદક દ્રવ્યોની હાજરીની પુષ્ટિ કરી હતી.

ડીજીપી વિકાસ સહાય દ્વારા આ સમગ્ર ઓપરેશનની માહીતી આપતી પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. આ પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું કે ૨૧ તારીખે કે.કે.પટેલને માહિતી મળી હતી કે હાજી અસલમ ઉર્ફે બાબુ બલોચ પાકિસ્તાનથી ડ્રગ્સ મોકલવાનો છે. આ ડ્રગ્સ તમિલનાડુથી દરિયાઇ માર્ગે જશે તેવી બાતમી મળી હતી. જે બાદ ઓપરેશન માટે ખાસ ટીમ બનાવાઇ હતી. આ ટીમ ૪ દિવસ સુધી દરિયામાં રહી હતી.. આ દરમ્યાન પાકિસ્તાનની અલ રઝા નામની બોટ ૨૬ એપ્રિલે લોકેટ કરવામાં આવી હતી. આરોપીઓ પકડાયા ત્યારે તેઓ ડ્રગ્સનો જથ્થો દરિયામાં ફેંકવા લાગ્યા હતા. જે દરમ્યાન ઈન્ડિયન કોસ્ટગાર્ડે ફાયરિંગ કર્યુ હતું.

# NRIની ૧૦૦ કાર સાથે રેલીને પ્રસ્થાન



અમદાવાદ

ભાજપના સમર્થનમાં વિદેશમાં વસતા ભારતીયો પ્રચાર માટે ગુજરાતમાં આવ્યા છે. ૨૧ અલગ-અલગ દેશના વિદેશી નાગરિકો દ્વારા અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટથી ભાજપના પ્રચાર માટે કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર રેલી અમદાવાદથી શરૂ થઈ છે, જે અલગ-અલગ ૧૧ લોકસભાના વિસ્તારમાં ફરીને નવસારી પહોંચશે.

૨૮ એપ્રિલે ભાજપના વિદેશ વિભાગ દ્વારા એક કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર રેલીમાં મૂળ ભારતીય પરંતુ વિદેશમાં વસતા હોય તેવા નાગરિકો અમદાવાદ આવ્યા હતા. અલગ-અલગ ૨૧ દેશના નાગરિકો દ્વારા પોતાના દેશના અને ભારતના ધ્વજ ગાડી પર લગાવીને કાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ કાર પર NRI 4 MODI અને NRG 4 MODIના સ્ટીકર પણ લગાવેલા હતા. મંત્રી જગદીશ પંચાલ અને પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા ફ્લેગ ઓફ કરીને કાર રેલીની શરૂ કરવામાં આવી હતી.

# સુરત આવેલા રણબીર કપૂરને જોવા માટે થઈ પડાપડી : ધક્કામુક્કીમાં ૨૦ લોકો ઈજાગ્રસ્ત







સુરત,

બોલિવુડ અભિનેતા રણબીર કપૂર સુરતની મુલાકાતે આવ્યા હતા. એક ખાનગી કાર્યક્રમમાં આવી પહોંચેલા રણબીર કપૂરને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. ત્યારે આ સમયે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. રણબીર કપૂરની એક ઝલક જોવા માટે ટોળામાં ધક્કામુક્કીથઈ હતી. લોખંડના બેરિકેડિંગ તૂટ્યા હતા અને લોકો એકની ઉપર એક પડ્યા હતા. જેમાં ૨૦ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જોકે કોઈ જાનહાનિ થઈ ન હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગઈકાલે બોલિવુડ સ્ટાર રણબીર કપૂર સુરત શહેરના મહેમાન બન્યા હતા. અડાજણ વિસ્તારના એક જ્વેલરી શોરૂમના ઉદઘાટનમાં રણબીર કપૂર આવી પહોંચ્યા હતા.

# નર્મદા કલેક્ટર ઓફિસનો રોયલ્ટી ઈન્સ્પેક્ટર લાંચ લેતા ઝડપાયો

નર્મદા,

નર્મદા જીલ્લામાં રેતીનો ધંધો કરતા એક વેપારીને રોયલ્ટી વગરની ટ્રક ખનીજના ગોડાઉનમાં કીશ તો દંડ થશે કહીને તેની પાસેથી રૂ.૬૦,૦૦૦ ની લાંચ લેતા ભૂસ્તર વિત્જ્ઞાન અને ખનીજ ખાતુ, કલેક્ટર કચેરી નર્મદા ખાતે ફરજ બજાવતા રોયલ્ટી ઈન્સ્પેટર અને એક હોટેલ મેનેજરની એસીબીએ ધરપકડ કરી છે.એન્ટી કરપ્શન બ્યુરો(એસીબી)ના અધિકારીઓ આ કેસમાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર દિપકકુમાર એસ.સાંવરીયા તથા નર્મદા જીલ્લામાં રહેતા વી.આર.હોટેલના મેનેજર કામીયાબઅલી એમ.સેલીયાને લાંચ લેતા ઝડપી લીધા હતા.

આ બનાવની વિગત મુજબ આ કેસના ફરિયાદી રેતીનો ધંધો કરે છે. ટાટાની ટ્રકમાં પોઈચા નર્મદા કાંઠેથી રેતી ભરીને ઓર્ડર મુજબ રાજપીપળામાં ધંધો કરતો હતો. બીજીતરફ આરોપી રોયલ્ટી ઈન્સ્પેક્ટર દિપકકુમારે ખાણ ખનીજ વિભાગ નર્મદાના ઓન જીઓ માઈન એપ્લિકેશનને આધારે ફરિયાદીની ટાટા ટ્રકનો નંબર શોધી કાઢ્યો હતો.

# લીંબડીના ક્ષત્રીય આગેવાનો સાથે ભાજપ પ્રેરિત સ્નેહમિલન



**લીંબડી ખાતે સ્વ.જીતુભા કેશરીસિંહજી રાણા પરીવાર દ્વારા લીંબડી વિધાનસભાના ક્ષત્રીય આગેવાનો સાથે ભાજપ પ્રેરિત સ્નેહમિલન યોજવામાં આવ્યુ.પુર્વ કેબીનેટમંત્રી અને ધારાસભ્યકિરીટસિંહ રાણા જિલ્લા ભાજપ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણની અધ્યક્ષતામાં યોજાયેલ ક્ષત્રીય સ્નેહમિલન કાર્યક્રમમાં અંદાજે ૨૫૦૦ જેટલા લીંબડી વિધાન સભાના ક્ષત્રીયો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કિરીટસિંહ રાણા તથા હિતેન્દ્રસિંહ ચૌહાણ દ્વારા સમાજના આગેવાનોને ભારતીય જનતા પાર્ટીના સમાજ માટેના યોગદાન તથા ક્ષત્રીય સમાજ દ્વારા ભારતીય જનતા પાર્ટીને ૧૯૮૦ થી લઈને પાર્ટીના અત્યાર સુધી સફરને યાદ કરી હતી.**

# ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે કોલેજના વિદ્યાર્થીઓ માટે ૨૦૨૪-૨૫નું એકેડેમિક કેલેન્ડર જાહેર કર્યુ



અમદાવાદ,

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે કોલેજના વિદ્યાર્થીઓ માટે ૨૦૨૪-૨૫નું એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું છે. આ કેલેન્ડર મેડિકલ અને ફાર્મસીના વિદ્યાર્થીઓને લાગુ પડતું નથી. આમ અમદાવાદમાં કોલેજોનું વેકેશન ૯ મેથી ૨૩ જુન રહેશે. ઉનાળુ વેકેશન ૯ મે થી ૨૩ જૂન સુધી રહેશે. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે પ્રથમ સેમેસ્ટર ૨૬ જૂનથી શરૂ થશે. પ્રથમ ટર્મ ૨૪ જૂનથી શરૂ થઈને ૧૪ ડિસેમ્બરે સમાપ્ત થશે ૧૨૪ દિવસની રહેશે. બીજી ટર્મ ૧૦૬ દિવસની રહેશે. ૧૬ ડિસેમ્બરથી શરૂ થશે અને ૨૮ એપ્રિલે સમાપ્ત થશે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં સ્કૂલોનું વેકેશન ૭ જૂનથી શરૂ થશે અને ૯ જુન સુધી ચાલશે.

# સાઈબર ગુનેગારોનું અનોખું તરકટ વેપારી પાસેથી ૨.૧૦ કરોડ પડાવ્યા



અમદાવાદ

અમદાવાદમાં નવરંગપુરાના વેપારી પાસે અનોખી રીતે સાઈબર ગુનેગારોએ ૨.૧૦ કરોડની છેતરપિંડી આચરી છે. તેઓએ નવાબ મલિકના મની લોન્ડરિંગ કેસમાં સંડોવાયેલા હોવાનું જણાવીને અને તેમણે તાઈવાન મોકલેલા પાર્સલમાંથી એમડી ડ્રગ્સ મળ્યું હોવાનું કહી ધરપકડની ધમકી આપી ૨.૧૦ કરોડની છેતરપિંડી આચરી હતી.વેપારીને ગુનેગારોએ સાઈબર સેલના ડીસીપી, મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના આઈપીએસ અને પીઆઈના નામે વાત કરી હતી. તેઓને એનસીપીના નેતા અને મની લોન્ડરિંગ કેસના આરોપી નવાબ મલિક સાથે સંબંધ રાખો છો અને તમે તાઈવાન મોકલેલા પાર્સલમાંથી એમડી ડ્રગ્સ મળ્યું છે તેમ કહી ધરપકડની ધમકી આપી હતી. વેપારી મિનેશકુમાર એન્જિનિયરે ગાંધીનગર સીઆઈડી સાઈબર ક્રાઈમ સેલમાં ફોન પર ખોટી રીતે મુંબઈ ક્રાઈમ બ્રાંચના અધિકારી તરીકેની ઓળખ આપી હતી. તેની સાથે મની લોન્ડરિંગ કેસના આરોપી સાથે નવાબ મલિક સાથે સંબંધ રાખો છો તેમ કહી તેમને રીતસરના ધમકાવ્યા હતા. મીનેશકુમાર મશીનરીનું ટેસ્ટિંગ અને સર્ટિફિકેટ આપવાનો બિઝનેસ કરે છે. તેમને ઉપરોક્ત બાબતો અંગે જણાવીને ધમકી આપી હતી કે તમને આ કેસના ગુનામાં આ જીવન કેદની સજા થઈ શકે છે. તેનાથી બચવું હોય તો આટલા રૂપિયા આપી દો. આમ કહીને તેમણે પ્લે સ્ટોરમાંથી એપ ડાઉનલોડ કરાવી હતી.

# એક નહીં ૧૦૦૦ વાર માફી માગવી પડે તો પણ માગીએ છીએ: હર્ષ સંઘવી



ગાંધીનગર

ગુજરાતના ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ, ભાજપના પ્રદેશ મહામંત્રી સાથે વિવિધ જિલ્લાઓના ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક યોજ્યા બાદ, આજે સુરતમાં ક્ષત્રિય રુપાલા વિવાદ મુદ્દે બોલ્યા હતા. હર્ષ સંઘવીએ કહ્યું કે, રૂપાલાનું નિવેદન ભૂલ છે. આ માટે એક વાર નહીં ૧૦૦૦ વાર માફી માગવી પડે તો પણ માગીશુ. ક્ષત્રિય સમાજને અપિલ કરતા ગૃહ પ્રધાન હર્ષ સંઘવીએ કહ્યું કે, હુ રુપાલા વતી ક્ષત્રિય સમાજની માફી માગુ છુ. અમારા પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ દ્વારા પણ માફી માગવામાં આવી છે. રુપાલા દ્વારા પણ માફી માગવામાં આવી છે. ભારતીય જનતા પાર્ટી અને ક્ષત્રિય સમાજ એક સિક્કાની બે બાજુ છે. સમાજે માફી આપવી જોઈએ. અમે હંમેશા કહ્યું છે કે, આ ભૂલ થઈ છે અને કહ્યું છે કે અમને માફી આપો.

હર્ષ સંઘવીએ કહ્યું કે, સમાજના નામે રાજનીતિ ક્યારેય ના થવી જોઈએ. શક્તિસિંહ ગોહિલને હું વિનંતી કરું છું કે આ પ્રકારે રાજકીય નિવેદન કરવું યોગ્ય નથી. ચૂંટણીઓ તો આવતી રહેશે. હું હાથ જોડીને વિનંતી કરું છું કે, સમાજની રાજનીતિ ક્યારેય ન હોવી જોઈએ. અમે ક્ષત્રિય સમાજને મનાવવા પ્રયાસ કરીએ છીએ અને પ્રયાસ કરતા રહીશું ૧૦૦૦ વાર પણ માફી માગીશું.

# કાળા ઝંડા લહેરાવીને વિરોધ કરવા પર પ્રતિબંધનો મામલો પહોંચ્યો હાઈકોર્ટમાં

અમદાવાદ,

અમદાવાદ શહેર પોલીસ કમિશનરે ૭ મે સુધી કાળા ઝંડા ફરકાવી વિરોધ પ્રદર્શન પર પ્રતિબંધ ફરમાવતો પરિપત્ર બહાર પાડ્યો છે. પરંતુ પોલીસ કમિશનરના પરિપત્ર સામે ક્ષત્રિય સમાજના આગેવાન અર્જુનસિંહ ગોહિલે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે. આ સંદર્ભમાં સુનાવણીની તારીખ ૧૬મી મે હોવાથી વહેલી સુનાવણી માટે વિનંતી કરવામાં આવી હતી. હાઈકોર્ટે અરજદારને કહ્યું કે, કોમ્પ્યુટર સમજતું નથી કે તમારી અરજી અર્જન્ટ છે. તમે તાત્કાલિક સુનાવણી માટે અરજી કરો.

હકીકતમાં, ક્ષત્રિય સમાજના નેતા અર્જુનસિંહ ગોહિલની અરજી ૨૨ એપ્રિલે હાઈકોર્ટમાં નોંધાઈ હતી અને ૨૩ એપ્રિલના રોજ સિંગલ બેંચ સમક્ષ હતી. જે બાદ રજિસ્ટ્રીને આ અરજીને સક્ષમ બેંચ સમક્ષ મૂકવા માટે કહેવામાં આવ્યું હતું. આ સંદર્ભમાં, અરજદારના વકીલે ચીફ જસ્ટિસની બેંચને અપીલ કરી હતી અને કહ્યું હતું કે આ અરજી પર સુનાવણીની તારીખ ૧૬ મે આપવામાં આવી રહી છે. ચૂંટણી પૂરી થયા પછી આ સુનાવણીનો કોઈ અર્થ રહેશે નહીં.

હાઈકોર્ટે અરજદારના એડવોકેટને કહ્યું કે, ૧૬ મે એ સિસ્ટમ જનરેટેડ તારીખ છે. તમે તાત્કાલિક સુનાવણી માટે અપીલ કરો છો. કમ્પ્યુટર સમજી શકતું નથી કે તમારી અરજી તાકીદની છે. જે બાદ અરજીકર્તાએ સોમવારે તાત્કાલિક સુનાવણીની માગ કરી છે.

હકીકતમાં, ગુજરાતની રાજકોટ લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજમાં ગુસ્સો યથાવત છે. જેના કારણે અનેક જિલ્લાઓમાં ભાજપના ઉમેદવારોનો વિરોધ થઈ રહ્યો છે. આવા સંજોગોમાં અમદાવાદ શહેર પોલીસ કમિશનરે લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ રીતે યોજાય અને મતદારો ભયમુક્ત સ્થિતિમાં મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે જાહેર સભાઓ અને રેલીઓમાં પ્રચાર દરમિયાન જાળવવા આદેશ કર્યો છે.

# પોલીસ સ્ટેશનના એએસઆઈને લાંચના કેસમાં એક વર્ષની સજા

મહેસાણા,

મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા આસિસ્ટંટ સબ ઈન્સ્પેક્ટર (એએસઆઈ) મહેન્દ્રભારથી એસ.બાવાને લાંચના એક કેસમાં કોર્ટે એક વર્ષની સજા, એક હજારનો દંડ અને દંડ નભરે તો ૧૫ દિવસની કેદની સજા ફટકારી હતી. એએસઆઈએ એક ટ્રક ડ્રાઈવરની ટ્રક મોટર વ્હિકલ એક્ટ (એમવી એક્ટ) હેઠળ કબજે લીધી હતી. બાદમાં ફરિયાદીની ટ્રકના ડ્રાઈવર અને ટ્રક છોડાવવા માટે રૂ.૧૦,૦૦૦ ની લાંચની માંગણી કરી હતી. રકઝકના અંતે તે સમયે ફરિયાદી પાસેથી એએસઆઈએ રૂ.૧,૦૦૦ લીધા હતા અને બીજા રૂ.૧,૦૦૦ બાદમાં આપવા જણાવ્યું હતું. જેમાં ફરિયાદીએ મહેસાણા એસીબીમાં ફરિયાદ નોંધાવતા એસીબીના અધિકારીઓએ જાળ બિછાવીને એએસઆઈ મહેન્દ્રભારથી બાવાની રૂ.૧,૦૦૦ ની લાંચ લેતા ધરપકડ કરી હતી. બાદમાં આ ગુના સંદર્ભે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. આ અંગે મહેસાણા એડિશનલ સેસન્સ કોર્ટમાં આ કેસ ચાલ્યો હતો. અંતે કોર્ટે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆ મહેન્દ્રભારથી બાવાને એક વર્ષની સાદી કેદની સજા અને ૧,૦૦૦ રૂ.નો દંડ તથા દંડ ન ભરે તો ૧૫ દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો.

# પાટીલને પરિણામની ખબર પડી ગઈ છે, તેથી હવે પાંચ લાખની લીડની વાત નથી કરતા : ભરતસિંહ

પાટણ,

લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનુ મતદાન ૭ મેના રોજ થવાનું છે. છતા પરશોત્તમ રુપાલાએ કરેલી વિવાદીત ટીપ્પણીના વિરોધ યથાવત છે. ત્યારે પાટણમાં કોંગ્રેસ નેતાઓની આગેવાનીમાં ક્ષત્રિય અસ્મિતા સંમેલન યોજાયું. જેમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ હાજર રહ્યા સાથે જ ક્ષત્રિય સમાજના લોકો પણ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

આ કાર્યક્રમને સંબોધતા કોંગ્રેસના દિગ્ગજોએ ભાજપ ગંભીર આક્ષેપો સાથે આકરા પ્રહાર કર્યા. જેમાં ભરતસિંહે પાટીલને આડે હાથ લીધા તો જગદીશ ઠાકોરે ભાજપ પર સમાજ વચ્ચે વિખવાદ ઉભો કરવાના ગંભીર આક્ષેપ કર્યા. પાટણ કોંગ્રેસે ચંદનજીને મેદાને ઉતાર્યા છે. ત્યારે ક્ષત્રિય અસ્મિતા સંમેલનમાં તેઓએ ક્ષત્રિય સમાજને ભાવૂક થઈ પાઘડીની લાજ જાળવી રાખવા માટે ક્ષત્રિય સમાજને વિનંતી કરી.

# નાના-મોટા વિવાદો ભૂલી દેશના વ્યાપક હિતમાં વિચારે ક્ષત્રિય સમાજ

## પ્રદીપસિંહ વાઘેલાએ ક્ષત્રિય સમાજને લખ્યો અપીલ કરતો પત્ર

ગાંધીનગર

પરશોત્તમ રૂપાલા વિવાદમાં હવે ક્ષત્રિય સમાજે ભાજપનો ઉગ્ર વિરોધ કર્યો છે. ક્ષત્રિય સમાજના આ વિરોધને શાંત પાડવા ભાજપના ક્ષત્રિય નેતાઓએ પ્રયાસો ચાલુ કર્યા છે. ગુજરાત ભાજપ સંગઠનમાં મોટું નામ ધરાવતા ક્ષત્રિય નેતા પ્રદીપસિંહ વાઘેલાએ ક્ષત્રિય સમાજને અપીલ કરતો પત્ર લખ્યો છે અને વિનંતી કરી છે કે પ્રખર રાષ્ટ્રભક્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સમર્થન આપવું એ આપણી નૈતિક જવાબદારી છે. અત્યારે આપણે એ વિચારવાની જરૂર છે કે આપણે કોના સંતાનો છીએ? આપણા પૂર્વજો કોણ હતા? આપણે કેવી ભવ્ય પરંપરાના વારસદાર છીએ? ઈતિહાસ સાક્ષી છે કે આ દેશને જોડવા માટે, દેશની એકતાને અખંડિત રાખવા માટે આપણા પૂર્વજોએ દોમ- દોમ સાહ્યબીથી છલકાતા રજવાડા ભારતમાતાને ચરણે અર્પણ કરી આ ભવ્ય ભારતના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

આપણા ઈતિહાસમાંથી આપણને એક જ શીખ મળે છે કે સાચો ક્ષત્રિય કોઈ 'વાદ'-'વિવાદ'માં માનતો નથી. ક્ષત્રિયોને માટે તો એક જ વાદ, અને એ આપણો 'રાષ્ટ્રવાદ'. આપણા માટે એક જ મંત્ર છે- એ છે 'રાષ્ટ્ર પ્રથમ'નો મંત્ર. આપણે સૌએ એ વિચાર કરવાની જરૂર છે કે અત્યારે આ દેશને કોની જરૂર છે?

# ભૂપેન્દ્ર પટેલે યુવાઓને અભિનંદન સાથે ઉજ્જવળ ભાવિ કારકિર્દીની શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર,

સ્પીપામાંથી અત્યાર સુધીમાં ૨૮૫ ઉમેદવારો યુ.પી.એસ.સી સિવિલ સર્વિસીસ પરીક્ષામાં પાસ થઈ અંતિમ પસંદગી પામ્યા છે, આ વર્ષે સૌથી વધુ ૨૫ ઉમેદવારો પસંદ થયા. ગુજરાતના યુવાનો યુનિયન પબ્લિક સર્વિસ કમિશન-યુપીએસસી દ્વારા લેવામાં આવતી IAS, IPS, IFS સહિતની વિવિધ અખિલ ભારતીય સેવાઓની પરીક્ષામાં ઉજ્જવળ દેખાવ કરીને આ ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડતર કરી શકે તે માટે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા (સ્પીપા) કાર્યરત છે.

આ વર્ષે યુપીએસસી સિવિલ સર્વીસીસ પરીક્ષા-૨૦૨૩માં સ્પીપાના ૨૫ ઉમેદવારોએ જ્વલંત સફળતા મેળવી છે.

આ ઉમેદવારો સિવિલ સર્વિસીસની IAS, IPS, IFS જેવી વિવિધ સેવાઓમાં અંતિમ પસંદગી પામ્યા છે. શનિવાર ૨૭ એપ્રિલે સ્પીપાના આ સફળ ઉમેદવારોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી .

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પસંદગી પામેલા આ યુવાઓને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવવા સાથે ઉજ્જવળ ભાવિ કારકિર્દીની શુભેચ્છાઓ પણ આપી હતી. તેમણે આ યુવાઓને તાલીમ બાદ જ્યારે તેઓ સેવામાં જોડાય ત્યારે ગરીબ વંચિત અને નાનામાં નાના માનવીના કલ્યાણ ના ધ્યેય સાથે સેવારત રહેવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્મંત્રીના અધિક મુખ્ય સચિવશ્રી પંકજ જોષી અને સ્પિપાના ડાયરેક્ટર જનરલ મહોમ્મદ શાહિદ ઉપસ્થિત રહ્યા હતા.

સ્પીપા ખાતે યુપીએસસી સ્ટડી સેન્ટર ૧૯૯૨થી કાર્યરત છે ત્યારથી લઈને અત્યાર સુધીમાં કુલ ૨૮૫ ઉમેદવારો યુપીએસસી સિવિલ સર્વિસીસની પરીક્ષામાં અંતિમ પસંદગી પામ્યા છે. જેમાં આ વર્ષે સૌથી વધુ એટલે કે ૨૫ ઉમેદવારો પસંદ થયા છે.

# જામનગરમાં વડાપ્રધાનના આગમન પૂર્વે સભા સ્થળનું નિરીક્ષણ કરતા અધિકારીઓ અને પદાધિકારીઓ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા. બી જી મેના રોજ જામનગરમાં આવનાર હોય જેને લઈ અધિકારી અને પદાધિકારીઓ દ્વારા સભાસ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. લોકસભાની ચૂંટણીમાં પ્રચાર પ્રસારનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે જામનગરના ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમના સમર્થન માટે જાહેર સભાને સંબોધન કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા.૨ મે ના રોજ જામનગર આવી રહ્યા છે. તેઓ સાંજે ૫ વાગે શહેરના પ્રદર્શન ગ્રાઉન્ડમાં સભાને સંબોધન કરશે. ત્યારે તેમના આગામનને અનુલક્ષીને ગત શનિવારે ધારાસભ્ય દિવ્યેશ અકબરી, શહેર ભાજપ પ્રમુખ ડો.વિમલ કગથરા, રાજકોટ રેન્જના આઈ જી આશોક યાદવ, જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુંએ સુરક્ષાના ભાગરૂપે સભા સ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

# કલ્યાણપુરના બાંકોડી વાડી વિસ્તારમાં બે શ્રમિકો દટાઈ જતા રેસ્ક્યુ કરી બહાર કઢાયા



જામનગર : દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના બાંકોડી ગામે વાડી વિસ્તારમાં ગત્ શનિવારે કૂવો ગાળવાની કામગીરી દરમ્યાન પથ્થર નીચે બે શ્રમિકો દબાઈ ગયા હતા. જે બન્નેને રેસ્ક્યુ કરી બહાર કાઢયા હતા. આ બનાવ વખતે ૧૦૮ એમ્બયુલન્સની ટીમ દ્વારા સારવાર માટે કલ્યાણપુરના સીએમસી ખાતે લઈ જવાયા હતા.

આ બનાવની વિગત એવી છે કે, કલ્યાણપુર પંથક નજીક બાંકોડીના વાડી વિસ્તારમાં શનિવારે કૂવો ગાળવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે બપોરે અચાનક મહાકાય પથ્થરો માથ પડતાં બે શ્રમિકો અંદર દબાઈ ગયા હતા. આ બનાવના પગલે ભારે અફડાતફડી મચી ગઈ હતી. આ દુર્ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બયુલન્સ ઉપરાંત અન્ય રેસ્ક્યુ ટીમો દોડી ગઈ હતી. જે દરમ્યાન ભારે જહેમત બાદ બંને શ્રમિકને બહાર કાઢવામાં આવ્યા હતા. જેમાં એકન પગના ભાગે અને બીજાને શરીરે ઈજા થયાનું જાણવા મળ્યું હતું.

આ બન્ને ઈજાગ્રસ્તોને જરૂરી પ્રાથમિક સારવાર બાદ કલ્યાણપુર સામૂહિક આરોગય કેન્દ્ર ખાતે ખસેડાયા હતા. આ બનાવના પગલે ક્ષણિક દોડધામ મચી જવા પામી હતી.

# ભરૂચ ખાતે બાઈક ચોરી પ્રકરણમાં ખંભાળિયાનો શખ્સ ઝડપાયો



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને એલસીબી પોલીસ દ્વારા હાથ ધારવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન એલ.સી.બી.ના એ.એસ.આઈ. સજુભા જાડેજા, અજીતભાઈ બારોટ તથા જેસલસિંહ જાડેજા અને ડાડુભાઈ જોગલને મળેલી ચોક્કસ બાતમીના આધારે ખંભાળિયા નજીક આવેલા વાડીનાર વિસ્તારમાંથી પસાર થતા ફિરોજ અનવર સુંભણીયા નામના ૩૦ વર્ષના મુસ્લિમ વાઘેર શખ્સને પોલીસે ઝડપી લઈ અને પૂછપરછ કરતા ઉપરોક્ત શખ્સ દ્વારા ભરૂચના જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી થોડા સમય પૂર્વે રૂ. ૧૫,૦૦૦ ની કિંમતનું કાળા કલરનું હીરો સ્પ્લેન્ડર મોટરસાયકલ ચોરી કર્યાની કબુલાત આપી હતી.

આથી પોલીસે એક મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૨૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે આરોપી ફિરોજ સુંભણીયાની અટકાયત કરી અને આ શખ્સનો કબજો ઝઘડિયા પોલીસને સોંપવાની કાર્યવાહી કરી હતી.

એલ.સી.બી. પી.આઈ. કે. કે. ગોહિલના વડપણ હેઠળ પોલીસ દ્વારા તેની આગવી ઢબે પૂછપરછ કરવામાં આવતા તેણે આશરે બે વર્ષ પૂર્વે જામનગર જિલ્લાના મોટી ખાવડી નજીક આવેલા રિલાયન્સ મોલ નજીકની એક દુકાનમાં રાખેલા ચાર નંગ મોબાઈલ ફોનની તેમજ મેઘપર ગામેથી એક દુકાનમાંથી રૂપિયા ૧૫ હજારની રોકડ રકમની તથા રિલાયન્સ કંપનીના ગેઈટ પાસેથી એક-એક મહિનાના અંતરે બે મોટરસાયકલ ચોરી કર્યાની પણ કબુલાત આપી હતી. આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ.દેવમુરારી, એસ.વી. કાંબલીયા, વિપુલભાઈ ડાંગર, સજુભા જાડેજા, અજીતભાઈ બારોટ, ડાડુભાઈ જોગલ, જેસલસિંહ જાડેજા, ગોવિંદભાઈ કરમુર, સચિનભાઈ નકુમ તથા ક્રિપાલસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગર શહેરમાં ઉપવાસ પર બેસેલ ક્ષત્રિયાણીઓને પારણા કરાવતા જિજ્ઞેશ મેવાણી


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર આવેલા કોંગ્રેસના નેતા જિજ્ઞેશ મેવાણીએ ભાજપ સરકાર સંવિધાન વિરોધી હોવાનો આક્ષેપ કર્યા હતા. તેમણે રૂપાલાના વિરોધમાં ઉપવાસ પર બેસેલી ક્ષત્રિય મહિલાઓને પારણાં કરાવ્યા હતા. જો કે, ઉપવાસ – આંદોલન ચાલુ રહેશે તેમ મહિલાઓએ જણાવ્યું હતું.

જામનગરના લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવારના સમર્થનમાં કોંગી નેતા જિજ્ઞેશ મેવાણી શનિવારે જામનગર આવ્યા હતા. તેમણે લાલ બંગલા સર્કલ બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કર્યા બાદ રાજપૂત સમાજ પાસે રૂપાલાના વિરોધમાં ઉપવાસ પર બેસેલા બહેનોને પાણી પીવડાવ્યું હતું. ત્યારબાદ ઓશવાળ સેન્ટરમાં સભા સંબોધી હતી. તેમાં તેમણે કેન્દ્રની ભાજપ સરકાર બંધારણ, ઓબીસી, એસસી અને આદિવાસી જ્ઞાતિની વિરોધી હોવાનો આક્ષેપ કરી ફક્ત કંપનીઓને પ્રોત્સાહન આપતી હોવાનું જણાવ્યું હતું.

# પેરોલ જમ્પ કરીને એક વર્ષથી નાસી છૂટેલા પાકા કામના આરોપીને રાવલ ગામેથી ઝડપી લેવાયો



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ એલ.સી.બી. પોલીસ દ્વારા ચૂંટણીને અનુલક્ષીને હાથ ધરવામાં આવેલી નાસતા ફરતા આરોપીઓ અંગેની કાર્યવાહીમાં એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલ દ્વારા જિલ્લામાંથી આવા આરોપીઓને ઝડપી લેવા માટે ચોક્કસ ટીમ બનાવી અને ટેકનિકલ તથા હ્યુમન સોર્સિસની મદદથી વર્કઆઉટ કરી, કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ અંતર્ગત દ્વારકામાં ચોક્કસ ગુનાના આરોપી એવા કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે રહેતા રમેશ ભીખુભાઈ કાગડિયા નામના ૩૬ વર્ષના શખ્સને અદાલતે ૨૦ વર્ષની સજાનો હુકમ કર્યો હતો. આ આરોપી રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી તરીકે સજા ભોગવી રહ્યો હતો. સજા દરમિયાન ઉપરોક્ત શખ્સએ હાઈકોર્ટમાંથી ગત તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ ૧૫ દિવસની પેરોલ રજૂ રજા મંજૂર કરાવી અને તારીખ ૪ માર્ચ ૨૦૨૩ ના રોજ ઉપર જેલ મુક્ત થયો હતો. આ અંગેનો સમયગાળો તારીખ ૨૦ માર્ચ ૨૦૨૩ ના રોજ પૂર્ણ થઈ ગયો હોવા છતાં પણ આરોપી રમેશ ભીખુ કાગડિયા જેલમાં પરત હાજર થયો ન હતો. જેને અનુલક્ષીને સ્થાનિક ગુના શોધક શાખાના એ.એસ.આઈ. અરજણભાઈ ચંદ્રવાડીયા, અરજણભાઈ મારુ તથા ડાડુભાઈ જોગલને મળેલી ચોક્કસ બાતમીના આધારે ઉપરોક્ત શાખાને ઝડપી લઈ અને જરૂરી કાર્યવાહી બાદ રાજકોટની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ.દેવમુરારી, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા, વિપુલભાઈ ડાંગર, અરજણભાઈ ચંદ્રવાડીયા, અરજણભાઈ મારુ, ડાડુભાઈ જોગલ, ગોવિંદભાઈ કરમુર, સચિનભાઈ નકુમ તથા ક્રિપાલસિંહ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગર નજીક ઠેબામાં બે જુગાર રમતી બે મહિલા સહિત ચાર પકડાયા

જામનગર : જામનગર તાલુકાના ઠેબા ગામેં ગંજીપાના વડે જુગાર રમી રહેલી બે મહિલા સહિત ચાર પત્તા પ્રેમીઓની પોલીસે અટકાયત કરી લઈ તેઓ પાસેથી રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગર નજીક ઠેબામાં રહેતી હશીનાબેન ફારુકભાઈ શેખ નામની મહિલા અને જામનગરમાં સાધના કોલોનીમાં રહેતી જીન્નતબેન નૂરમામદ શેખ કે જેઓ ઠેબા ગામમાં નૂરમામદ અલીભાઈ શેખ અને ઈમ્તિયાઝ ઈશાકભાઈ શેખ નામના અન્ય બે પુરુષો સાથે ગંજી પાના વડે જુગાર રમતાં મળી આવ્યા હતા. પોલીસે ચારેયની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૪,૩૭૦ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૫૮માં રહેતા મોહનલાલ ઉર્ફે મામા પરસોત્તમભાઈ મંગે નામના ૭૬ વર્ષના બુઝુર્ગ જાહેરમાં વરલી મટકાના આંકડા લખવા અંગે પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. તેઓ પાસેથી રૂપિયા ૪,૫૬૦ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામ્યુકોના એસએસઆઈ પર હુમલો કરનાર સફાઈ કામદાર દંપત્તિ સામે ગુનો નોંધાયો

## સફાઈ કામદારે પણ એસએસઆઈ વિરુદ્ધ પોતાને લાત અને મુક્કા માર્યાની વળતી ફરિયાદ નોંધાવી

જામનગર : જામનગર મહાનગરપાલિકાના સેનેટરી સબ ઈન્સ્પેક્ટર પર હુમલો કરાયો હતો, જે બનાવ મામલે એક સફાઈ કામદાર દંપતિ સામે ફરિયાદ નોંધાવાઈ છે, જ્યારે સામા પક્ષે સફાઈ કામદારે પણ એસએસઆઈ વિરુદ્ધ હુમલાની વળતી ફરિયાદ નોંધાવી છે.

જામનગરમાં નીલકંઠ નગરમાં રહેતા અને જામનગર મહાનગર પાલિકામાં સેનેટરી સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા ચિરાગભાઈ નાનજીભાઈ સોલંકી (૩૭)કે જેઓ પોતાની ફરજ પર હતા, જે દરમિયાન રવિ જયંતીભાઈ ચુડાસમા અને તેના પત્ની વીણાબેન કે જે દંપતિ સફાઈ કામ કરવાને બદલે તેઓને અન્ય વિસ્તારમાં વાહનમાં ફરતાં જોવા મળ્યા હતા. તેથી તેઓને અટકાવ્યા હતા, અને તમે અહીં શું કામ ફરો છો? તમારી અહીં ફરજ નથી. તેમ કહેતાં દંપત્તિએ પોતે હોસ્પિટલમાં સારવાર માટે જતા હોવાનું જણાવ્યું હતું. તેથી એસ.એસ.આઈ દ્વારા હોસ્પિટલના સારવારના કાગળો બતાવવાનું કહ્યું હતું. જેથી દંપત્તિ ઉસકેરાયું હતું. અને એસ.એસ.આઈ. ચિરાગભાઈ પર પથ્થર વડે હુમલો કરી દીધો હતો. જેમાં તેઓને કપાળના ભાગે તેમ હાથના ભાગે ઈજા થઈ હતી, અને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં અને એસ.એસ.આઇ ચિરાગભાઈ સોલંકીની ફરિયાદના આધારે રવિ જયંતીભાઈ ચુડાસમા અને તેની પત્ની વીણાબેન સામે હુમલા અંગે ગુન્હો નોંધ્યો હતો. દરમિયાન સફાઈ કામદાર રવિ જયંતીભાઈ ચુડાસમાએ પોતાને લાત અને મુક્કા મારવા અંગે એસ.એસ.આઈ. ચિરાગ નાનજીભાઈ સોલંકી સામે વળતી ફરિયાદ નોંધાવી છે.

# જામનગરમાં ચોકીદારના મકાનમાં ચોરી કરનાર મહિલાને ઝડપી લીધી

જામનગર : જામનગરના વીરલબાગ વિસ્તારમાં રહેતા એક ચોકીદારના બંધ મકાનમાં કબાટમાંથી રોકડ અને ચાંદી મળી કુલ રૂા.૧૧ હજારની માતાની ચોરીના બનાવમા પોલીસે એક મહિલાની ધરપકડ કરી છે.

શહેરના વિરલબાગ વિસ્તારમાં રહેતા અને ચોકીદારી કરતા ખીમજીભાઈ રણમલભાઈ ચાવડાના બંધ મકાનને કોઈ તસ્કરોએ બે દિવસ પહેલા નિશાન બનાવ્યું હતું અને મકાનમાં અંદરના ભાગે તોડફોડ કર્યું હતું. અને ત્યારબાદ કબાટમાં રાખેલી ૧૦ હજારની રોકડ રકમ અને ૧૦૦૦ની કીમતના ચાંદીની ચોરી કરી લઈ ગયા હતા. આ ઉપરાંત કબાટમાં રાખેલી ચેકબુક તથા અન્ય કેટલાક દસ્તાવેજી સાહિત્ય વગેરે પણ ઉપાડી લીધા હતા જેને ઘરની બહાર લઈ જઈ કેટલુંક સાહિત્ય વગેરેને સળગાવી નાખી ભાગી છુટ્યા હતા.

આ સમગ્ર બનાવ મામલે ફરિયાદ નોંધાવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો, અને તસ્કરોને શોધવા માટેની કવાયત હાથ ધરી હતી. દરમ્યાન જૂના રેલ્વે સ્ટેશન પાસેથી પુરીબેન કાનાભાઈ વાજલીયા નામની મહિલાની ધરપકડ કરી તેની પાસેથી ૮૦૦૦ની રોકડ અને ચાંદીના ઘરેણા કબ્જે કર્યા હતા.


# જામનગર શહેરમાં પીએસઈ અને એસએસઈની સ્કોલરશીપ પરીક્ષામાં ૯૯૩ પરીક્ષાર્થીઓ ગેરહાજર



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા અયોજીત પીએસઈ અને એસએસઈની સ્કોલરશીપ પરીક્ષા ગઈકાલે લેવામા આવી હતી. જેમાં જામનગરમા ૫૫૪૦ પરિક્ષાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમા પરીક્ષા આપી હતી. રાજ્યના પરીક્ષા બોર્ડ દ્વારા ગઈકાલે પીએસઈ અને એસએસઈની સ્કોલરશીપ પરીક્ષા લેવામા આવી હતી. જે શહેરની અલગ અલગ સકુલમાં લેવાઈ હતી. ગુ.શા.મહેતા ગર્લ્સ સ્કૂલમા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને આવકાર આપવા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ, શિક્ષક સંઘના પ્રમુખ ચંદ્રકાંત ખાખરીયા, શિક્ષક સંઘના હોદેદારો સંજયભાઈ મેશિયા, હેતલબેન પંચમતિયા, પ્રિન્સિપાલ હીનાબેન તન્ના શિક્ષક સંઘના ખજાનચી દિપકભાઈ ગલાની, હેતલબેન શિરા, પ્રીતિબેન જગડ સહિત આચાર્ય અને શિક્ષકો હાજર રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. જામનગરમાં પીએસઈની પરીક્ષામાં ૫૪૮૯ વિદ્યાર્થી નોંધાયા હતા, તેમાંથી ૪૬૦૯ અને ૮૮૦ વિદ્યાર્થી ગેર હાજર રહયા હતા. જયારે એસએસઈની પરીક્ષામા કુલ ૧૦૪૪ માંથી ૯૩૧ હાજર અને ૧૧૩ પરિક્ષાર્થીઓ ગેર હાજર રહયા હતા. આમ ગઈકાલની પરીક્ષામાં કુલ ૬૫૩૩ માંથી ૫૫૪૦ હાજર અને ૯૯૩ પરિક્ષાર્થીઓ ગેર હાજર રહ્યા હતા.

# જામનગરમાં ડ્રગ્સના ગુનામાં ચાર વર્ષથી ફરાર આરોપી મુંબઈથી ઝડપાયો



જામનગર : જામનગરના સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એનડીપીએસના ગુન્હામાં ચાર વર્ષથી ફરાર આરોપીને પોલીસે મુંબઈમાંથી પકડી પાડ્યો છે. જયારે હાલમાં મુંબઈમાં રહેતા એક શખ્સને દારૂબંધી ભંગના ગુન્હામાં પોલીસે દબોચી લીધો છે. તેની સામે ગયા વર્ષે ગુન્હો નોંધાયો હતો.

જામનગરના સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૧માં ડ્રગ્સનો એક ગુન્હો નોંધાયો હતો. તેમાં ઝડપાયેલા આરોપીએ મહારાષ્ટ્રના મુંબઈ પાસેના થાણામાં માહીમમાં રહેતા મહંમદદસ્તગીર ઉર્ફે આસિફ મહંમદહનીફ શેખ નામના શખ્સનું નામ આપ્યું હતું. ત્યારથી આ શખ્સ પોલીસની પકડથી દૂર રહ્યો હતો. તેની બાતમી એએસઆઈ કે.પી. જાડેજા, ઋષિરાજસિંહ, રાકેશ ચૌહાણને મળતા પીઆઈ એન.એ. ચાવડાને વાકેફ કરાયા પછી પીએસઆઈ એમ.એમ. રાઠોડના વડપણ હેઠળની ટૂકડી માહીમ દોડી ગઈ હતી. ત્યાંથી આ શખ્સને પકડી લેવાયો છે. જામનગર-કાલાવડ ધોરીમાર્ગ પર આવેલી ઠેબા ચોકડી પાસે ઉભી કરવામાં આવેલી ચેકપોસ્ટ પરથી ગયા વર્ષે પંચકોશી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂબંધી ભંગના ગુન્હાનો આરોપી અને દિગ્વિજય પ્લોટ ૫૮માં રહેતો હીરેન શંકરભાઈ ભકડ ઉર્ફે ધોરી નામનો શખ્સ પસાર થવાનો હોવાની બાતમી પંચકોશી-બી ડિવિઝનના એએસઆઈ એમ.એલ. જાડેજા તથા મેહુલ વિસાણીને મળતા પીએસઆઈ સી.એમ. કાંટેલીયાના વડપણ હેઠળની પોલીસ ટૂકડીએ હાલમાં મુંબઈના ડોંબીવલીમાં રહેતા આ શખ્સની અટકાયત કરી છે.

# જામનગરમાં એક વર્ષના લગ્ન ગાળામાં પરણીતાનો ગળાફાંસો ખાઈ આપઘાત

## પતિએ ઘરકામ પતાવી પ્રસંગમાં જવાનું કહેતા માઠું લાગી આવતા જીવાદોરી ટૂંકાવી લીધી

જામનગર : જામનગરમાં જેસીઆર મોલ પાછળના વિસ્તારમાં રહેતી સતવારા જ્ઞાતિની એક પરણીતાએ શનિવારે સવારે આત્મહત્યા કરી લીધી હતી. એક સામાજિક પ્રસંગમાં જવા માટે પતિએ ઘરકામ પતી ગયા પછી જવાનું કહેતા તેણીને માઠુ લાગી ગયું હતું અને આ પગલું ભરી લીધુ હતું. તેણીના લગ્ન ફક્ત એક વર્ષ પહેલા જ થયા હતા.

જામનગરમાં જેસીઆર મોલ પાછળ, સેંટ્રોજાન ગ્રીન સોસાયટીમાં રહેતી માનસીબેન સુનિલભાઈ કાછટીયા નામની ૨૫ વર્ષની સતવારા જ્ઞાતિની પરણીતાંએ ગત શનિવારે સવારે પોતાના ઘરમાં ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે તેણીના પતિ સુનિલ કાછટીયાએ પોલીસને જાણ કરતા પોલીસ સબ ઈન્સ. એલ. બી. જાડેજા તપાસ માટે દોડી ગયા હતા. જેમાં પ્રાથમિક તપાસમાં એવું કારણ જણાવવામાં આવ્યું હતું કે, જ્ઞાતિમાં એક સામાજિક પ્રસંગ હોવાથી માનસીબેનને ત્યાં જવું હતું. પરંતુ તેણીના પતિએ ઘરકામ પતી ગયા પછી જવાનું કહેતા તેણીને માઠુ લાગી ગયુ હતું અને ગળાફાંસો ખાઈ પોતાની જીવાદોર ટુંકાવી લીધી હતી. મૃતક માનસીબેનના લગ્ન એક વર્ષ પહેલા જ થયા હતા.

# જામનગર નજીકના દરેડ વિસ્તારમાંથી સગીરાનું અપહરણ થયાની ફરિયાદ

જામનગર : જામનગર નજીક દરેડમાં રહેતા શ્રમિક પરિવારની પુત્રી તેણીના ઘેરથી એકાએક ગાયબ થઈ હતી, અને તેણીનું અપહરણ થઈ ગયું હોવાની ફરિયાદ પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ છે. પોલીસે અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુન્હો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

મૂળ ઉત્તર પ્રદેશના વતની અને જામનગર નજીક દરેડ વિસ્તારમાં ઓરડી ભાડે રાખીને રહેતા અને કારખાનામાં મજૂરી કામ કરતા પરપ્રાંતિય શ્રમિક પરિવારની ૧૪ વર્ષ અને ત્રણ મહિનાની ઉંમરની સગીર વયની પુત્રીનું ગઈકાલે તેણીના ઘેરથી અપહરણ થઈ ગયું હતું. જેથી આ મામલે પંચકોષી બી. ડિવિઝન પોલીસમાં જાણ કરવામાં આવી હતી, અને પોલીસે અજાણ્યા શખ્સો સામે અપહરણનો ગુન્હો નોંધ્યો છે, અને ગુમ થનાર સગીરાનો પત્તો મેળવવા માટે તપાસ શરૂ કરી છે.

# કલ્યાણપુરમાં દારૂની હેરાફેરીના ગુનામાં ફરાર આરોપીને ઝડપી લેવાયો



ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તથા કલ્યાણપુર પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૮ તથા ૨૦૨૩ દરમિયાન વિદેશી દારૂની હેરાફેરી તથા સપ્લાયના ગુનામાં રાજસ્થાન રાજ્યના ઉદયપુર જિલ્લાના સરાળા તાલુકાના રહીશ એવા ઈશ્વરસિંહ પદમસિંહ દૌલતસિંહ સિસોદિયા નામના ૪૦ વર્ષના શખ્સ સામે ગુનાઓ નોંધાયા હતા. પરંતુ તે પોલીસને હાથ લાગ્યો ન હતો.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ એલ.સી.બી. વિભાગના પી.આઈ. કે.કે. ગોહિલ તથા તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અંતર્ગત એલ.સી.બી.ના એ.એસ.આઈ. મશરીભાઈ ભારવાડીયા, ભરતભાઈ ચાવડા તથા પરેશભાઈ સાંજવાને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે આરોપી ઈશ્વર સિસોદિયાને પોલીસે ઝડપી લઈ અને આગળની કાર્યવાહી અર્થે તેનો કબજો ભાણવડ પોલીસને સોંપ્યો છે.

આ સમગ્ર કાર્યવાહી એલ.સી.બી.ના પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એ.એલ. બારસિયા, એસ.એસ. ચૌહાણ, એસ.વી. કાંબલીયા તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ખંભાળિયામાં ચા બનાવતા દાઝી ગયેલ મહિલાનું મૃત્યુ

ખંભાળિયા : ખંભાળિયામાં મહાપ્રભુજીની બેઠક વિસ્તારમાં રહેતી એક ૩૦ વર્ષીય મહિલા ચા બનાવતી વેળાએ સખત રીતે દાઝી જતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવેલ. જ્યાં સારવાર દરમ્યાન તેણીનું મૃત્યુ નિપજ્યું હતું.

ખંભાળિયામાં મહાપ્રભુજીની બેઠક પાસે આવેલી જૂની પાંજરાપોળ નજીક રહેતા નીતાબેન ધીરજલાલ ભોગાયતા નામના ૩૦ વર્ષની મહિલા ગત તારીખ ૨૬ માર્ચના રોજ પોતાના ઘરે ચૂલા પર ચા બનાવી રહ્યા હતા. ત્યારે એકાએક તેણીએ પહેરેલા દુપટ્ટામાં ચુલાની જાળ લાગતા આના કારણે આખા શરીરને ગંભીર રીતે દાઝી ગયેલી હાલતમાં નીતાબેનને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવની જાણ જીગ્નેશભાઈ ધીરજલાલ ભોગાયતા (ઉ.વ. ૩૨) એ અહીં પોલીસને કરી છે.

# જોડીયામાં ચીટીંગના ગુનામાં ૧૧ વર્ષથી નાસતો ફરતો આરોપી રાજસ્થાનમાંથી પકડાયો



જામનગર : જામનગર જિલ્લાના જોડીયા પોલીસ સ્ટેશનના ૧૧ વર્ષ પહેલાના ચીટીંગના એક ગુનાનો આરોપી રાજસ્થાનમાં સંતાયો હોવાની બતમીના આધારે પોલીસે રાજસ્થાન સુધી તપાસનો દોર લંબાવીને ઝડપી લીધો છે.

જામનગર જિલ્લાના જોડિયા પોલીસ મથકમાં આજથી ૧૧ વર્ષ પહેલાં ચીટીંગનો એક ગુનો નોંધાયો હતો. તે ગુનામાં રાજસ્થાનના બાડમેર જિલ્લાના ખેતસિંહ આંબસિંહ રાજપૂતની સંડોવણી હોવાથી તેને ફરારી જાહેર કરાયો હતો. જે આરોપી લાંબા સમયથી નાસતો ફરતો રહ્યો હતો. દરમિયાન જામનગરના સિટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફને ચોક્કસ બાતમી મળી હતી કે, ઉપરોક્ત આરોપી પોતાના વતનમાં પહોંચ્યો છે. જેથી જામનગર પોલીસે રાજસ્થાનના બાડમેરમાં ધામા નાખી આરોપી ખેતસિંહ આંબસિંહને ઝડપી લીધો હતો. અને જામનગર લઈ આવ્યા પછી જોડિયા પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

### ઋતુ ચક્ર બદલાય છે

સામાન્ય રીતે રણમાં વરસાદ પડતો નથી અને પડે છે તો પણ ખૂબ અલ્પ પ્રમાણમાં પડે છે. દુબઈની અંદર કૃત્રિમ વરસાદનો પ્રયોગ કરવામાં આવ્યો અને એટલો ધોધમાર વરસાદ આવ્યો કે રસ્તા પર ઉભેલી કાર પણ તણાવવા લાગી કુદરત સામે માનવીએ જે છેડા કર્યા તેનું આ પરિણામ છે અહીં વાદળાઓને પરાણે વરસાવા માટે મજબૂર કરવાથી આવું બન્યું એનો અર્થ એવો થાય કે માનવીએ કુદરત સામે કોઈ પણ પ્રકારના ચેડા ન કરવા જોઈએ માનવીએ પોતાની સ્વાર્થ વૃત્તિને સંતોષવા માટે લીલી છમ વનરાજી નો નાશ કરી નાખ્યો. પરિણામે જળવાયુ પરિવર્તનનું થયું બીજી બાજુ તમામ પ્રકારના પ્રદૂષણો થી જલ વાયુ દૂષિત થઈ ગયા જેને નિવારવા માટે દુનિયાભરના દેશો એક થાય છે પરંતુ જે વિકાસ પામેલા દેશો છે તે આમાં બરોબર ધ્યાન આપ તા નથીઆ સમયે દુનિયાની સામે જળવાયુ પરિવર્તનના પડકારની સામેના જંગની અનિવાર્યતા વિસરાઇ ગઇ હોવાની ચિંતાજનક સ્થિતિ ઉદ્ભવી રહી છે. આજે કાળઝાળ ગરમી પડી રહી છે તો બીજી બાજુ ઉતરાખંડ અને હિમાચલ પ્રદેશમાં ધોધમાર વરસાદ અને ભૂમિ સ્ખલનના બનાવો વધી રહ્યા છે ત્રીજી બાજુ મોટી મોટી હિમશીલાઓ ઓગળી રહી છે જેને કારણે આ નદીઓ પર બનેલા તળાવો ફાટવાથી મોટી જાનહાનિ નું જોખમ તોળાઈ રહ્યું છે. પૃથ્વી પરનાં તાપમાનમાં અસામાન્ય વધારો થશે એવી વ્યક્ત થઇ રહેલી ભીતિ હવે અસહ્ય ગરમીના આંકડાથી સાચી ઠરી છે. જળવાયુ પરિવર્તનનાં જોખમો જ્યારે વાસ્તવિક રીતે સામે આવી ચૂક્યાં છે, ત્યારે વિકસિત દેશોનાં જવાબદારીથી છટકવાનાં નકારાત્મક વલણને લીધે આ સંકટ સામેની સજ્જતા સામે સવાલ ઊભા થઈ રહ્યા છે.ક્લાઈમેટ ચેન્જ અંગે થયેલા પેરિસ કરારમાં દુનિયાનાં તાપમાનમાં દોઢ ડિગ્રી જેટલો ઘટાડો કરવાનો સંકલ્પ જાણે વિસરાઈ ગયો હોય તેવો તાલ સર્જાયો છે. આ વિકટ પરિસ્થિતિ માટે વિકસિત દેશોનાં નિરુત્સાહી વલણને જવાબદાર ગણી શકાય તેમ છે. ભારતમાં પણ ઉનાળાની આ મોસમ વધુ વિકટ અને કાળઝાળ બની રહે એવા સંકેત મળી રહ્યા છે.આવામાં વિશ્વ બેન્ક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઇએમએફ) દ્વારા જળવાયુ ભંડોળના મુદ્દે સુસ્ત પ્રગતિ અંગે ચિંતા વ્યક્ત કરાઈ છે. આ બન્ને નાણાકીય સંગઠનની વાર્ષિક બેઠકમાં જળવાયુ પરિવર્તનના સામના માટે અનિવાર્ય એવાં અબજો ડોલરનાં ભંડોળને એકઠું કરવાની કોઈ નક્કર યોજના ઘડી - શકાઈ નથી.

આ વર્ષે આઝરબૈઝાનમાં સંયુક્ત રાષ્ટ્રનું જળવાયુ સંમેલન (સીઓપી) યોજાવાનું છે. આ સંમેલનમાં વિશ્વમાં પ્રદૂષણનાં પ્રમાણને રોક્વા માટેનાં સામૂહિક લક્ષ્ય નક્કી કરવા જોઈએ. આ નવાં જળવાયુ આર્થિક લક્ષ્ય પર ચર્ચા કરાશે. આમ તો દુનિયાના અમીર દેશો પાસેથી એ અપેક્ષા કરાતી રહી છે કે ૨૦૨૦થી તેઓ દર વર્ષે ૧૦૦ અબજ ડોલરનું ભંડોળ જળવાયુ પરિવર્તનને ખાળવા ફાળવશે.

પરંતુ, વૈશ્વિક રીતે આર્થિક તંગીની સ્થિતિને લીધે વિકસિત અને વિકસતા દેશોની આર્થિક પ્રાથમિક્તાઓ બદલી ગઈ છે. આઈએમએફનાં અધ્યક્ષા ક્સ્ટાલિના જ્યોજિવાના જણાવ્યા મુજબ ૨૦૨૦થી વૈશ્વિક અર્થતંત્રે ૩,૩૦૦ અબજ ડોલર ગુમાવ્યા છે. ગરીબ દેશોની હાલત વધુ કફોડી બની છે. તેમનાં બજેટનો ૧૪ ટકા હિસ્સો ધિરાણ ચૂકવવામાં ચાલ્યો જાય છે. આ ઓછું હોય તેમ વ્યાજના દર વધતાં ભારણ વધી રહ્યું છે.આવા સંજોગોમાં વિકસિત દેશો તેમનું યોગદાન આપવામાં બહાના કાઢવા લાગ્યા છે. સૌથી વધુ આનાકાની અમેરિકા તરફથી થઇ રહી છે. આવા નિરાશાજનક સંકેતો વચ્ચે મોસમનો વિકરાળ બનતો મિજાજ દિવસોદિવસ ચિંતાજનક બની રહ્યો છે.કાળઝાળ ગરમી વચ્ચે પણ ગુજરાતમાં ઘણી જગ્યાએ માવઠાનો વરસાદ પણ પડ્યો છે વાદળા પણ બંધાય થાય છે.

# ચૂંટણી આવે ને જાય છેવાડાનો માણસ ત્યાંનો ત્યાં જ રહ્યો છે



**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક ભટ્ટ

સર્વોદય પરિવારના ઉપક્રમે અમરેલી ખાતે ગાંધીમેળો યોજાઈ ગયો જેમાં રચનાત્મક સંસ્થાના કાર્યકરોએ ભાગ લીધો. "ગાંધીજીના ગ્રામસ્વરાજયના વિચારોને આધુનિક સંદર્ભમાં વિચારવા" તે સંમેલનનો હેતુ રહ્યો. કાર્યક્રમના પ્રારંભે શ્રી રાજીવભાઈ સોલંકીએ ગામડાંના માણસને ભયમુક્ત કરવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો. ગામડાંઓના વિકાસ આડે આવતા પ્રશ્નોનો ઊંડાણથી છેડતાં શ્રી રૂપારેલકાકાએ જણાવ્યું કે હવેના દાયકાનો પ્રાણપ્રશ્ન પાણી રહેશે. આથી ગામડાંઓને ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવું એ રાજ્યની વ્યવસ્થાનો અગ્રેસર ભાગ બનાવવો પડશે. ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓએ પોતાના કાર્યક્ષેત્રમાં પાણીના સંચય અને વિવેકપૂર્ણ ઉપયોગના શિક્ષણનું કામ કરવું પડશે.

કાર્યક્રમના અધ્યક્ષ શ્રી મોતીભાઈએ જણાવ્યું કે રાજકીય પક્ષો દ્વારા પાર વિનાના ગરીબલક્ષી કાર્યક્રમો જાહેર થાય છે, પરંતુ ખરેખર ગરીબ કોણ તે જ્યાં સુધી માનવતાની દૃષ્ટિએ નક્કી ન થાય ત્યાં સુધી સહાયનો વ્યય થતો રહેશે, સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પોતાના દિલ પર હાથરાખીને પ્રામાણિક રીતે સ્વમુલ્યાંકન કરવું જોઈએ તેમ જણાવી ઉમેર્યું કે રાજ્ય સરકારે સ્વૈચ્છિક સંસ્થાઓને જિલ્લા વિકાસના આયોજન અને અમલીકરણનાં કાર્યોમાં સામેલ કરવી જોઈએ. તેઓએ જણાવ્યું, "વિકાસની પ્રક્રિયા સ્થળ, સમય અને સ્થાનિક ઉપલબ્ધિઓ પર નિર્ભર કરે છે. આથી ગામડું પોતે જ પોતાના વિકાસની તરાહ નક્કી કરે તેવી ગોઠવણ અપનાવવી જોઈએ." પૂર્વ સાંસદ શ્રી એ રચનાત્મક કાર્યકરોને ગામડાંઓને આર્થિક ઉત્પાદનનાં કેન્દ્રો તરીકે પુનઃજીવિત કરવા હાકલ કરી તેઓએ પોતાના અનુભવોને ટાંકતાં કહ્યું, "આજે સામાજિક બદીઓ રાષ્ટ્રના જનજીવનને ભરડો લઈ બેઠી છે. પરંતુ એક ગામડામાં એક સેવક નિષ્ઠાથી બેઠો હોય, તો પરીવર્તન માટે પૂરતી આશા રહે છે." ઉપરાંત જણાવ્યું કે ભારતનાં ગામડાંઓ ઉત્પાદનનાં કેન્દ્રો બને, બજાર વચ્ચે ઊભાં રહે અને ગામડાંઓ પણ શહેરની સવલત માણતી થાય તો શહેરીકરણની પ્રક્રિયા તૂટશે. માર્કેટ રિફોર્મ કાર્યક્રમોના અમલના પ્રશ્નોનું વિશ્લેષણ કરતાં જણાવ્યું કે ગાંધીજીએ સ્વરાજ્યની લડત સમયે નવા ભારતનું સ્વપ્ન આપ્યું અને તેમાં રચનાત્મક કાર્યોનો અનુબંધ આપ્યો, જે આઝાદીના ૭૫ માં વરસે તૂટી ગયો. આથી ગામડાંઓના લોકોને હવે વિકાસકાર્યોમાં કોઈ શ્રદ્ધા રહી નથી. ગાંધી વિચારશીલ અને પરિવર્તનશીલ હતા. તેઓએ ચરખામાં ગ્રામવિકાસનો અનુબંધ જોયો અને આપણને રસ્તો ચીંધ્યો. પણ તેઓ જો આજે આપણી વચ્ચે હોત તો કદાચ ઇલેકટ્રોનિકસ અને માનવ સુખાકારી વચ્ચેનો સેતુ બાંધી આપત. રોબર્ટ ચેમ્બરે ગામડાંની હાલત સુધારવા માટે જમીન, પાણી અને વૃક્ષના કાર્યક્રમો સાંકળવા વિચાર આપ્યો છે. અનુભવે આ કામ અકસીર લાગે છે ત્યારે નવી પેઢીના કાર્યકરો ગામડાંઓમાં માનવજીવન સાથે વિકાસનો અનુબંધ જોડી આપવામાં મદદ કરે તે જરૂરી છે. આ પ્રકારે ગરીબ તરફી સંગઠનો દ્વારા અમદાવાદ ખાતે પણ એક ગોષ્ઠી યોજાયેલ, 'સાંપ્રત સમસ્યાઓ વચ્ચે સામાજિક સંસ્થાઓની ભૂમિકા' અંગે વિચારણા કરવા એકત્ર થયેલ કાર્યકરો પાસે પોતાની વ્યથા રજૂ કરતાં શ્રી જાનીએ જણાવ્યું કે સ્વૈચ્છિક સંસ્થાઓએ ગરીબો અને શોષક વચ્ચે વિશ્વાસ સંપાદન કરવો પડશે, પલટાતા સમયનો પડકાર "શોષણ વિહીન સમાજરચના માટેનું યુદ્ધ" બની રહેશે, જાણીતા કટારલેખક શ્રી શાહે જણાવ્યું કે, "આપણી તટસ્થતા તો સમગ્ર દેશ માટે જ હોઈ શકે, જ્યારે આપણી સહાનુભૂતિનો ઝુકાવ તો ગરીબો પ્રત્યે રાખવો પડશે." સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ પોતાના વિચાર અને કાર્યક્રમોમાં સમાન આર્થિક વિકાસના ધ્યેયને દૃષ્ટિ સમક્ષ રાખી પરિવર્તનશીલ રહે ૧ તે ઉપર ભાર મૂક્યો. આદિવાસી ક્ષેત્રોમાં વન-વિસ્તાર સુખાકારીના કાર્યક્રમ સાથે જોડાયેલ પૂર્વ સાંસદ શ્રી એ રાજ્યોનાં સાધનોની સમાન અને હેતુલક્ષી વહેંચણી ઉપર ભાર મૂક્યો તથા અધિકારીઓ દ્વારા સર્જિત જાળાંઓને તોડી પાડવાની હાકલ કરતાં કહ્યું કે "ગ્રામવિકાસના કોઈ એકલદોકલ કામથી સમગ્ર રીતે પરિવર્તન જોવા મળશે નહીં." આ પ્રસંગે આઇ.આઇ. એમ. ના પ્રાધ્યાપક શ્રી એ સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા સ્પષ્ટ કરતાં જણાવ્યું, "સંસ્થાઓ વચ્ચે પણ કાર્યપદ્ધતિના અને ફલિત હિતોના વાડા ઊભા થયા છે. એ જ્યાં સુધી મટશે નહીં ત્યાં સુધી સમાજ પરિવર્તનની વાત અસ્થાને રહેશે." જ્યારે જાણીતા સમાજશાસ્ત્રી ડો. વિદ્યુત જોશીએ સ્વૈચ્છિક સંસ્થાઓના આત્મસંતોષની પ્રક્રિયાને ટૂંકી વાર્તા તરીકે જણાવી કહ્યું કે, "સંસ્થાઓ તેમના હેતુઓમાં કદી વ્યાપક બની શકી નથી. આજકાલ ગાંધીયન અને નોન-ગાંધીયન સંસ્થાઓમાં ગ્રાન્ટ મેળવવી તે એક જ પ્રાથમિક કામ બની ગયું છે. ગાંધીજીએ ગરીબોનું હિત સાધવા જે વ્યક્તિગત તત્પરતા દાખવેલ તેનો અંશ પણ રાજકીય પક્ષોમાં ઉતાર્યો નથી અને પરિવર્તનનું ગીત ગાઈએ છીએ, જેમ સંપ્રદાયો વ્યક્તિને સ્વમુક્તિનો આખરી માર્ગ સરળ રીતે બતાવતા નથી તેમ સ્વૈચ્છિક સંગઠનો અને ચૂંટણીના વાયદાઓ પણ લોકોને બેહાલીમાંથી બહાર જવાનો રસ્તો બતાવતાં નથી." સેવા રુરલના ડો. શ્રી એ જણાવ્યું કે ગ્રામવિકાસ વિચાર રૂપાળો છે. પરંતુ મોટા ભાગના કાર્યકરો તળાવના કિનારે છે, અને વાત મધ-દરિયાનાં પાણીની છેડે છે, તે કેમ બને ? પ્રશ્ન સહુને સાથે લઈ ચાલવાનો છે ત્યારે આત્મસુખની વાંછનાને રોકવાની જરૂરિયાત ઉપર પણ વિચાર કરવો પડશે.આમ ગાંધી વિચારના રાહે જવા માગતા સમાજસેવકોમાં અને શોષણમુક્તિ માટે કાર્યરત સેવકો અને રાજકીય પક્ષોમાં લોક વિકાસની વ્યથા સમાન રીતે વહે છે. સહુ માને છે કે અમૃત વર્ષે પણ દેશના ગરીબોની સ્થિતિમાં કોઈ નોંધનીય પરિવર્તન નથી આવ્યું. એક હાડમારીમાંથી થોડો ઊંચો ઊઠે છે, ત્યાં બીજી તેનું સ્થાન લઈ લે છે. સંસ્થાના સેવકો અનુભવે છે કે નવી પેઢીમાં આધુનિક સાધનોની માંગ છે. મધ્યમ વર્ગની ખ્વાહિશ સુખી જીવનમાં છે. પરંતુ તેમાં કંઈ સુધારો કે પરિવર્તન પ્રેરવા માટે સ્વૈચ્છિક સંગઠનો લાચાર છે. સમાજના છેવાડેના માણસને ઉઠાવવા માટે કાર્યકરોમાં પૂરતી લાગણી છે, પરંતુ ક્યાંક કશુંક ખૂટે છે જે આપણાં ગામડાંના છેવાડેનાં ભાઈ-ભાડુંઓને અટૂલા રાખે છે તેમ સામાજિક સંસ્થાઓના પ્રયત્નોને પણ...!

# સેના પર સૌથી વધુ ખર્ચ કરવામાં ભારત વિશ્વનો ચોથો દેશ : નંબર વન પર અમેરિકા

### સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના રિપોર્ટમાં કરાયો દાવો


**વિશેષ**

વર્ષ ૨૦૨૩માં પોતાની સેના પર સૌથી વધુ ખર્ચ કરનારાઓની યાદીમાં ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો દેશ છે. સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના રિપોર્ટમાં આ માહિતી સામે આવી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીનના વધતા સૈન્ય ખર્ચ અને ક્ષેત્રમાં વધી રહેલા તણાવને કારણે પડોશી દેશોનો ખર્ચ પણ વધી ગયો છે. જાપાન અને તાઈવાને તેમના સૈન્ય બજેટમાં ૧૧ ટકાનો વધારો કર્યો છે. રિપોર્ટ અનુસાર, ભારતે ૨૦૨૨ સુધીમાં પોતાની સેના પર ૪.૨ ટકા વધુ ખર્ચ કર્યો છે.

આંતરરાષ્ટ્રીય થિંક ટેંક SIPRI અનુસાર, અમેરિકાએ ૨૦૨૩માં પોતાની સેના પર સૌથી વધુ ખર્ચ કર્યો છે. ચીન બીજા સ્થાને અને રશિયા ત્રીજા સ્થાને છે. ભારતનું નામ ચોથા સ્થાને છે. વર્ષ ૨૦૨૨માં પણ સેના પર ખર્ચ કરનારા દેશોની યાદીમાં ભારત ચોથા સ્થાને હતું. ભારતે ગયા વર્ષે ૨૦૨૩માં ૮૩.૬ બિલિયન યુએસ ડોલર ખર્ચ્યા હતા.

રિપોર્ટ અનુસાર, યુક્રેનનો સૈન્ય ખર્ચ ૫૧ ટકા વધીને ઇંૃ૬૪.૮૦ બિલિયન થયો છે. રશિયાનું લશ્કરી બજેટ ૨૪ ટકા વધીને ૧૦૯ અબજ ડોલર થયું છે. યુએસએ તેનું લશ્કરી બજેટ ૨.૩ ટકા વધારીને ઇંૃ૯૧૬ બિલિયન કર્યું છે. જ્યારે ચીને તેમાં ૬ ટકાનો વધારો કરીને ૨૯૬ અબજ ડોલર કર્યો છે.

માહિતી અનુસાર, વિશ્વમાં હથિયાર ખરીદવાની એવી સ્પર્ધા હતી કે વૈશ્વિક સૈન્ય ખર્ચ ૭% વધીને ૨,૪૪૩ અબજ ડોલર થઇ ગયો. વૈશ્વિક લશ્કરી ખર્ચ ૨૦૨૩ માં એક દાયકામાં તેની સૌથી ઝડપી ગતિએ વધશે. વિશ્વના ઘણા ભાગોમાં ચાલી રહેલા યુદ્ધો અને અન્ય કારણોસર આ વધારો થયો છે. SIPRIના વરિષ્ઠ સંશોધક નાન ટિયાને જણાવ્યું હતું કે વિશ્વનો કુલ સૈન્ય ખર્ચ સર્વકાલીન ઉચ્ચ સ્તરે છે. ૨૦૦૯ પછી પ્રથમ વખત તમામ પાંચ ભૌગોલિક પ્રદેશોમાં ખર્ચમાં વધારો જોવા મળ્યો હતો.



# દેશના ૧૫૦ જેટલા મોટા જળાશયોમાં જીવંત પાણીની ટકાવારી ૩૩% થી ઓછી

વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (ડબલ્યુએમઓ) અનુસાર જળવાયુ પરિવર્તનની અસર સમગ્ર દુનિયા પર પડી રહી છે અને ભારત સહિત એશિયાઇ દેશોમાં કુદરતી આફતોનો ખતરો વધ્યો છે. કુદરતી આફતોને પગલે એશિયામાં ગત વર્ષ કુલ ૨૦૦૦ લોકોના જીવ ગયા હતા અને ૯૦ લાખ લોકો અસરગ્રસ્ત બન્યા હતા.

સંગઠન અનુસાર જળવાયુ પરિવર્તનની સૌથી વધુ અસર એશિયાઇ દેશોમાં જોવા મળી રહી છે. એટલે જ વર્ષ ૨૦૨૩માં એશિયા સમગ્ર દુનિયામાં સૌથી વધુ આપદાઓથી અસરગ્રસ્ત રહ્યું હતું. પૂર અને ચક્રવાતી વાવાઝોડાને કારણે એશિયામાં ગત વર્ષ મોટાપાયે લોકોના જીવ ગયા હતા.

બીજી બાજુ ભારતના મોટાભાગના રાજ્યોમાં શિયાળો સુકો જતા મોટા જળાશયોમાં જીવંત પાણીનો જથ્થો ૩૩% કરતાં પણ ઓછો થઈ ગયો છે આવા ૧૫૦ જળાશયો માં પાણી ઝડપભેર ઘટી રહ્યું છે ઉનાળાની કાળ જાળ ગરમીમાં પાણીનું વધુ બાષ્પીભવન થતા આ ઘટાડો થઈ રહ્યો છે બીજી બાજુ લોકોની પાણીની માંગ પણ વધતી જાય છે ને કારણે પરિસ્થિતિ ગંભીર બનતી જાય છે જોકે ગુજરાતમાં નર્મદા આધારિત પાણીની વ્યવસ્થા હોવાથી અહીં પીવાના પાણીની તકલીફ ઓછી પડવાની છે પરંતુ ઘણા ગામો એવા છે કે જ્યાં નર્મદાના પાણી પહોંચ્યા નથી ચાર લોકોને મુશ્કેલી પડી રહી છે ખાસ કરીને ભાવનગર જિલ્લાના ઘોઘા તળાજા તાલુકાના ઘણા ગામો એવા છે જ્યાં પીવાના પાણીની મુશ્કેલી ઊભી થઈ છે આવી જ રીતે અમરેલી જિલ્લાના પણ અમુક ગામોમાં ચુવાના પાણીનો પોકાર ઉઠવા લાગ્યો છે

ભારતના ૨૨ રાજ્યો ઓછા વરસાદનો સામનો કરી રહ્યા છે, મોટા જળાશયોમાં ક્ષમતાના ત્રીજા ભાગ કરતાં પણ ઓછું પાણી હોવાની સાથે હીટવેવને કારણે પરિસ્થિતિ વણસીને વધુ ગંભીર થઈ છે અને દેશમાં પાણીની કટોકટી સર્જાઈ છે. સેન્ટ્રલ વોટર કમિશનના ડેટા દર્શાવે છે કે શુષ્ક હવામાનને કારણે ઉનાળાની શરૂઆતમાં પાણીની કટોકટીએ ભારતના મોટા ભાગના વિસ્તારોને ઘેરી લીધા છે, જેમાં માર્ચથી ૨૨ રાજ્યોમાં ઓછો કે નહિવત્ વરસાદ થયો છે અને રાષ્ટ્રીય સ્તરે મહત્વનાં ગણાતાં ૧૫૦ જળાશયોમાં સંગ્રહનું સ્તર તેમની કુલ જીવંત ક્ષમતાના ત્રીજા ભાગ કરતાં પણ ઓછું થઈ

ગયું છે. એક તરફ, છ અઠવાડિયાં લાંબી સામાન્ય ચૂંટણીઓ વચ્ચે શુષ્ક પરિસ્થિતિમાં લોકો કાળઝાળ ગરમીથી ત્રાહિમામ પોકારશે, ત્યારે બીજી તરફ, સિંચાઈ, વીજ ઉત્પાદન અને પીવા માટેના પાણીનાં સંગ્રહસ્થાનો અને મોટાં જળાશયો પાણી ઝડપભેર ઘટી રહ્યું છે કાળજાળ ગરમીને કારણે બાષ્પીભવન થી પાણી ઉડી જાય છે. હવે માત્ર જીવંત પાણીનો જથ્થો જ બાકી રહ્યો છે જે ચિંતાજનક પરિસ્થિતિનું નિર્માણ કરે છે

આ અઠવાડિયે ભારતમાં દર સાતમાંથી માત્ર એક જળાશયમાં તેની જીવંત ક્ષમતાના ૫૦ ટકા કરતાં વધારે સંગ્રહ સ્તર હતો, એમ ડેટા દર્શાવે છે. જીવંત ક્ષમતા, એક હાઈડ્રોલોજિકલ પરિમાણ છે, જે પાણીના ઉપયોગ માટે યોગ્ય જથ્થાનો સંદર્ભ આપે છે અને તે જળાશયનો સૌથી નીચેનો મૃત

સંગ્રહથી વિપરીત ઝોન છે. કર્ણાટક ફેબ્રુઆરીથી પાણીની તંગીનો સામનો કરી રહ્યું છે. ખૂબ ઊંચા, ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ, તાપમાનને કારણે દક્ષિણ ભારતમાં તળાવો અને જળાશયો સુકાઈ ગયાં છે. આંધ્રપ્રદેશ અને તેલંગાણામાં કેટલાંય જળાશયો સુકાઈ જવાના આરે છે. આપણને પ્રી-મોન્સૂન વરસાદની જરૂર છે. પરિસ્થિતિ ગંભીર હોવાનું આંધ્ર પ્રદેશના જળ વિભાગના અધિકારી રેવતી રેડ્ડીએ જણાવ્યું હતું

હવામાન વિભાગ અનુસાર, દેશમાં માર્ચથી સામાન્ય કરતાં ૧૮ ટકા ઓછો વરસાદ પડવા સાથે શિયાળા અને ઉનાળાના પ્રારંભમાં પડતા વરસાદમાં પણ અછતને પગલે શુષ્ક પરિસ્થિતિઓ વધુ તીવ્ર બની છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે ભારતમાં આ વર્ષે જૂન- સપ્ટેમ્બરમાં ભારે વરસાદ થશે, જે સરેરાશ કરતાં ૬ ટકાથી વધુ હશે. જો કે વરસાદને હજુ એક મહિના કરતાં વધુ સમય બાકી છે.ચિંતાજનક બાબત એ છે કે દેશનાં મોટાં ૧૫૦ જળાશયોમાંથી મોટાભાગે દક્ષિણ ભારતમાં સ્થિત છે, તેવાં ૪૨ જળાશયોમાં પાણીનું સ્તર ઘટીને ૧૭ ટકા થઈ ગયું છે.

તાજેતરના અધિકૃત ડેટા દર્શાવ છે કે એકંદરે ૧૫૦ જળાશયોમાં પાણીનો સંગ્રહ, જે કૃષિ અને ઉદ્યોગ બંનેમાં મહત્વની ભૂમિકા ભજવે છે, તે ઘટીને પાછલા સપ્તાહે પોતાની જીવંત ક્ષમતાના ૩૧ ટકા થઈ ગયો છે. આ સ્તર પાછલા સપ્તાહે જીવંત ક્ષમતાના ૩૩ ટકા થઈ અને તે પહેલાના સપ્તાહમાં ૩૫ ટકા હતો.


કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયના એક અધિકારીએ

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

જણાવ્યું હતું કે દક્ષિણનાં રાજ્યોમાં સાત જળાશયોમાં સંગ્રહ 'ડેડ ઝોન' માં પ્રવેશી ગયો છે, જે જળાશયનો સૌથી નીચેનો ભાગ છે.

ગયા વર્ષે અલ નીનોની અતિ તીવ્રતાને પગલે પાણીની કટોકટી સર્જાઈ છે. આ અઠવાડિયે ઓસ્ટ્રેલિયાના બ્યુરો ઓફ મીટિયોરોલોજીએ સત્તાવાર રીતે સંપન્ન થયેલું જાહેર કર્યું છે. સમગ્ર વિશ્વને અસર કરનાર અલ નીનો હવામાન પેટર્ન પેસિફિક મહાસાગરના અસામાન્ય ઉષ્ણતા દ્વારા ઓળખાય છે અને ભારતીય ઉપખંડમાં શુષ્ક હવામાન સર્જે છે.

પશ્ચિમ ક્ષેત્રનાં ૪૯ જળાશયોમાં વોલ્યુમ ઘટીને ૩૪ ટકા થઈ ગયું છે, જ્યારે ઉત્તરમાં ૧૦ મુખ્ય જળાશયો તેમની જીવંત ક્ષમતાના ૩૨.૫ ટકાએ આવી ગયા છે.



**ઉનાળાની કાળ જાળ ગરમીમાં પાણીનું વધુ બાષ્પીભવન થતા આ ઘટાડો થઈ રહ્યો છે બીજી બાજુ લોકોની પાણીની માંગ પણ વધતી જાય છે ને કારણે પરિસ્થિતિ ગંભીર બનતી જાય છે જોકે ગુજરાતમાં નર્મદા આધારિત પાણીની વ્યવસ્થા હોવાથી અહીં પીવાના પાણીની તકલીફ ઓછી પડવાની છે પરંતુ ઘણા ગામો એવા છે કે જ્યાં નર્મદાના પાણી પહોંચ્યા નથી ચાર લોકોને મુશ્કેલી પડી રહી છે**

સેન્ટ્રલ વોટર કમિશન દ્વારા જાહેર કરાયેલા જીવંત સંગ્રહ સ્થિતિના આંકડા અનુસાર, ૧૫૦ જળાશયોમાં, સંગ્રહ ૧૭૮.૭૮૪ બીસીએમની કુલ ક્ષમતામાંથી ૫૬.૦૮૫ બિલિયન ક્યુબિક મીટર (બીસીએમ) હતો. આમાંથી ઓછામાં ઓછા ૧૨૬ જળાશયોમાં સંગ્રહ ક્ષમતા ૫૦ ટકાથી નીચે છે.

સરેરાશ કરતાં ૬ ટકાથી વધુ હશે. જો કે વરસાદને હજુ એક મહિના કરતાં વધુ સમય બાકી છે.

ચિંતાજનક બાબત એ છે કે દેશનાં મોટાં ૧૫૦ જળાશયોમાંથી મોટાભાગે દક્ષિણ ભારતમાં સ્થિત છે, તેવાં ૪૨ જળાશયોમાં પાણીનું સ્તર ઘટીને ૧૭ ટકા થઈ - ગયું છે.

તાજેતરના અધિકૃત ડેટા દર્શાવે છે કે એકંદરે ૧૫૦ જળાશયોમાં પાણીનો સંગ્રહ, જે કૃષિ અને ઉદ્યોગ બંનેમાં મહત્વની ભૂમિકા ભજવે છે, તે ઘટીને પાછલા સપ્તાહે પોતાની જીવંત ક્ષમતાના ૩૧ ટકા થઈ ગયો છે. આ સ્તર પાછલા સપ્તાહે જીવંત ક્ષમતાના ૩૩ ટકા થઈ અને તે પહેલાના સપ્તાહમાં ૩૫ ટકા હતો.

# ટી-૨૦ વર્લ્ડકપ માટે ન્યૂઝીલેન્ડની ટીમનું એલાન

## ટીમની કમાન કેન વિલિયમસનને સોંપવામાં આવી




મુંબઇ,

ઈન્ડિયન પ્રીમિયર લીગપૂર્ણ થયા બાદ ટી-૨૦ વર્લ્ડકપ શરૂ થવાનો છે. ત્યારે આજે ટી-૨૦ વર્લ્ડકપ માટે ન્યૂઝીલેન્ડ ટીમનું એલાન કરી દેવામાં આવ્યું છે. જેમાં ટીમની કમાન કેન વિલિયમસનને સોંપવામાં આવી છે. ટી-૨૦ વર્લ્ડકપ માટે ન્યૂઝીલેન્ડની ટીમ નવી જર્સીમાં જોવા મળશે. અત્યાર સુધી ન્યૂઝીલેન્ડ બ્લેક કલરની જર્સીમાં રમતી હતી.

ટીમના દ્દષ્ટિકોણથી સારી વાત એ છે કે ડેવોન કોનવે ફિટ થઈ ગયો છે અને ટી૨૦ વર્લ્ડકપ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઈજાના કારણે તેઁ ૨૦૨૪માંથી બહાર થઈ ગયો હતો. ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમ્યો હતો, પરંતુ આ વર્ષે ટીમે રચિન રવિન્દ્રને ઓપનર તરીકે મેદાનમાં ઉતાર્યો હતો. જોકે, છેલ્લી કેટલીક મેચમાં પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળી રહ્યું નથી. આ દરમિયાન કેન વિલિયમસન ગુજરાત ટાઈટન્સ તરફથી રમી રહ્યો છે, પરંતુ તેને પણ આ સિઝનમાં થોડી જ તકો મળી છે.

### ટી-૨૦ વર્લ્ડકપ માટે ન્યૂઝીલેન્ડની ટીમ

કેન વિલિયમસન (કેપ્ટન), ફિન એલન, ટ્રેન્ટ બોલ્ટ, બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ડેરેલ મિશેલ, જિમી નીશમ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, મિશેલ સેન્ટનર, ઈશ સોઢી, ટીમ સાઉથી.

# T20 વર્લ્ડકપ માટે ચીફ સિલેક્ટર અને રોહિત શર્માની મીટિંગ

મુંબઇ,

શનિવારે દિલ્હી કેપિટલ્સ અને મુંબઇ ઈન્ડિયન્સ વચ્ચે મેચ રમાઈ હતી. દિલ્હીમાં રમાયેલી મેચ બાદ BCCIના ચીફ સિલેક્ટર અજીત અગરકર અને રોહિત શર્માની એક અનઓફિશિયલ મીટિંગ થઇ હતી. મીટિંગમાં ICC ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ ટીમની પસંદગીને લઈને ચર્ચા કરવામાં આવી હતી.

મીટિંગ બાદ BCCI સિલેક્શન કમિટીનાસૂત્રએ જણાવ્યું કે રિષભ પંત અને કેએલ રાહુલને વિકેટ કીપરના રૂપમાં ICC ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ની ટીમ માટે પસંદ કરવાની સંભાવના વધારે છે. ચેન્નાઈ સુપરકિંગ્સના ઓલ રાઉન્ડર શિવમ દુબેને પણ ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે. શિવમ દુબેએ ચેન્નાઈ સુપર કિગ્સ તરફથી સારી ઈનિંગ્સ રમી રહ્યો છે. શિવમ દુબેએ ૯ મેચમાં ૧૭૨.૪૧ના સ્ટ્રાઈક રેટ સાથે ૩૫૦ રન બનાવ્યા ચે. આ દરમિયાન તેને ૩ અડધી સદી પણ ફટકારી છે.

# રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ગુજરાત ટાઈટન્સને નવ વિકેટે હરાવ્યું

## બેંગલુરુએ ૧૬ ઓવરમાં ૧ વિકેટ ગુમાવીને ૨૦૧ રનનો ટાર્ગેટ હાંસલ કર્યો

મુંબઇ,

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ સતત બીજી જીત હાંસલ કરી છે. ટીમે સિઝનની ૪૫મી મેચમાં ગુજરાત ટાઈટન્સને ૯ વિકેટે હરાવ્યું હતું. આ જીત સાથે જ બેંગલુરુએ પ્લેઓફ માટે પોતાની આશા જીવંત રાખી છે. બેંગલુરુએ ૧૬ ઓવરમાં ૧ વિકેટ ગુમાવીને ૨૦૧ રનનો ટાર્ગેટ હાંસલ કર્યો હતો. IPLમાં સૌથી ટૂંકી ઓવરોમાં ૨૦૦થી વધુ ટાર્ગેટનો ચેઝ કરવાનો આ રેકોર્ડ છે. વિલ જેક્સે ૪૧ બોલમાં અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા જ્યારે વિરાટ કોહલીએ ૪૪ બોલમાં ૭૦ રનની અણનમ અડધી સદી ફટકારી હતી. બંનેએ ૭૪ બોલમાં ૧૬૬ રનની ભાગીદારી કરી હતી. અગાઉ, RCBએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટૉસ જીતીને ફિલ્ડિંગ કરવાનું પસંદ કર્યું હતું. ગુજરાતે ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૦૦ રન બનાવ્યા હતા. સાંઈ સુદર્શને ૮૪ રનની અણનમ ઈનિંગ રમી હતી. જ્યારે શાહરુખ ખાને અડધી સદી ફટકારી હતી. ડેવિડ મિલરે ૨૬ રનનું યોગદાન આપ્યું હતું.

# અમેરિકામાં પેલેસ્ટાઈનના સમર્થનમાં વિરોધ રહેલા ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ

## ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦૦ને પાર થઈ

વોશિગ્ટન

અમેરિકન યુનિવર્સિટીઓમાં પેલેસ્ટાઈનના સમર્થનમાં દેખાવો ઉગ્ર બન્યા છે. બાયડન પ્રશાસને શૈક્ષણિક સંસ્થાઓમાં ચાલી રહેલા આ વિરોધ પ્રદર્શનો પર કડક વલણ અપનાવ્યું છે. પોલીસે ચાર યુનિવર્સિટીઓમાં વિરોધ કરી રહેલા ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરી હતી. આ સાથે જ પેલેસ્ટાઈન તરફી પ્રદર્શનમાં ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૭૦૦ને પાર થઈ ગઈ છે.

અધિકારીઓએ જણાવ્યું કે પેલેસ્ટાઈનના સમર્થનમાં વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ નોર્થઈસ્ટર્ન યુનિવર્સિટી, ઈન્ડિયાના યુનિવર્સિટી અને વોશિંગ્ટન યુનિવર્સિટીમાં તંબુ લગાવ્યા હતા જેના કારણે યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ ખોરવાઈ ગઈ હતી. પોલીસે યુનિવર્સિટીના ૮૦થી વધુ વિદ્યાર્થીઓની ધરપકડ કરી છે. અને પરિસરને તાળા મારી દેવામાં આવ્યા છે.

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૨૦૦ દિવસથી વધુ સમયથી ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. દરમિયાન, યુએસ પ્રમુખ જો બાયડને રવિવારે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી હતી અને ગાઝામાં માનવતાવાદી સહાય વધારવા માટે વધુ ક્રોસિંગ ખોલવા પર ચર્ચા કરી હતી.

# યુસૈન બોલ્ટ ટી -૨૦ વિશ્વકપના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા, ૧૧ વખત વર્લ્ડ ચેમ્પિયન રહી ચૂક્યા છે




મુંબઇ,

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ ઓલિમ્પિક લેજેન્ડ યુસૈન બોલ્ટને આગામી આઈસીસી મેન્સ ટી ૨૦ વર્લ્ડ કપ માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે જાહેર કર્યો છે. ટી ૨૦ વર્લ્ડ જે ૧ થી ૩૦ જૂન ૨૦૨૪ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકામાં રમાશે.૧૧ વખતનો વર્લ્ડ ચેમ્પિયન બોલ્ટ જમૈકા, વેસ્ટ ઈન્ડિઝનો છે.

તેણે ૨૦૧૭માં લંડન વર્લ્ડ ચેમ્પિયનશિપ બાદ નિવૃત્તિ લીધી હતી. તેણે તેની છેલ્લી ટુર્નામેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો.બોલ્ટે કહ્યું, હું આગામી ટી ૨૦ વર્લ્ડ કપનો બ્રાન્ડ એમ્બેસેડર બનીને રોમાંચિત છું. રમત હંમેશા મારા હ્રદયમાં એક વિશેષ સ્થાન ધરાવે છે, અને હું વિશ્વ કપમાં વેસ્ટ ઈન્ડિઝની મેચમાં હાજરી આપવા અને વિશ્વ સ્તરે ક્રિકેટના વિકાસમાં યોગદાન આપવા માટે ઉત્સુક છું. જ્યારે હું વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝને ચોક્કસપણે સમર્થન આપીશ, ત્યારે અમેરિકામાં રમત લાવવી એ ક્રિકેટ માટે મોટી વાત છે. આ વિશ્વનું સૌથી મોટું સ્પોર્ટ્સ માર્કેટ છે અને અમે ટી ૨૦ વર્લ્ડ કપ માટે શું કરીશું તે ૨૦૨૮માં એલએ ઓલિમ્પિક્સમાં ક્રિકેટને સામેલ કરવાની એક શ્રેષ્ઠ તક છે.

# પાકિસ્તાન જ ઈસ્લામિક સ્ટેટના આતંકીઓને શરણ આપી રહ્યું છે’, અફઘાન વિદેશ મંત્રી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાન સાથેની બોર્ડરને માન્યતા આપવાનો ઈનકાર કરી ચુકેલા અફઘાનિસ્તાનના તાલિબાની શાસકોએ પાકિસ્તાન પર પ્રહારો કરવાનુ ચાલુ રાખ્યુ છે. તાલિબાન સરકારના વિદેશ મંત્રી આમિર ખાન મુત્તાકીએ કહ્યું છે કે, ’પાકિસ્તાનની સરકાર ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓને આશ્રય આપી રહી છે. અફઘાનિસ્તાનના ત્રણ પાડોશી દેશોએ ઈસ્લામિક સ્ટેટને ફરી બેઠા થવા દેવા માટે અનુકુળ માહોલ પૂરો પાડ્યો છે. એક દેશ આતંકવાદીઓને ઉપલબ્ધ કરાવે છે, બીજો દેશ તેમને તાલિમ અને ભંડોળ આપીને તેમના દુષ્પ્રચારને સહાય કરે છે તો ત્રીજો દેશ આતંકવાદીઓને હુમલો કરવા માટે મદદ કરે છે.’

વિદેશ મંત્રી મુત્તાકીએ કોઈ દેશનુ નામ નહોતુ લીધુ પણ તેમનો ઈશારો સ્પષ્ટપણે પાકિસ્તાન તરફ હતો. તેમણે જણાવ્યુ હતુ કે, ’કેટલાક દેશો શરુઆતમાં તો કટ્ટરવાદી સંગઠનોને સમર્થન આપે છે પણ પછીથી તેઓ તેમને અપાતો ટેકો પાછો પણ ખેંચી લેતા હોય છે.’

અફઘાનિસ્તાન ઈસ્લામિક સ્ટેટ પર રોષે ભરાયેલુ છે. કારણકે તાલિબાનને સત્તા સંભાળ્યા બાદ અફઘાનિસ્તાનમાં મોટાભાગના આતંકી હુમલા ઈસ્લામિક સ્ટેટે જ કર્યા છે. તે તાલિબાનને પોતાનુ નંબર વન દુશ્મન ગણાવે છે.

બીજી તરફ પાકિસ્તાન સાથે તાલિબાનોના સબંધો અત્યારે વણસી ચૂકયા છે. પાકિસ્તાનનો આરોપ છે કે, ’અફઘાનિસ્તાનમાં શરણ લેનારા તહેરિક એ તાલિબાન પાકિસ્તાનના આતંકીઓ પાકિસ્તાનમાં ઘૂસીને આતંકી હુમલા કરે છે અને લશ્કરને ટાર્ગેટ કરે છે.’પાકિસ્તાને પોતાની તાકાત બતાવવા માટે અફઘાનિસ્તાનમાં ગયા મહિને એર સ્ટ્રાઈક પણ કરી હતી અને ત્યારથી તાલિબાનના નેતાઓ પાકિસ્તાનની સામે બાંયો ચઢાવી રહ્યા છે. તાલિબાને તો પાકિસ્તાનને જવાબ આપવા માટે ભારત સાથે સબંધો સુધારવાનુ પણ શરૂ કરી દીધુ છે.

# મને ઈશ્કિયાંનું મારું કેરેક્ટર ખૂબ ગમે છે, એ મારા દિલની નજીક છે: વિદ્યા બાલન



મુંબઇ,

વિદ્યા હવે બહુ ફિલ્મો નથી કરતી. તે બહુ ઓછા પ્રોજેક્ટમાં જોવા મળે છે. આ અંગે એ કહે છે કે ફિલ્મો ઓછી કરું છું પણ દર વર્ષે એક ફિલ્મ કે વેબ ફિલ્મ હોય એવો પ્રયત્ન કરું છું. અલબત્ત, છેલ્લે શકુન્તલા દેવી પછીના મારા બંને પ્રોજેક્ટ નિષ્ફળ ગયા એટલે દર્શકોને એમ લાગે છે કે હું બ્રેક ઉપર છું. ખરેખર એવું નથી, મેં શાંતિથી મારી ઉપર જચે એવા રોલ કરવાનું જ નક્કી કર્યું છે. આમ પણ મારા ભરાવદાર શરીરને કારણે હું પાતળી પરમાર એક્ટ્રેસીસ જેવા રોલ નથી કરી શકતી. એ માટે કદાચ મારે વજન ઘટાડવું પડે તો એ મને મંજૂર નથી. મંજૂર એટલે નથી, કેમ કે એ મારાથી થશે નહીં.

હાલ વિદ્યા દો ઔર દો પ્યારમાં જોવા મળી રહી છે. આ ફિલ્મમાં એની સાથે પ્રતીક ગાંધી કામ કરી રહ્યો છે. દો ઔર દો પ્યાર ફિલ્મ વિશે અને પોતાના કેરેક્ટર વિશે વાત કરતાં એ કહે છે કે આ ફિલ્મમાં મારું કેરેક્ટર બોલ્ડ છે, એક પતિ અને બોયફ્રેન્ડ બંને ધરાવે છે તેમ છતાં ડીવા ટાઈપ નથી. મતલબ કે મૉડેલ જેવી નહીં પણ સામાન્ય સ્ત્રી જે ટેલેન્ટેડ છે, લાગણીશીલ છે, અલ્લડ છે અને જિદ્દી પણ છે. પતિ સાથેના અણબનાવે એને એક્સ્ટ્રા મેરિટલ અફેર કરવા પ્રેરી છે. વિદ્યા કહે છે કે આ ફિલ્મમાં મારે નેચરલ સ્ત્રી જ રહેવાનું હતું, રૂપ રૂપનો અંબાર કે પાતળી પરમાર નહોતું બનવાનું, વળી ફિલ્મની વાર્તા પણ મને ગમી હતી. એક હળવી પણ ઘણું શીખવતી ફિલ્મ છે. વાર્તા ખૂબ મજેદાર લાગી હતી એટલે મેં એ સાઈન કરી લીધી. મને કામ કરવાની મજા આવશે એવું હું પહેલાં વિચારતી હોઉં છું. જો મને વાઈબ આવે તો એ પ્રોજેક્ટ માટે તરત હા કહી દઉં છું. આમ પણ આ નોર્મલ કપલની લાઈફ દર્શાવતી ફિલ્મ છે. આવી કથા મને કાયમ આકર્ષી છે. મેં જ્યારે ઈશ્કિયાં ફિલ્મ કરી ત્યારે આ જ વિચારીને ફિલ્મ સાઈન કરી હતી. ઈશ્કિયાં ફિલ્મનું ક્રિષ્નાનું કેરેક્ટર મને ખૂબ ગમતું કેરેક્ટર હતું. આજે પણ મને કોઈ પૂછે કે તમે નીભાવેલાં તમામ કેરેક્ટરમાંથી સૌથી ગમતો રોલ તો પહેલાં સિલ્ક સ્મિતા કે પરિણીતા નહીં કહું. પહેલાં ઈશ્કિયાં ફિલ્મનું જ કહીશ.

# લંડનમાં ભારતીય હાઈ કમિશન પર હુમલાના મુખ્ય આરોપીનું પાકિસ્તાન સાથે જોડાણ

લંડન,

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને મોટી સફળતા મળી છે. એજન્સીએ ગયા વર્ષે ૨૨ માર્ચે લંડનમાં ભારતીય હાઈ કમિશન પર થયેલા હુમલા સાથે સંબંધિત કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી હતી. હવે આ મામલે નવી માહિતી સામે આવી રહી છે. ધરપકડ કરાયેલા વ્યક્તિનું પાકિસ્તાન સાથે કનેક્શન પણ સામે આવ્યું છે.

તપાસ એજન્સી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બ્રિટનના હાઉન્સલોના રહેવાસી ઈન્દરપાલ સિંહ ગાબાની ગેરકાયદેસર ગતિવિધિઓ કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. આ કેસની અત્યાર સુધીની એનઆઈએની તપાસમાં ખુલાસો થયો છે કે લંડનમાં ગયા વર્ષે ૧૯ અને ૨૨ માર્ચે બનેલી ઘટનાઓ ભારતીય મિશન અને તેના અધિકારીઓ પર હુમલાના મોટા કાવતરાનો ભાગ હતી.

ખાલિસ્તાન તરફી દેખાવકારોએ લંડનમાં ભારતીય મિશનમાં તોડફોડ કરવાનો પ્રયાસ કર્યો હતો. ૧૯ માર્ચે હાઈ કમિશન પરિસરની બહાર વિરોધ પ્રદર્શનો થયા હતા. ૨૨ માર્ચે ગાબાએ ભારત વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને ભારતીય રાષ્ટ્રધ્વજનું અપમાન કર્યું હતું. ગયા વર્ષે માર્ચમાં થયેલા હિંસક વિરોધને બ્રિટિશ સંસદમાં વારંવાર ઉઠાવવામાં આવ્યો હતો અને ત્યારથી મેટ્રોપોલિટન પોલીસ લંડનમાં ભારતીય હાઈ કમિશનની બહાર સુરક્ષા પૂરી પાડી રહી છે. આ ઘટનામાં અનેક શકમંદોની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત પંજાબ અને રાજસ્થાનમાં ૩૧ સ્થળોએ સર્ચ કરવામાં આવ્યું હતું.

હવે આ મામલે નવી માહિતી સામે

# દુલ્હને વરરાજાના વર્તનને કારણે લગ્ન કરવાની ના પાડી

સોનભદ્ર,

સોનભદ્રના કોતવાલી વિસ્તારના ધનૌરા ગામમાં અપંગ વરને જોઈને દુલ્હનએ જવાની ના પાડી દીધી. આ પછી બંને તરફથી ભારે હોબાળો થયો હતો. ચંદૌલી જિલ્લાના દેવદત્તપુર ગામમાંથી ગ્રામ પંચાયત ધનૌરામાં લગ્નની સરઘસ આવી હતી. રાત્રે લગ્નની તમામ વિધિઓ પૂર્ણ થઈ હતી. સવારે સિંદૂર દાન કર્યા બાદ કન્યાએ વરરાજાના પગને સ્પર્શ કરતાની સાથે જ વરરાજાના પગના અંગૂઠા અક્ષમ થઈ ગયા. આ જોઈને કન્યાએ વરને નકારી દીધો. જૌનપુરના કુચમુચ ગામમાં નીકળેલી લગ્નની જાન દુલ્હન વગર પરત ફરી હતી.

# પુત્રીના લગ્નમાં મૃત્યુ પામેલા પિતાએ ગરુડ પક્ષી બની આપ્યા આર્શીવાદ!

## મધ્યપ્રદેશના દમોહ જિલ્લામાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો

દમોહ,

મધ્યપ્રદેશના દમોહ જિલ્લામાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. ૩ દિવસ પહેલા અકસ્માતમાં મૃત્યુ પામેલા પિતાની પુત્રીના લગ્નમાં ગરુડ પક્ષીએ મુલાકાત લીધી હતી. નવાઈની વાત એ છે કે ગરુડે ઘરે લગ્નની તમામ વિધિઓમાં ભાગ લીધો હતો અને લગ્નની કતારમાં બેસીને ભોજન પણ લીધું હતું. રાંજરા ગામના રહેવાસી જાલમ સિંહ લોધીની પુત્રી ઈમરતીના લગ્ન ૨૧ એપ્રિલના રોજ નક્કી થયા હતા. આના ત્રણ દિવસ પહેલા ૧૮મીએ પિતા ઝાલમનું રોડ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. આ પછી ગામના લોકોએ તેમની દીકરીના લગ્ન મંદિરમાં કરવાનો નિર્ણય લીધો. લગ્નની તૈયારીઓ વચ્ચે અચાનક એક ગરુડ પક્ષી ઉડીને ઘરના આંગણામાં બેસી ગયું. લાંબા સમય સુધી લોકોએ ગરુડને ભગાડવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે ઉડ્યું નહી. પછી ઈમરતીની માતા નૌનીબાઈ, જેઓ કન્યા બનવા જઈ રહી હતી, તેમણે પક્ષીને દૂધ પીવડાવ્યું. આ પછી પક્ષી પરિવારના સભ્યો સાથે સંપૂર્ણપણે મૈત્રીપૂર્ણ બની ગયું.

આટલું જ નહીં, જ્યારે પરિવારના સભ્યો લગ્ન માટે મંદિર જવા નીકળ્યા ત્યારે એક ગરુડ પણ તેમના ખભા પર બેઠેલું દેખાયું. લગ્નની વિધિ દરમિયાન ગરુડ દરેક ક્ષણે હાજર હતો.

લગ્નના મહેમાનો સાથે કતારમાં ખુરશી પર બેસીને પક્ષીએ પણ ખોરાક ખાધો. આ પછી, સ્ટેજ પર માળા પહેરાવવાની વિધિ દરમિયાન તે ગયો અને કન્યાના માથા પર બેસી ગયો. સોશિયલ મીડિયામાં આ લગ્નનો વીડિયો વાયરલ થયો છે. હિંદુ શાસ્ત્રમાં માન્યતા છે કે મૃત્યુ પામ્યાના ૧૨ દિવસ સુધી તે વ્યક્તિ પોતાના ઘર સાથે જોડાયેલો રહે છે.

# બોલિવૂડે મને સફળતા સહિત ઘણું આપ્યું છે : અભિનેત્રી આલિયા ભટ્ટ



મુંબઇ,

બોલિવૂડથી એકમાત્ર એક્ટ્રેસનું નામ હોલિવૂડની ફિલ્મ ’હાર્ટ ઓફ સ્ટોન’ બોલવામાં આવ્યું હતું. આ ફિલ્મના નિર્દેશક, નિર્માતા અને લેખક ટોમ હાર્પરે આલિયાની પસંદગી પર ગર્વ અનુભવ્યો હતો. તેઓ આલિયા ભટ્ટની એક્ટિંગથી પ્રભાવિત થયા હતા અને આલિયા આ ફિલ્મનો એક સફળ ભાગ બની હતી જે માટે તેમણે જાહેરમાં આલિયાનાં વખાણ પણ કર્યાં હતાં. એટલું જ નહીં પરંતુ તેમણે એક નામી મેગેઝિનમાં હકીકતમાં ઈન્ટરનેશનલ સ્ટાર તરીકેની પણ તેમની પ્રશંસા કરી હતી.

બોલિવૂડની પહેલી હરોળની એક્ટ્રેસમાં આલિયાનું નામ સૌથી મોખરે આવે છે. મોટાભાગના ફિલ્મ મેકર્સ તેમને પોતાની ફિલ્મમાં લેવા માંગતા હોય છે. તો કેટલાક ફિલ્મ મેકર્સને આલિયા ભટ્ટ પર એટલો વિશ્વાસ છે કે જો તેઓ કોઈ સ્ત્રીપ્રધાન ફિલ્મ બનાવે અને તેમાં આલિયા ભટ્ટને લેવામાં આવે તો તે ફિલ્મ બેશક બોક્સઓફિસ રેકોર્ડબ્રેક કરી શકે છે. અલબત્ત, બોલિવૂડમાં આલિયા ભટ્ટના નામના સિક્કા પડે છે. વધુમાં તેમણે હોલિવૂડમાં પણ ફિલ્મ કરી હોવાથી તેમની ગણના હવે ગ્લોબલ સ્ટાર તરીકે પણ થવા લાગી છે. એક મીડિયા રિપોર્ટ પ્રમાણે આલિયા પાસે કેટલાક હોલિવૂડ પ્રોજેક્ટ છે પરંતુ તેની હજી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી! જ્યારે હાલમાં કેટલાક બોલિવૂડ ફિલ્મી પ્રોજેક્ટ પણ તેની પાસે છે જે બૅક ટૂ બૅક રિલીઝ કરવામાં આવશે.

આલિયા ભટ્ટે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક ગુપ્ત પોસ્ટ શૅર કર્યા બાદ તેના ફેન્સ વિચારોમાં પડી ગયા છે અને અટકળો કરવા લાગ્યા છે. આલિયા ભટ્ટે સોશિયલ મીડિયા પર તોફાનો વિશેની ધારણાઓ શૅર કરી છે જેને લઈને તેના ફેન્સ અને અન્ય સોશિયલ મીડિયા યૂઝર્સ માટે તે કયું તોફાન હશે તે જાણવા માટે અધીરા બન્યા છે. તો બીજી તરફ તેઓ પોતાનાં લગ્નની વર્ષગાંઠની ઉજવણી પણ કરી રહ્યા છે અને તેમના ફેન્સ તેમને અધધ... શુભેચ્છાઓ પણ પાઠવી રહ્યા છે.

# જામનગરના ૨૧ ચિત્રકારોએ ઐતિહાસિક સ્થળોના ૪૦ જેટલા ચિત્રો બનાવી દેશના અમુલ્ય વારસાની જાળવણીનો સંદેશો આપ્યો

## વર્લ્ડ હેરીટેજ દિવસની ઉજવણી અંતર્ગત જામનગર પુરાતત્વિય સંગ્રહાલય ખાતે વિશેષ એકઝીબિશન યોજાયુ






જામનગર : દર વર્ષે ૧૮મી એપ્રિલે સાંસ્કૃતિક વારસાની જાળવણી અને મહત્વ વિશે જાગૃતિ લાવવા અને વિશ્વના વારસાની વિવિધતાની ઉજવણી કરવા માટે વર્લ્ડ હેરીટેજ ડે મનાવવામાં આવે છે.વર્લ્ડ હેરિટેજ દિવસની ઉજવણીનો વિચાર ૧૯૮૨માં ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ (ICOMOS) દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો અને બાદમાં ૧૯૮૩માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી.

વર્લ્ડ હેરીટેજ ડે ઉજવણી અંતર્ગત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત પુરાતત્વ અને સંગ્રહાલય ખાતાના પુરાતત્વીય સંગ્રહાલય, જામનગર ખાતે તા.૧૮મી એપ્રિલ ૨૦૨૪ના રોજ "વર્લ્ડ હેરીટેજ ડે એક્શિબિશન"નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેનુ ઉદઘાટન નિવૃત ચિત્ર શિક્ષક અને જામનગરના સિનિયર આર્ટીસ્ટ જગદીષભાઇ જોષીના વરદહસ્તે કરવામાં આવ્યુ હતુ. આ એક્સિબિશનમાં વોટર કલર, એક્રેલિક, પેન્સીલ, કેનવાસ વર્કસાથે હેરિટેજ થીમ ઉપર જામનગરનાં જાણીતાં અનુભૂતિ ગ્રુપનાં કુલ ૨૧ ચિત્રકારો દ્વારા અંદાજિત ૪૦ જેટલા ચિત્રોનું પ્રદર્શન કરવામાં આવેલ.જેમાં દેશ-વિદેશનાં હેરીટેઝ સ્થળો જેવા કે, ઈજિપ્તનાં પિરામીડ, તાજમહાલ, રાણીની વાવ, નવલખા મંદિર તેમજ જામનગરનાં સ્થાનિક ઐતિહાસિક સ્થળો જેવા કે, ભૂજીયો કોઠો ભીડભંજન મહાદેવ, સુખનાથ મહાદેવ, સૈફી ટાવર, પંચેશ્વર ટાવર, સોલેરીયમ, સજુબા કન્યા શાળા, રણજીતસાગર ડેમ, કાશી વિશ્વનાથ મહાદેવ, ખંભાળીયા ગેટ, ત્રણ દરવાજા, ધન્વંતરિ મંદિર ઉપરાંત જામનગરના અમૂલ્ય ધરોહર સમાન પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તકનાં રાજ્ય રક્ષિત સ્મારક લાખોટા કોઠાના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ અંગે પુરાતત્વીય સંગ્રહાલય જામનગરના ક્યુરેટર ડૉ.ધીરજ ચૌધરીએ જણાવેલ વિશ્વ ધરોહર દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ વિશ્વભરની ઐતિહાસિક ઈમારતો, સ્મારકો અને પુરાતત્વીય સ્થળોને બચાવવાનો છે.જેથી કરીને આવનારી પેઢીઓ માટે આ વારસાને સાચવી શકીએ.આ દિવસનો ઉદ્દેશ્ય વિશ્વની વિરાસત અને વિવિધતાને લોકો સુધી પહોંચાડવાનો છે.આ પ્રદર્શનમાં ૧૭ વર્ષ થી ૭૦ વર્ષ સુધીનાં કલાકારોએ ભાગ લીધેલ. તેમજ બહોળી સંખ્યામાં જામનગરની કલારસિક જનતાએ ચિત્ર-પ્રદર્શનીનો લાભ લીધેલ હતો.

# ભાણવડના ગડુ ગામે ગૌમાતા પર અજાણ્યા નરાધમોનો તીક્ષ્ણ હથિયાર વડે હુમલો

ખંભાળિયા : ભાણવડ તાલુકાના ગડુ ગામના વાડી વિસ્તારમાં શુક્રવારે રાત્રે એક બિનવારસુ ગાય ચારો ખાવા માટે કોઈ વાડી ખેતરમાં ગઈ હોય, જેને લીધે કથિત રીતે આ વાડીના વિકૃત મગજના મનાતા આ વાડી માલિક દ્વારા આ ગાય પર કુહાડા જેવા તીક્ષ્ણ હથિયારથી પેટની નીચેના ભાગે ઘા ઝીંકીને ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

ઈજાગ્રસ્ત બનેલી આ ગાય લોહી-લોહાણ અવસ્થામાં ગામ તરફ આવતા ગડુ ગામના ગ્રામજનો દ્વારા આ ગામના એનિમલ લવર્સ ગ્રુપને જાણ કરવામાં આવી હતી. જેથી જીવદયા પ્રેમી યુવાનો અને પૂનમબેન માડમ ટ્રસ્ટના વેટરનરી ડોકટર દ્વારા આ ઈજાગ્રસ્ત ગાયને અઢાર જેટલા ટાંકા લઈને જરૂરી સારવાર કરવામાં આવી હતી.

આ અબોલ જીવ પર આ પ્રકારનું કૃત્ય આચરનાર નરાધમ વ્યક્તિને બોધપાઠ મળે તેવી માંગ પણ ઉઠી છે. માનવતાને શર્મસાર કરતા આ બનાવથી પંથકનાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ અને ફિટકારની લાગણી પ્રસરી ગઈ છે.

# ખંભાળિયા તથા કલ્યાણપુરમાં લોકશાહીના અવસરમાં અચૂક મતદાન કરવા બેનરો લગાવાયા








દ્વારકા : લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૭મી મેના રોજ મતદાન થનાર છે ત્યારે જિલ્લાના મતદારો વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના પર્વમાં ઉમેળકાભેર સહભાગી થાય અને મુક્ત મને મતદાન કરી શકે તેવા સક્રિય પ્રયાસો દેવભૂમિ દ્વારકા જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર જી. ટી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ ઓફિસર દ્વારા વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો થઈ રહ્યા છે.

જે અનુસંધાને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તથા કલ્યાણપુરના વિવિધ વિસ્તારોમાં લોકશાહીના મહાપર્વમાં અચૂક મતદાન કરે તે માટે 'અવસર લોકશાહીનો'ના મતદાન જાગૃતિ અંગેના બેનરો લગાવાયા છે.

# જામનગરમાં નિરંકારી મિશન દ્વારા રક્તદાન શિબિર યોજાઇ

જામનગર : નિરંકાર પ્રભુએ આપણને આપેલા આ માનવ જીવનની દરેક ક્ષણ માનવતાને સમર્પિત કરી શકાય છે; જ્યારે આપણા હૃદયમાં પરોપકારની આટલી સુંદર ભાવના ઉત્પન્ન થાય છે, ત્યારે વાસ્તવમાં સમગ્ર માનવતા આપણા પોતાના સ્વરૂપે દેખાવા લાગે છે. ત્યારે દરેકના સુખાકારીની ઈચ્છા આપણા જીવનનું ધ્યેય બની જાય છે." ઉપરોક્ત નિવેદન સતગુરુ માતા સુદીક્ષાજી મહારાજે 'માનવ એકતા દિવસ' નિમિત્તે તમામ ભક્તોને સંબોધિત કરતાં વ્યક્ત કર્યું હતું.

માનવ એકતા દિવસનો પવિત્ર અવસર બાબા ગુરબચન સિંહ જીની માનવતા પ્રત્યેની સાચી સેવાઓને સમર્પિત છે જેમાંથી નિરંકારી વિશ્વના દરેક ભક્ત તેમના જીવનના કલ્યાણ માટે પ્રેરણા લઈ રહ્યા છે.

સંત નિરંકારી મિશનની સામાજિક શાખા, સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા આજે સમગ્ર ભારતમાં ૨૦૭ સ્થળોએ




વિશાળ રક્તદાન શિબિરોની શ્રેણીનું આયોજન કર્યું હતું જેમાં અંદાજે ૫૦,૦૦૦ યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. જામનગર માં પટેલ સ્થિત,સંત નિરંકારી સત્સંગ ભવન, ખાતે આયોજિત રક્તદાન શિબિરમાં, તમામ રક્તદાતા ઓ એ ઉત્સાહપૂર્વક અને સ્વેચ્છાએ ૧૦૮ યુનિટ રક્તનું દાન કર્યું હતું.

આ અવસરે નિરંકારી રાજપિતા રમિતજી એ પણ રક્તદાન કર્યું, જે નિઃશંકપણે મિશન ના ભક્તો અને યુવા સેવકો માટે પ્રેરણાસ્ત્રોત હતું. આ તમામ રક્તદાન શિબિરોમાં રક્તદાન કરતા પહેલા પરીક્ષણ અને સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ સાથે રક્તદાતાઓ માટે ઉત્તમ નાસ્તાની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી

નિષ્કામ સેવાના સુંદર ભાવ ને સંબોધતા સત્ગુરુ માતાજીએ સમજાવ્યું છે કે જ્યારે અમારા મનમાં નિષ્કામ સેવાનો ભાવ ઉત્પન્ન થાય છે ત્યારે આ વિશ્વ વધુ સુંદર લાગે છે ત્યારે આપણી સેવા ભાવના સાકાર અને કર્મ સ્વરૂપે સમસ્ત માનવ પરિવાર માટે વરદાન બની જાય છે રક્તદાન, માનવ જીવનને બચાવવા માટે એક એવી સર્વોપરી સેવા છે જેમાં પરોપકારની નિઃસ્વાર્થ ભાવના નિહિત છે.

# લાલપુર બાયપાસ ચોકડી પાસે ટ્રક સાથે બાઈક ટકરાતા ચાલક ગંભીર રીતે ઘાયલ

## સાઈડ બંધ હોવા છતા બાઈક ચાલકે રસ્તો ઓળંગવાની કોશિશ કરતાં ટ્રકના જોટામાં ઘૂસી ગયો

જામનગર : જામનગર નજીક લાલપુર બાયપાસ ચોકડી પાસે આજે સવારે એક અકસ્માત સર્જાયો હતો. જી.જે.૧૦ સી.એફ. ૩૪૯૨ નંબરના બાઈક નો ચાલક સાઈડ બંધ હોવા છતાં પોતાનું વાહન ચાલુ કરી દઈ રસ્તો ઓળંગવા જતાં સામેથી આવી રહેલા જીજે ૧૦ ઝેડ ૬૦૪૪ નંબરના ટ્રક સાથે ટકરાઈ ગયો હતો, અને ગંભીર સ્વરૂપે ઘાયલ થયો છે.

બાઈક ચાલક ટ્રકના પાછળના જોટામાં ટકરાઈને બેશુદ્ધ બન્યો હતો.



સદભાગ્ય ટ્રક ચાલકે બ્રેક મારી દેતાં બાઈક ચાલકનું માથું ટ્રક ના તોતિંગ વ્હીલ નીચે આવતા બચી ગયો હતો. પરંતુ હાલ તે ગંભીર સ્વરૂપે ઘાયલ થયો હોવાથી સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અકસ્માતના બનાવ સમયે લોકોનું ટોળું એકત્ર થઈ ગયું હતું. જ્યારે ટ્રકનો ચાલક પોતાનો ટ્રક છોડીને ભાગી છુટ્યો હતો. સમગ્ર મામલાની જાણ થતાં પંચકોષી બી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.-

# વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજમાં GCAS પોર્ટલ અને કેરિયર કાઉન્સેલિંગ સેમીનારનું આયોજન

જામનગર : વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ જામનગરમાં તા.૩૦/૦૪/૨૦૨૪, સવારે ૯ વાગ્યે GCAS portal (ધોરણ ૧૨ના તમામ વિધાર્થીઓએ કોલેજમાં અભ્યાસ કરવા માટે આ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે) પર રજીસ્ટ્રેશન તથા કોમ્પ્યુટર સાયન્સ, કોમર્સ, આર્ટસ તથા સાયન્સના વિદ્યાર્થીઓ માટે કેરિયર કાઉન્સેલિંગ સેશનનું આયોજન વિનામૂલ્યે કરવામાં આવેલ છે.જેમાં વાલીઓ તથા વિદ્યાર્થીઓએ ભાગ લેવા અનુરોધ કરવામાં આવેલ છે. આ સેમીનારમાં ભાગ લેવા માટે નીચે દર્શાવેલ લીંકમાં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. https://tinyurl.com/bdhxfywm. વધુ માહિતી માટે જામનગર : વિદ્યાસાગર ઈન્ફોટેક કોલેજ, સિલ્વર પ્લાઝા, ૭ પટેલ કોલોની, પી. એન. માર્ગ,જામનગર અથવા ૦૨૮૮-૨૭૫૦૮૬૮, મો. નં. ૯૮૨૪૮૭૨૬૭૯ પર સંપર્ક કરી શકશો.

# આગામી સોમવારે ૧૦૬ મો નિ:શુલ્ક સદગુરૂ નેત્રયજ્ઞ યોજાશે

દ્વારકા : પૂજ્ય શ્રી પ્રેમભિક્ષુજી મહારાજની ૫૪મી પુણ્યતિથિ ઉપક્રમે પૂજ્ય રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પીટલ, રાજકોટ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારકા, માતૃશ્રી મોંધીબેન હ.વિ.ગો.મે. ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી આનંદભાઈ ગોકાણીના સહયોગથી તા.૨૯-૪-૨૦૨૪ ને સોમવારના રોજ શ્રી લોહાણા મહાજન વાડી, દ્વારકા ખાતે સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ સુધી નિ:શુલ્ક નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજકોટના આંખના નિષ્ણાંત ડોકટર્સની ટીમ સેવા આપશે. જેમાં આંખના રોગનું નિદાન કરી દવા આપવામાં આવશે અને મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને કેમ્પના દિવસે જ રાજકોટ લઈ જઈ નિ:શુલ્ક મોતિયાનું ઓપરેશન કરાવી નેત્રમણી બેસાડી ટ્રીટમેન્ટ કરી દ્વારકા પરત લાવવામાં આવશે. દર્દીઓને લાવવા લઈ જવા, રહેવા-જમવાની સુવિધા પણ વિના મુલ્યે રાખેલ છે. આ કેમ્પમાં ચશ્માના નંબર કાઢી આપવામાં આવશે નહી. તો આ કેમ્પનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ છે. કેમ્પના દિવસે સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ વચ્ચે નામ નોધાવવાનું રહેશે.

કેમ્પ અંગે સંપર્ક (૧) અશ્વિનભાઈ સી. ગોકાણી (દ્વારકા) મો.નં. ૯૮૭૯૧ ૭૭૧૪૦ (૨) દિલીપભાઈ કોટેચા (મીઠાપુર) મો.નં. ૯૮૨૪૨ ૩૮૧૬૩ (૩) હસમુખભાઈ કાનાણી (સુરજકરાડી) મો.નં. ૮૧૨૮૫ ૯૫૯૯૬.

# કલ્યાણપુરના જુવાનપર ગામે બે કાર વચ્ચે અકસ્માતમાં ચાર વ્યક્તિ ઘાયલ

ખંભાળિયા : ખંભાળિયા - દ્વારકા ધોરીમાર્ગ પર કલ્યાણપુરથી આશરે ૩૦ કિલોમીટર દૂર જુવાનપુર ગામ નજીકથી જી.જે. ૦૩ ડી.જી. ૦૯૪૪ નંબરની હ્યુન્ડાઈ એસેન્ટ મોટરકાર લઈને બોરસદથી દ્વારકા તથા હર્ષદ માતાજીના દર્શન કરવા નીકળેલા બોરસદ ગામના રહીશ એવા ઉત્તમસિંહ રણછોડભાઈ રાઠોડ નામના ૩૫ વર્ષના રાજપૂત યુવાનની મોટરકાર સાથે પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા જી.જે. ૩૭ ડી. ૯૬૫૬ નંબરની એક અલ્ટો મોટરકારના ચાલકે ધડાકાભેર અકસ્માત સર્જતાં આ અકસ્માતમાં કારના ચાલક ઉત્તમસિંહ રાઠોડ સાથે જયાબેન, સોનલબેન તથા મનહરબાળા ઉર્ફે ડિમ્પલબેનને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.



આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસે ઉત્તમસિંહ રણછોડભાઈ રાઠોડની ફરિયાદ પરથી અલ્ટો કારના ચાલક સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં બે ટાબરિયા બે ચોરાઉ બાઈક સાથે પકડાયા

જામનગર : જામનગરના સુભાષ બ્રિજ નીચે નદીના પટ વિસ્તારમાં બે સગીરને બે ચોરાઉ બાઈક સાથે પોલીસે ઝડપી લીધા છે.

જામનગરમાં ધરારનગર વિસ્તારમાં રહેતા એક યુવાને પોતાનું બાઈક ગત તાં. ૨૧ ના પ્રદર્શન મેદાનની સામેના ભાગમાં પાર્ક કર્યું હતું, જ્યાંથી કોઈ તસ્કરો ચોરી કરી લઇ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવી હતી. જે અંગે પોલીસે તપાસ શરૂ કરી હતી. દરમ્યાન પોલીસને બાતમી મળી હતી કે, બે સગીર વયના છોકરાવ નદીના પટમા ચોરાઉ બાઈક સાથે હાજર છે. આથી પોલીસે દરોડો પાડી બે સગીર બાળકોને ઝડપી લીધા હતા. અને તેમની પાસેથી બે ચોરાઉ બાઈક કબ્જે કર્યા હતાં. ચોરાઉ બાઈક અંગે પુછપરછ કરતા એક બાઈક જામનગરના પ્રદર્શન મેદાન પાસેથી અને બીજુ બાઈક બે માસ પહેલા રાજકોટમાંથી ઉઠાંતરી કર્યાની કબૂલાત આપી હતી.

# ખંભાળિયાની હાપીવાડી શાળાના વિદ્યાર્થીઓના વિદાય સમારોહ યોજાયો

જામખંભાળિયા : ખંભાળિયા નજીક આવેલા હાપીવાડી ગ્રામ પંચાયત વિસ્તારમાં સ્થિત સરકારી હાપીવાડી પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં ધોરણ ૮ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી.

આ સમારંભમાં શાળાના આચાર્ય તથા શિક્ષકોએ વિદ્યાર્થીઓને ઉજવળ ભવિષ્ય અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમના અંતમાં અલ્પાહાર સાથે સામુહિક તસવીરો લઈ અને શિક્ષકોના આશીર્વાદ બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

## શ્રી રઘુવંશી સોશ્યલ ગૃપ, શ્રી જલારામ મંદિર, દ્વારકા દ્વારા ત્રણ આદર્શ લગ્ન સંપન્ન થયા

દ્વારકા : શ્રી રઘુવંશી સોશ્યલ ગૃપ, શ્રી જલારામ મંદિર દ્વારકા દ્વારા માત્ર ૧(એક) રૂપિયાના ટોકનથી થતા માતુશ્રી વિરબાઈમાઁ આદર્શ લગ્નમાં ત્રણ લગ્ન સંપન્ન થતા અત્યાર સુધી કુલ ૩૩૦ લગ્નો સંપન્ન થયા છે. આ લગ્નમાં યજમાન કાંતિભાઈ રૂઘાણી (મુંબઈ), મનોજભાઈ તુલસીદાસ ભાયાણી (સુરજકરાડી), અસ્મીતાબેન દીલીપભાઈ ઠક્કર (દુબઈ) રહેલ. લગ્નોત્સવને સફળ બનાવવા માટે અશ્રૃવિનભાઈ ગોકાણી, નટુભાઈ રૂપારેલીયા, કે.જી.હિન્ડોચા તથા ટ્રસ્ટીમંડળ અને શ્રી જલારામ મહિલા સત્સંગ મંડળની બહેનોએ જહેમત ઉઠાવેલ.



# વિપશ્યના એક દિવસીય શિબિર

આથી વિપશ્યના સાધના કેન્દ્રનાં જુના સાધકોને જાણ કરવામાં આવે છે કે, તા.૨૮-૦૪-૨૦૨૪ રવિવારે સવારના ૦૮-૦૦ થી ૧-૦૦ દરમ્યાન એક દિવસીય શિબિરનું આયોજન કરેલ છે. તો જુના સાધકોને શિબિરમાં બેસવા માટે હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે. (જૂના સાધકોએ રજીસ્ટ્રેશન તા.૨૭–૦૪-૨૦૨૪ સુધીમાં અચૂક કરાવવાનું રહેશે.ભોજનની વ્યવસ્થા રાખેલ છે.) સ્થળ– શ્રી મહેશભાઈ કટારમલ, ૪૦૧, મધુરમ એપાર્ટમેન્ટ, ખારા કુવા શેરી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા રોડ, જામનગર. રજીસ્ટેશન માટે ૯૫૫૮૮ ૦૫૩૦૮,૯૯૦૯૦ ૧૦૨૪૫

## અવસાન નોંધ

**જામનગર :** ઔ.સ.ઝાલાવાડી બ્રાહ્મણ હડીયાણા ચોવિસી દિવ્યેશભાઈ (નિવૃત દિગજામ) મુ. હડીયાણા હાલ જામનગર તે સ્વ. ડો. તરુણભાઈ વી. જાની (નિવૃત મેડિકલ ઓફિસર) હડીયાણાના પુત્ર તે અલ્કાબેનના પતિ તે સ્વ. હસમુખભાઈ, સ્વ. મુકેશભાઈ તેમજ મનીષભાઈના ભાઈ તે કિશન તેમજ હિરલ જીગરભાઈ રાવલના પિતા, તે વીણાબેન વૃજલાલ મેહતાના જમાઈનું ૨૫-૦૪-૨૦૨૪ના અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા.૨૯-૦૪-૨૦૨૪ સાંજના ૫:૦૦ થી ૫:૩૦ સોમવારના પાબારી હોલ જામનગર રાખેલ છે.

**જામનગર :** શાંતાબેન પ્રભુદાસભાઈ પાલા (ઉ.વ.૯૪) તે સ્વ. પ્રભુદાસભાઈ ભાણજીભાઈ પાલા (હરીપરવાળા, હાલ જામનગર)ના પત્ની તથા રસીકભાઈ તેમજ સુરેશભાઈ પાલા (હરીપરવાળા)ના માતુશ્રી તથા સ્વ.મનસુખભાઈ ઝવેરી તેમજ જેંતીલાલ ભાણજીભાઈ પાલાના ભાભી થાય તથા નિમેષ, જય, મીરાબેન (વેરાવળ) અને યશના દાદી તા.૨૭-૪-૨૦૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તા.૨૯-૪-૨૦૨૪, સોમવારના રોજ બપોરે ૪ થી ૪:૩૦ વાગ્યે પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે રાખવામાં આવેલ છે.

# ચારધામ યાત્રા માટે ૧૧ દિવસમાં ૧૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ કર્યું રેકોર્ડબ્રેક રજિસ્ટ્રેશન

દહેરાદુન,
ઉત્તરાખંડની ચારધામ યાત્રા આ વર્ષે ૧૦મી મે ૨૦૨૪થી શરૂ થઈ રહી છે. જેના માટે પ્રવાસન વિભાગે ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ કર્યું છે. આ વર્ષે ચારધામ યાત્રા માટે મોટી સંખ્યામાં યાત્રિકો નોંધણી કરાવી રહ્યા છે. ૧૫મી એપ્રિલથી રજીસ્ટ્રેશન શરૂ થયા બાદ ૨૫મી એપ્રિલ સુધીમાં કુલ ૧૫ લાખ ૧૨ હજાર ૯૯૩ ભક્તોએ પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું છે.

જ્યારે ગત વર્ષે ૫૪.૮૨ લાખ



શ્રદ્ધાળુઓ ચારધામ યાત્રાએ પહોંચ્યા હતા. આ વખતે ચારધામ યાત્રામાં વિક્રમી સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે તેવી અપેક્ષા છે. ચારધામ યાત્રા માટે દેશ-વિદેશમાંથી આવતા યાત્રિકોની સુવિધા માટે પ્રવાસન વિભાગે ૧૫ એપ્રિલથી રજીસ્ટ્રેશન શરૂ કર્યું હતું. પર્યટન વિભાગના રિપોર્ટ અનુસાર, છેલ્લા ૧૧ દિવસમાં ૧૫ લાખ ૧૨ હજાર ૯૯૩ પ્રવાસીઓએ બદ્રીનાથ, કેદારનાથ, ગંગોત્રી, યમુનોત્રી અને હેમકુંડ સાહિબની મુલાકાત લેવા માટે નોંધણી કરાવી છે.

જેમાં સૌથી વધુ ૫,૨૧,૦૫૨ તીર્થયાત્રીઓએ કેદારનાથ માટે, ૪,૩૬,૬૮૮ બદ્રીનાથ ધામ માટે, ૨,૭૭,૯૦૧ ગંગોત્રી ધામ માટે, ૨,૫૩,૮૮૩ યમુનોત્રી ધામ માટે જ્યારે ૨૩,૪૬૯ તીર્થયાત્રીઓએ હેમકુંડ સાહિબ માટે નોંધણી કરાવી છે. સરકારને આશા છે કે આ વખતે પણ ચારધામ યાત્રાએ આવનાર શ્રદ્ધાળુઓ નવો રેકોર્ડ સર્જશે. ચારધામ યાત્રા દરમિયાન આરોગ્ય વિભાગ ખૂબ જ સતર્ક રહે છે . આ માટે રજીસ્ટ્રેશન કરાવનાર ભક્તોની હેલ્થ ચેકઅપ કરવામાં આવે છે. જો તેમને શ્વાસ લેવામાં તકલીફ હોય અથવા ચઢી ન શકતા હોય તો આવા લોકોની અરજીઓ ફગાવી દેવામાં આવે છે.

# સંઘ શરૂઆતથી જ બંધારણ અનુસાર તમામ અનામતનું સમર્થન કરે છે : મોહન ભાગવત

નવીદિલ્હી,
આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું કે, સંઘ પરિવારે ક્યારેય પણ કેટલાક ગ્રુપને આપવામાં આવેલા અનામતનો વિરોધ કર્યો નથી. હૈદરાબાદમાં એક શૈક્ષણિક સંસ્થાના કાર્યક્રમમાં ભાગવતે કહ્યું કે, જ્યાર સુધી જરૂર હોય અનામત વધારવું જોઈએ.મોહન ભાગવતે કહ્યું, "સંઘ શરૂઆતથી જ બંધારણ અનુસાર તમામ અનામતનું સમર્થન કરતું રહ્યું છે પરંતુ કેટલાક લોકો ખોટા વીડિયો પ્રસાર કરી રહ્યાં છે." મોહન ભાગવતનું આ નિવેદન અનામતને લઈને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ચાલી રહેલા વાકયુદ્ધ વચ્ચે આવ્યું છે.આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે ગત વર્ષે નાગપુરમાં કહ્યું હતું કે, જ્યાર સુધી સમાજમાં ભેદભાવ છે ત્યાર સુધી અનામત ચાલુ રહેવું જોઈએ. મોહન ભાગવતે કહ્યું, "એક વીડિયો પ્રસાર કરવામાં આવી રહ્યો છે કે આરએસએસ અનામત વિરૂદ્ધ છે અને અમે તેના વિશે બહાર બોલી શકતા નથી. હવે આ પુરી રીતે ખોટો છે. આ અસત્ય વાતો છે અને ખોટી વાત છે. સંઘ શરૂઆતથી જ બંધારણ અનુસાર, તમામ અનામતનું સમર્થન કરતું રહ્યું છે."દેશમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે બે તબક્કામાં ૧૯૦ બેઠકો પર ચૂંટણી યોજાઇ ગઇ છે અને પાંચ તબક્કા હજુ પણ બાકી છે. પહેલા પણ કેટલીક પાર્ટીના નેતા ભાજપ અને આરએસએસ પર આરોપ લગાવતા રહ્યાં છે કે તે અનામત ખતમ કરી નાખશે. આ બધા વચ્ચે હવે ચૂંટણીના સમય વચ્ચે અનામતને લઈને એક વીડિયો સર્કુલેટ થઇ રહ્યો છે જેના પર મોહન ભાગવતે સ્પષ્ટતા કરી છે.

# પૂર્વ વડાપ્રધાન દેવગૌડાના પુત્ર અને પૌત્ર વિરુદ્ધ જાતીય સતામણીનો કેસ

## મહિલાએ કહ્યું- સ્ટોર રૂમમાં યુવતીઓને બોલાવીને કરતા છેડતી

નવીદિલ્હી,
ભૂતપૂર્વ પ્રધાન એચડી દેવગૌડાના પુત્ર એચડી રેવન્ના અને પૌત્ર હસન સાંસદ પ્રજ્વલ રેવન્ના પર જાતીય સતામણી અને પીછો કરવાના સનસનાટીભર્યા આરોપો લાગ્યો છે. તેમના ઘરે રસોઈનું કામ કરી ચૂકેલી મહિલાએ કર્ણાટકના હાસનના હોલેન રસીપુર પોલીસ સ્ટેશનમાં આ મામલે કેસ દાખલ કર્યો છે. સાંસદરેવન્ના પર ઘણી મહિલાઓના યૌન શોષણનો આરોપ છે એટલું જ નહીં આ તમામનો અશ્લિલ વીડિયો પણ બનાવવામાં આવ્યો છે. આમાંથી ઘણી વીડિયો ક્લિપ્સ સોશિયલ મીડિયા પર વાયરલ પણ થઈ રહી છે. કર્ણાટકની સિદ્ધારમૈયા સરકારે જીૈં તપાસના આદેશ આપ્યા છે. ફરિયાદ પર પોલીસે આઈપીસીની કલમ ૩૫૪છ, ૩૫૪ઙ, ૫૦૬ અને ૫૦૯ હેઠળ કેસ નોંધ્યો છે.

તેણીએ આક્ષેપ કર્યો હતો કે એચડી રેવન્નાએ તેના ઘરે કામ કરવાનું શરૂ કર્યાના ચાર મહિના પછી જ તેણીને જાતીય સતામણી કરવાનું શરૂ કર્યું હતું. તેમનો પુત્ર પ્રજ્વલ રેવન્ના તેમની પુત્રીને વીડિયો કોલ કરતો હતો અને તેની સાથે અશ્લિલ વાતચીત કરતો હતો.

રેવન્ના પરિવારમાં રસોઈ બનાવતી મહિલાએ એ પણ આરોપ લગાવ્યો કે જ્યારે પણ એચડી રેવન્નાની પત્ની ઘરની બહાર જતી, ત્યારે તેઓ મહિલાઓને સ્ટોર રૂમમાં બોલાવતા અને ફળ આપતી વખતે તેમને સ્પર્શ કરતા હતા.

# AAP કેમ્પેન સોન્ગ બદલે : ચૂંટણી પંચનો આદેશ

## આમ આદમી પાર્ટીને સોન્ગમાં બદલાવ કરવા અને તેને ફરીથી સબમિટ કરવા જણાવ્યું છે

નવીદિલ્હી,
ભારતના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે જ્યારે ચૂંટણી પંચ કોઈપણ પક્ષના કેમ્પેન સોન્ગ પર પ્રતિબંધ લગાવ્યો છે. ચૂંટણી પંચે આમ આદમી પાર્ટી ને તેના ચૂંટણી કેમ્પેન સોન્ગમાં ફેરફાર કરવા કહ્યું છે. ECએ કેબલ ટેલિવિઝન નેટવર્ક નિયમો, ૧૯૯૪ અને ECIમાર્ગદર્શિકાને ટાંકીને, AAPને સોન્ગમાં બદલાવ કરવા અને તેને ફરીથી સબમિટ કરવા જણાવ્યું છે. સોન્ગની ચકાસણી કર્યા બાદ જ તેને સર્ટિફિકેટ આપવામાં આવશે.ECIએ કહ્યું કે ગીતની લાઈન 'જેલ કે જવાબ મેં હમ વોટ દેંગે' સાથે ગુસ્સે ભરાયેલી ભીડ જોવા મળી રહી છે. આ ભીડ સાથે જેલના સળિયા પાછળ અરવિંદ કેજરીવાલની તસવીર છે. આ પ્રકારના પિક્ચરાઈઝેશનથી ન્યાયતંત્રની છબી ખરાબ થાય છે. આ સિવાય ECI એ એમ પણ કહ્યું કે જેલ કે જવાબ મેં વોટવાળી લાઈન ઘણી વખત રિપીટ કરવામાં આવી છે, જે કેબલ ટેલિવિઝન નેટવર્ક નિયમો, ૧૯૯૪ હેઠળ પ્રોગ્રામ અને એડવર્ટાઈઝિંગ કોડના ECI ગાઈડલાઈન અને નિયમ (૧(પ્ર)નું ઉલ્લંઘન કરે છે.

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે જો ભાજપ આચારસંહિતાનું ઉલ્લંઘન કરે છે તો ચૂંટણી પંચ તેની અવગણના કરે છે.આતિશીએ કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર પોતાની તાનાશાહીનો પુરાવો જનતાની સામે રાખ્યો છે.

તાનાશાહી સરકારોનું બીજું લક્ષણ એ છે કે અન્ય પક્ષોને પ્રચાર કરતા અટકાવવામાં આવે છે. AAPના કેમ્પેન સેન્ગમાં ક્યાંય પણ બીજેપીનો ઉલ્લેખ નથી. અમે તાનાશાહી સામે લડવાની વાત કરી છે. તેના પર ચૂંટણી પંચનું કહેવું છે કે આ શાસક પક્ષની ટીકા છે.

# જો તમે ભારતીય નથી, તો તમે અમેરિકામાં સીઈઓ નહીં બની શકો : એમ્બેસેડર ગારસેટી

નવીદિલ્હી,
ભારતમાં યુએસ એમ્બેસેડર એરિક ગારસેટીએ ભારતીય આઈટી વિદ્યાર્થીઓ અને અન્ય વ્યાવસાયિકોની પ્રશંસા કરી છે જેઓ ટોચની અમેરિકન કંપનીઓમાં નોકરી મેળવવાનું સ્વપ્ન જુએ છે. તેમને કહ્યું કે આજે સ્થિતિ એવી છે કે ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓના ૧૦ સીઈઓમાંથી એક ભારતીય ઈમિગ્રન્ટ છે જેને અમેરિકામાં અભ્યાસ કર્યો છે.

ગારસેટીએ કહ્યું કે જૂની મજાક હતી કે જો તમે ભારતીય છો તો તમે અમેરિકામાં સીઈઓ નહીં બની શકો, હવે મજાક એ છે કે જો તમે ભારતીય નથી તો તમે અમેરિકામાં સીઈઓ નહીં બની શકો. ગૂગલ હોય, માઈક્રોસોફ્ટ હોય કે સ્ટારબક્સ, લોકો અંદર આવ્યા અને મોટો ફરક પાડ્યો. ચોક્કસપણે, એરિક ગારસેટ્ટીએ જે પરિસ્થિતિ વિશે વાત કરી છે તે તમામ ક્ષેત્રોમાં મોટી સંખ્યામાં ઉમેદવારો અને અમેરિકન યુનિવર્સિટીઓમાં તમામ પ્રકારના ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આધાર બનાવે છે. એકલા ૨૦૨૩માં ભારતીય નાગરિકોને કુલ મળીને રેકોર્ડ ૧.૪ મિલિયન યુએસ વિઝા આપવામાં આવ્યા હતા.

એક દિવસ અગાઉ, જ્યારે એરિક ગારસેટીને પૂછવામાં આવ્યું કે શું તેમને ૨૦૨૪માં વિઝા અરજીઓની સંખ્યામાં વધુ વધારો થવાની અપેક્ષા છે, ત્યારે તેમણે કહ્યું કે આ સંખ્યા 'દર વર્ષે વધી રહી છે.'એરિક ગારસેટીએ જણાવ્યું હતું કે અમેરિકન યુનિવર્સિટીઓ અભ્યાસ માટે શ્રેષ્ઠ સ્થાનો છે.

# લોકસભા ચૂંટણી વચ્ચે વધુ એક સાંસદનું નિધન

એક તરફ લોકસભા ચૂંટણી માટે ત્રીજા તબક્કાના મતદાનને ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ભાજપના ચામરાઝનગરના વર્તમાન સાંસદ શ્રીનિવાસ પ્રસાદનું નિધન થયું છે. બેંગ્લોરની એક હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે. શ્રીનિવાસ છેલ્લા ચાર દિવસથી આઈસીયુમાં હતા. કર્ણાટકના ચામરાજનગરના બીજેપી સાંસદ વી શ્રીનિવાસ પ્રસાદનું રવિવારે રાત્રે બેંગલુરુની એક ખાનગી હોસ્પિટલમાં ૭૬ વર્ષની વયે અવસાન થયું હતું.શ્રીનિવાસ ચામરાજનગરથી ૭ વખત સાંસદ અને નંજનગુડથી ૨ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેમણે તાજેતરમાં ચૂંટણીના રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી હતી. ભાજપે આ વખતે લોકસભાની ચૂંટણીમાં પૂર્વ ધારાસભ્ય એસ. બાલારાઝને ટિકિટ આપી હતી. આ બેઠક પર બીજા તબક્કામાં મતદાન થઈ ગયું છે. આ અગાઉ ઉત્તર પ્રદેશની હાથરસ લોકસભા બેઠકના સાંસદ રાજવીર દિલેરનું હાર્ટએટેકથી નિધન થયું હતું.

# સેના દ્વારા સરહદ સાથે જોડાયેલાં ગામોમાં ડિફેન્સ વોલ બનાવવાનું શરૂ

નવીદિલ્હી,
પાકિસ્તાનની મડવોલ (માટીની દીવાલ)ના જવાબમાં ભારતીય સેના હવે સરહદ સાથે જોડાયેલાં ગામોમાં ડિફેન્સ વોલ બનાવી રહી છે. દેશની આ પ્રકારની પહેલી દીવાલનું નિર્માણ રાજસ્થાનના શ્રીગંગાનગર અને પંજાબમાં શરૂ પણ થઈ ગયું છે. પથ્થરોની આ નવી દીવાલ બોર્ડરથી ૧૨ કિમી પહેલાં સીમાંત ગામોમાં નહેરોના કિનારે બનાવાઈ રહી છે.પહેલા તબક્કામાં ૨૧ કિમી લાંબી દીવાલનું નિર્માણ અંતિમ ચરણમાં છે. તેની ખાસિયત એ છે કે ૧૦ ફૂટ પહોળી અને ૭ ફૂટ ઊંચી આ દીવાલની અંદર જ બક્કર પણ હશે. તેનો સૌથી મોટો ફાયદો એ થશે કે આપણી સુરક્ષા હવે બમણી થઈ જશે.

બોર્ડર પર બીએસએફ રહેશે અને ડિફેન્સ વોલમાંસેના તૈનાત રહેશે. અહીં તેનું પરિણામ શ્રેષ્ઠ આવ્યા પછી દેશભરમાં સમગ્ર બોર્ડર વિસ્તારમાં આવી ડિફેન્સ વોલ બનાવાશે.ભારતની ડિફેન્સ વોલ; આપણી વોલનું નિર્માણ પથ્થરોની બે પાક્કી દીવાલો વચ્ચે માટી ભરીને કરાયું છે.

આ જ દીવાલો વચ્ચે બક્કર પણ બનાવાયાં છે. જ્યાં સેનાના જવાનો સરળતાથી ઊભા રહી શકશે. આ ઉપરાંત સેનાની અવર-જવર અને અન્ય ગતિવિધિઓ પણ દુશ્મન દેશ નહીં જોઈ શકે.

# એકજૂથ બનીને લડશો તો દુશ્મન દેશને પછાડી શકશો : પાકિસ્તાન લશ્કરીવડાનું એલાન

ઈસ્લામાબાદ,
ગરીબી અને ભૂખમરાનો માર વેઠી રહેલાં પાકિસ્તાનની સેનાના વડા અસીમ મુજીદે પોતાના દેશવાસીઓને એકજૂથ બની ઊભા રહેવાનું એલાન કરતાં જણાવ્યું હતું કે જો એક-જૂથ બની ઊભા રહેશો તો તમે દુશ્મન દેશને પછાડી શકશો. એક-જૂથ પાકિસ્તાને નકારાત્મક શક્તિઓને પરાસ્ત કરવાનાં છે.

ગ્રીન-પાકિસ્તાન-ઈનિશ્યેટીવ સંમેલનમાં કરેલાં સંબોધનમાં જનરલ અસીમ મુજીદે વધુમાં જણાવ્યું હતું કે, નકારાત્મક પ્રચાર અને સોશ્યલ મીડીયા પર થતી ટીકાઓ દેશને વિકાસ અને સમૃદ્ધિ તરફ જતો અટકાવી નહીં શકે. આવો આપણે... વિકાસ અને સ્થિરતાના માર્ગદર્શને લઈ જઈએ.

આ સાથે તેઓએ જણાવ્યું હતું કે ઈંશા અલ્લાહ (પ્રભુની ઈચ્છા, લોકોના સહયોગ અને સમર્થનને લીધે પાકિસ્તાનની વિકાસ યાત્રામાં અવરોધ ઊભા કરનારાઓના પ્રયાસો નિષ્ફળ કરવામા છે. સાથે આર્થિક વિકાસની અનિવાર્યતા પર ભાર મુકતાં જન.મુજીદે કહ્યું કે આજના યુગમાં આર્થિક સ્થિરતા વિના પૂર્ણ આઝાદી શક્ય જ નથી આથી જ દેશનાં સમૃદ્ધિ અને વિકાસના માર્ગમાં વચ્ચે અવરોધો કે કોઈ અસ્થિરતા ચલાઈ નહીં લેવાય.

# કેન્દ્ર સરકારે છ દેશોને ૯૯,૧૫૦ મેટ્રિક ટન ડુંગળીની નિકાસ કરવાની આપી મંજૂરી

નવી દિલ્હી,
ભારત સરકારે છ પાડોશી દેશો બાંગ્લાદેશ, યુએઈ, ભૂટાન, બહેરીન, મોરેશિયસ અને શ્રીલંકામાં ૯૯,૧૫૦ મેટ્રિક ટન ડુંગળીની નિકાસ કરવાની મંજૂરી આપી છે. ગત વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪માં અંદાજે ઓછા ખરીફ અને રવી પાકની પૃષ્ઠભૂમિની પર્યાપ્ત સ્થાનિક ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને આંતરરાષ્ટ્રીય બજારમાં માગમાં વધારો કરવા માટે ડુંગળીની નિકાસ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

આ દેશોમાં ડુંગળીની નિકાસ માટેની એજન્સી નેશનલ કોઓપરેટિવ એક્સપોર્ટ્સ લિમિટેડ (એનસીઈએલ)એ સ્થાનિક ડુંગળીને એલ-૧ના ભાવે ઈ-પ્લેટફોર્મ દ્વારા નિકાસ કરવાની હતી અને ગંતવ્ય દેશની સરકાર દ્વારા નિયુક્ત એજન્સી અથવા એજન્સીઓને ૧૦૦% એડવાન્સ પેમેન્ટના આધારે વાટાઘાટોના દરે સપ્લાય કરવામાં આવી હતી. ખરીદદારોને એનસીઈએલની ઓફર દર ગંતવ્ય બજાર અને આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજારોમાં પ્રવર્તમાન ભાવોને ધ્યાનમાં લે છે. છ દેશોમાં નિકાસ માટે ફાળવવામાં આવેલા ક્વોટાને ગંતવ્ય દેશ દ્વારા કરવામાં આવેલી માગ મુજબ પૂરા પાડવામાં આવી રહી છે. દેશમાં ડુંગળીના સૌથી મોટા ઉત્પાદક તરીકે, મહારાષ્ટ્ર એનસીએલ દ્વારા નિકાસ માટે મેળવવામાં આવતી ડુંગળીનો મોટો સપ્લાયર છે.

સરકારે મધ્ય-પૂર્વ અને કેટલાક યુરોપિયન દેશોમાં નિકાસ બજારો માટે ખાસ કરીને ઉગાડવામાં આવતી ૨૦૦૦ મેટ્રિક ટન સફેદ ડુંગળીની નિકાસને પણ મંજૂરી આપી હતી. સંપૂર્ણપણે નિકાસલક્ષી હોવાને કારણે, બિયારણનો ઊંચો ખર્ચ, સારી કૃષિ પ્રણાલી (જીએપી)ને અપનાવવા અને કડક મહત્તમ અવશેષ મર્યાદા (એમઆરએલ) જરૂરિયાતોનું પાલન કરવાને કારણે સફેદ ડુંગળીનો ઉત્પાદન ખર્ચ અન્ય ડુંગળી કરતા વધારે છે.

# ચૂંટણી બાદ મોબાઈલ રિચાર્જ પ્લાનની કિંમતો ૨૦ ટકા વધશે

નવીદિલ્હી,
છેલ્લા બે વર્ષથી મોબાઈલ રિચાર્જ પ્લાનની કિંમતોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી, પરંતુ હવે ટૂંક સમયમાં તમને તેમાં મોટો ફેરફાર જોવા મળશે. દેશમાં ૫જી લોન્ચ થયાને બે વર્ષ થઈ ગયા છે અને ઘણા લોકો પાસે ૫જી મોબાઈલ છે અને ૫ય દેશના મોટાભાગના શહેરોમાં પહોંચી ગયું છે. ટેલિકોમ કંપનીઓએ ૫ય લોન્ચ કરવામાં ઘણા પૈસા ખર્ચ્યા છે અને આ પૈસા વસૂલવાનો સમય આવી ગયો છે.

અમે આ એટલા માટે કહી રહ્યા છીએ કારણ કે ચૂંટણી પછી તરત જ તમામ ટેલિકોમ કંપનીઓના પ્લાન



મોંઘા થવાના છે. દેશની બીજી સૌથી મોટી ટેલિકોમ કંપનીએ આ વાતની પુષ્ટિ કરી છે. કંપનીએ કહ્યું છે કે સામાન્ય ચૂંટણી બાદ મોબાઈલ ટેરિફ પ્લાનની કિંમતોમાં ૨૦%નો વધારો થશે. તેનાથી તેનો ઈબીઆઈટીડીએ ૧૨-૧૫% વધશે. કંપનીએ એમ પણ કહ્યું છે કે આનાથી તેની પ્રતિ વપરાશકર્તા સરેરાશ આવકમાં રૂ. ૨૭૦નો વધારો થશે. નવી રિચાર્જ યોજનાઓ પણ ચૂંટણી પછી શરૂ થવાની ધારણા છે.

# ચીન હિંદ મહાસાગરમાં ભારતની કરી રહ્યું છે જાસૂસી!

(જી.એન.એસ),નવીદિલ્હી,
૪,૫૦૦ ટનનું હાઇ-ટેક ચાઈનીઝ રિસર્ચ જહાજ માલદીવના પાણીમાં પરત ફર્યું છે. આના બે મહિના પહેલા, તેણે આ દ્વીપસમૂહ દેશના વિવિધ બંદરો પર એક અઠવાડિયું વિતાવ્યું હતું. શુક્રવારે ન્યૂઝ પોર્ટલ અધ્ધુ(ડોટ)કોમ ના અહેવાલ મુજબ, જિયાંગ યાંગ હોંગ ૩ નામનું જહાજ ગુરુવારે સવારે થિલાફુશી ઈન્ડસ્ટ્રીયલ આઈલેન્ડના બંદર પર ઊભું હતું. જો કે માલદીવ સરકારે તેના પરત ફરવાનું કારણ જાહેર કર્યું નથી, પરંતુ સરકારે તેની પ્રથમ સફર પહેલા જહાજને ડોક કરવાની મંજૂરીની પુષ્ટિ કરી છે.

ચીન તરફી નેતાની આગેવાની હેઠળની પીપલ્સ નેશનલ કોંગ્રેસે માવીવના પ્રમુખ મોહમ્મદ મુઈઝુએ ચૂંટણી જીત્યાના થોડા દિવસો બાદ જ સામાન્ય ચૂંટણી જીતી છે.



જેમાં તેણે ૯૩ સભ્ય પીપલ્સ મજલિસમાંથી ૬૬ બેઠકો મેળવી હતી. મુઈઝુ ગયા વર્ષે ઈન્ડિયા આઉટના વચન પર સત્તામાં આવ્યા હતા અને ૨૧ એપ્રિલે સંસદીય ચૂંટણીમાં પ્રચંડ જીત સાથે તેમની સ્થિતિ વધુ મજબૂત કરી છે. ચીનનું જહાજ હવે એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (EEZ) પાર કરીને પરત ફર્યું છે. તેથી, જિયાંગ યાંગ હોંગ ૩ જાન્યુઆરીથી માલદીવમાં અથવા તેની નજીક સક્રિય છે. આ જહાજ અગાઉ ૨૩ ફેબ્રુઆરીએ માલેથી લગભગ ૭.૫ કિમી પશ્ચિમમાં સમાન થિલાફુશી બંદર પર રોકાયું હતું.હાઈ-ટેક જહાજ માલદીવની ઈઈઢ સરહદની નજીક લગભગ એક મહિના ગાળ્યા પછી ૨૨ ફેબ્રુઆરીના રોજ માલદીવના પાણીમાં પહોંચ્યું હતું. લગભગ છ દિવસ પછી, જહાજ EEZ સરહદ પર પાછું આવ્યું છે. ફેબ્રુઆરીમાં, માલદીવના વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે જિયાંગ યાંગ હોંગ ૩ ચીની સરકાર દ્વારા માલદીવ સરકારને રાજદ્વારી વિનંતીને પગલે કર્મચારીઓના પરિભ્રમણ અને પુનઃ પુરવઠા માટે પોર્ટ કોલ માટે અહીં આવ્યો હતો. જ્યારે માલદીવના વિદેશ મંત્રાલયે ૨૩ જાન્યુઆરીએ કહ્યું હતું કે, જહાજ માલદીવના પાણીમાં કોઈ સંશોધન કરશે નહીં.

# ૬૦ વર્ષની મહિલાએ મિસ યૂનિવર્સ બ્યુનસ આયર્સનો તાજ પોતાના નામે કર્યો

મુંબઇ,
૬૦ વર્ષની મહિલાએ ઈતિહાસ રચ્યો છે. આપણે લોકોના મોઢે તો સાંભળ્યુ જ હશે કે પોતાના સપના પુરા કરવાની કોઇ ઉમર નથી હોતી તે આજે સાચુ સાબિત થયુ છે. ૬૦ વર્ષની મહિલાએ મિસ યૂનિવર્સ બ્યુનસ આયર્સનો તાજ પોતાના નામે કર્યો છે. આ ઉમરમાં તેમણે ૨૦૨૪ નો તાજ પહેરીને ઈતિહાસ રચી દીધો છે. આટલુ જ નહી તે આગળ પણ વધુ પ્રગતિ કરવા માંગે છે.આપને જણાવી દઈએ કે આર્જેટીનાની રાજધાની બ્યુનસ આયર્સમાં રહેનારી વકીલ,પત્રકાર એલેજાંદ્રા મારિસા રોડ્રિગ્ઝનીએ દુનિયાને બતાવી દીધુ છે કે સુંદર દેખાવાની કોઇ ઉમર હોતી નથી. તેણે ૩૪ સુંદર મહિલાઓને પાછળ છોડીને આ તાજ



તેના નામે કરીને દુનિયાને ખૂબ મોટો સંદેશો આપ્યો છે. હવે તે આર્જેટીના માટે મિસ યૂનિવર્સમાં ભાગ લેશે. જો આમાં તેને સફળતા મળે તો તે મિસ યૂનિવર્સ ૨૦૨૪માં દુનિયા સામે આર્જેટીનું પ્રતિનિધિત્વ કરશે.

સૌરાષ્ટ્ર આસપાસ

# દ્વારકા જિલ્લામાં મહેર તથા સતવારા સમાજ દ્વારા પૂનમબેન માડમને સમર્થન

## મહેર તથા સતવારા સમાજની બેઠકમાં ભાજપને જીત અપાવી, મોદી સરકારને ફરી દેશનું સુકાન સોંપવા અપીલ કરી







તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા : જામનગર લોકસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પૂનમબેન માડમ જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના તેમના મતક્ષેત્રમાં લોકસેવાર્થે સતત સમર્પિત રહયા છે. પૂનમબેન માડમ દ્વારા જામનગર તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના મતક્ષેત્રમાં સતત ચૂંટણી પ્રચાર કરવામાં આવી રહયો છે. ત્યારે દરેક ક્ષેત્રના લોકો દ્વારા તેમને પ્રચંડ જનસમર્થન મળી રહયું છે.

તાજેતરમાં ભાજપના ઉમેદવાર પૂનમબેન માડમે દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાત લીધી હતી. તે દરમ્યાન મહેર સમાજ તથા સતવારા સમાજ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ તબબકે કલ્યાણપુર તાલુકાના મહેર સમાજના આગેવાનો સાથે પૂનમબેન માડમએ બેઠક કરીને રાષ્ટ્રસેવાને સમર્પિત ભારતીય જનતા પાર્ટીને ફરીવાર જીતાડવા અને મોદી સરકારને દેશનું સુકાન સોંપવા પોતાનો પવિત્ર અને કિંમતી મત મોદી સરકારને આપવા અપીલ કરી. આ ઉપરાંત સતવારા સમાજના આગેવાનો સાથે બેઠક કરી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પ્રચંડ સહકાર અને સમર્થન આપી ભારતીય જનતા પાર્ટીને ફરી એકવાર જંગી બહુમતીથી વિજય બનાવવા માટે અપીલ કરી હતી.

આ તબ્બકે ૧૨ લોકસભા (જામનગર, દેવભૂમિ દ્વારકા)ના સાંસદ તથા ઉમેદવાર પૂનમબેન માડમ, કેબિનેટ મિનિસ્ટ મુળુભાઈ બેરા, ધારાસભ્ય પબુભા માણેક, ખીમભાઈ ભોચીયા, પરબતભાઈ વરુ, માલદેભાઈ ગોરાણીયા, રાજાભાઈ ગોરાણીયા, હરભમભાઈ ઓડેદરા, કેશુભાઈ મહેર, પીન્ટુભાઈ અદ્રેજા, કરશનભાઈ મહેર, રમેશભાઈ મહેર, સતવારા સમાજના તા. પ. પ્રમુખ સોમાતભાઈ ચાવડા, તા. ભાજપ પ્રમુખ દેવાયતભાઈ ગોજીયા, બક્ષી. મોરચાના જિલ્લા પ્રમુખ ડી. એલ. પરમાર, જી. પ. કારોબારી ચેરમેન જીતેન્દ્ર કણજારીયા, શૈલેષ કણજારીયા, અગ્રણીઓ રતનસીભાઈ કણજારીયા, વિઠ્ઠલભાઈ સોનગરા, વેલાભાઈ ચોપડા, ટપુભાઈ સોનગરા, નારણભાઈ ડાભી, મનજી પરમાર સહીત સમાજના અગ્રણીઓ, કાર્યકર્તાઓ, સામાજિક સંસ્થાના અગ્રણીઓ, સમાજ શ્રેષ્ઠીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સલાયામાં નાની બચતનું કામ કરતા શખ્સે બનાવટી સહી કરી વહાણવટી વૃધ્ધને ૪૪ લાખના શિશામાં ઉતારી લીધા

## વર્ષ ૨૦૨૦ થી ૨૩ વચ્ચેના સમયગાળા દરમિયાન કટકે-કટકે રકમ પોતાની સહીઓ કરી ઉપાડી લીધી : પોસ્ટ ઓફિસની પાસબૂકમાં પોતાની જાતે એન્ટ્રી પાડી આરોપી સહીઓ કરી નાખતો

ખંભાળિયા : ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા એક વયોવૃદ્ધ આસામી સાથે તેમના નામે ખોટી સહીઓ કરી અને વિવિધ પ્રકારે રૂપિયા ૪૪ લાખ જેટલી રોકડ રકમની છેતરપિંડી કરવા સબબ સલાયાના રહીશ એવા વિપ્ર શખ્સ સામે ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ સમગ્ર પ્રકરણ અંગે સલાયામાં જૂની પોસ્ટ ઓફિસ પાસે રહેતા અને વહાણવટી વ્યવસાય સાથે સંકળાયેલા હાજીજુનસભાઈ હાજીમુસાભાઈ ગઝ્ઝણ નામના ૭૩ વર્ષના મુસ્લિમ આસામી દ્વારા સલાયા મરીન પોલીસ મથકમાં જાહેર કરવામાં આવેલી વિગત મુજબ તેમની નાણાકીય બાબતો અંગેના વ્યવહારો સંભાળતા સલાયામાં જૂની પોસ્ટ ઓફિસ સામે રહેતા વિશાલ નવીનચંદ્ર કિરતસાતા નામના શખ્સ દ્વારા ફરિયાદી હાજી જુનસભાઈના વહાણોના તમામ વહીવટી તથા નાણાકીય લેવડ-દેવડનું કામ પણ કરતા હતા. ત્યારે વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૩ વચ્ચેના સમયગાળા દરમિયાન ફરિયાદી હાજી જુનસભાઈ હાજીમુસાભાઈ ગઝ્ઝણ તથા તેમના ઘરના અન્ય પરિવારના સભ્યોના અલગ અલગ ખાતાઓ તેમણે જોઈન્ટ એકાઉન્ટમાં ખોલાવ્યા હતા. આ એકાઉન્ટમાં ઉપરોક્ત ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન છૂટક છૂટક આપવામાં આવેલી રોકડ રકમ તેમની જાણ બહાર તેમની સહીઓ કરીને કે કોઈપણ અન્ય રીતે આરોપી વિશાલ દ્વારા રોકડ રકમ ઉપાડી અને તેમના જુદા જુદા ૭૩ એકાઉન્ટ પૈકી ૧૩ ખાતાઓની પાસબુકમાં પોતાની જાતે બોલપેનથી કુલ રૂપિયા ૨૬,૪૩,૪૫૨ જમા થયા બાબતેની તેમજ અન્ય રૂપિયા ૧૭,૫૧,૪૮૫ ઉપાડી લીધા હતા.

આમ, આરોપી વિશાલ તેમજ સંભવિત રીતે સંડોવાયેલા મનાતા અન્ય શખ્સો દ્વારા કુલ રૂપિયા ૪૩,૯૪,૯૩૭ ની રોકડ રકમ આરોપીએ પોતાની જાતેથી બોલપેનથી ખોટી એન્ટ્રીઓ પાસબુકમાં લખી અને ફરિયાદી હાજીજુનસભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાનું જાહેર થયું છે. આ સમગ્ર પ્રકરણ અંગે સલાયા મરીન પોલીસે આઈપીસી કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૦૬ તથા ૪૨૦ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ ઈન્ચાર્જ પી.આઈ. વી. એન. સિંગરખીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# રૂપાલા સામે ક્ષત્રિયોના ચાલતા આંદોલનમાં પ્રદર્શન કરનારાઓ સામે જામનગરમાં પ્રથમ ગુનો નોંધાયો

## સીસીટીવી ફૂટેજના આધારે ૧૦૦ મહિલા—પુરૂષો સામે રાયોટીંગ, તોડફોડ અને ધાક-ધમકી અંગે પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર

જામનગર : જામનગર શહેરના વોર્ડ નંબર ૬માં યાદવનગરમાં શનિવારે ભાજપ કાર્યાલયના ઉદઘાટન સમયે ક્ષત્રિય સમાજના મહિલા-પુરુષ સહિતના ટોળાએ હંગામા મચાવી તોડફોડ કરી હતી. જે મામલે આખરે પોલીસે તોડફોડ-રાઈટિંગ-ધાકધમકી સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. જેથી ભારે ચકચાર જાગી છે. જામનગરમાં ભાજપ ના કાર્યક્રમો દરમિયાન હંગામા અંગેની પ્રથમ ફરિયાદ નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગતે એવી છે કે, જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૬માં યાદવનગર વિસ્તારમાં શનિવારે સાંજે ભાજપના સ્થાનિક કાર્યાલયનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. જેમાં સ્થાનિક ભાજપના અગ્રણીઓ હાજર રહ્યા હતા. જે કાર્યક્રમના પ્રારંભે રાજપૂત સમાજના ભાઈઓ-બહેનો સહિતના ટોળાએ આવી પહોંચી હંગામા મચાવ્યો હતો અને સૂત્રોચાર કરીને ખુરશીઓ ઉછાળીને તોડફોડ કરી હતી. તેમજ કેટલાક મહિલા સહિતનાઓએ સ્ટેજ પર પહોંચી જઈ બેનર વગેરે ફાડી નાખ્યા હતા અને ભાજપના ઝંડા વગેરે ફેંકી દીધા હતા. જે ઘટનાને લઈને ભારે દોડધામ થઈ હતી.

આખરે સમગ્ર મામલો સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, અને ક્ષત્રિય સમાજના ૧૦૦ મહિલા- પુરુષો સહિતના ટોળા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જેમાં જયપાલસિંહ રવિન્દ્રસિંહ ઝાલા, હરદીપસિંહ ઉર્ફે બાપુડી દરબાર, નરેન્દ્રસિંહ જાડેજા, ઉપરાંત રાજપુત મહિલાઓમાં મીનાબા મહેન્દ્રસિંહ જાડેજા, પ્રજ્ઞાબા વનરાજસિંહ જાડેજા સહિતના ૧૦૦ સ્ત્રી-પુરુષોના ટોળા સામે રાઈટીંગ-તોડફોડ તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપવાની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ બનાવમાં કેટલાક સીસીટીવી કેમેરાના ફોટા તેમજ મોબાઈલ ફોનમાં કેદ થયેલા વિડિયો વગેરેની ચકાસણી કરીને ટોળામાં જે કોઈ વ્યક્તિ હાજર હતી તેની પોલીસ દ્વારા શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

# ભાણવડના ભરતપુર ગામે વીજ રીપેરીંગ દરમ્યાન શોક લાગતા યુવાનનું મોત



ખંભાળિયા : ભાણવડ તાલુકાના ફતેહપુર ગામે રહેતો એક યુવાન ગઈકાલે ભરતપુર ગામે વાડી વિસ્તારમાં વીજ રીપેરીંગનું કામ કરી રહયો હતો તે દરમ્યાન તેને વીજશોક લાગતા ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજયું હતું.

ભાણવડ નજીકના ભરતપુર ગામના વાડી વિસ્તારમાં ગઈકાલે રવિવારે સવારના સમયે ફતેપુર ગામે રહેતા હિતેશભાઈ ભીખાભાઈ ભારવાડીયા નામના ૨૫ વર્ષના વીજ કંપનીના ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટ વીજ પ્રવાહ અંગેનું રીપેરીંગ કામ કરી રહ્યા હતા, તે દરમિયાન કોઈ કારણોસર વીજ પ્રવાહ પુનઃ ચાલુ થઈ તથા તેમને જોરદાર વીજ કરંટ લાગ્યો હતો. જેના કારણે તેમનું ઘટના સ્થળે જ કરુણ મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગેની જાણ મૂળ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના વતની અને હાલ ભાણવડ તાલુકામાં રહેતા જીગ્નેશભાઈ કોડરભાઈ અસારી (ઉ.વ. ૨૫, ઈલેક્ટ્રીક આસિસ્ટન્ટ જી.ઈ.બી.)એ ભાણવડ પોલીસને કરી છે.

# જામનગર નજીક નારણપર પાસે કાર અને બાઈકના અકસ્માતમાં દંપતિના અંતરિયાળ મૃત્યુથી અરેરાટી

## રોંગ સાઈડમાં પુરપાટ આવી રહેલી કારના ચાલકે બાઈકને ૫૦ ફુટ સુધી ઘસેડયું




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરની ભાગોળે નારણપર ગામના પાટીયા પાસે હિટ એન્ડ રન ના બનાવવામાં નારણપર ગામના ભાનુશાળી દંપત્તિએ જીવ ખોયો છે. પુરપાટ ઝડપે રોંગ સાઈડમાં આવી રહેતી કારના ચાલકે બાઈકને ઠોકરે ચડાવતાં ભાનુશાળી દંપતી ૫૦ ફૂટ દૂર સુધી બાઈક સાથે ધસડાયું હતું, અને બંનેના કરુણ મૃત્યુ નીપજતાં ભારે કરુણાંતિકા સર્જાઈ છે. પોલીસે કારચાલક સામે ગુન્હો નોંધ્યો છે.

આ ગોઝારા અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર તાલુકાના નારણપર ગામમાં રહેતા અને ખેતીવાડી સંભાળતા જયેશભાઈ જયંતીભાઈ ફલિયા (ઉંમર વર્ષ ૪૦) અને તેમના પત્ની કાજલબેન જયેશભાઈ ફલિયા (ઉ.વ.૩૮) કે જેઓ બંને પોતાના કાકા જામનગરમાં ગ્રીન સિટી વિસ્તારમાં રહેતા હોવાથી તેમના ઘેર આંટો દેવા તેમજ ખરીદી કરવાની હોવાથી રવિવારની સાંજે પોતાના બાઈક પર બેસીને જામનગર આવ્યા હતા, અને ત્યારબાદ મોડી રાતે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં તેઓ બાઈક પર પોતાના ઘેર નારણપર જવા માટે પરત ફર્યા હતા. દરમિયાન નારણપર ગામની ગોલાઈ પાસે હાઈવે રોડ પર જી.જે. ૩ એન.કે. ૨૬૪૧ નંબરની સ્વીફ્ટ કારના ચાલકે રોંગ સાઈડમાં આવી બાઈકને ઠોકરે ચડાવી દેતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કારચાલકની સ્પીડ એટલી હતી, કે બાઈકની ટક્કર સાથે ભાનુશાળી દંપત્તિ બાઈક સહિત ૫૦ ફૂટ દૂર સુધી ઢસડાયા હતા. જેમાં કાજલબેન નું ઘટના સ્થળેજ મૃત્યુ નીપજયું હતું, જ્યારે તેની નજર સમક્ષ તેણીના પતિ જયેશભાઈ જીવન મરણના ઝોલાં ખાઈ રહ્યા હતા, તેઓને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, ત્યાં થોડી ક્ષણોમાંજ તેનું પણ મૃત્યુ નિપજતાં આ ગોઝારા અકસ્માતમાં પતિ-પત્ની બંનેના મૃત્યુ થયા હતા, અને પરિવારમાં ભારે શોક નું મોજું ફરી વળ્યું હતું. ઉપરોક્ત અકસ્માતના બનાવની જાણ થતા મૃતક જયેશભાઈ ના ભાઈ મનોજભાઈ ફલિયા કે જેઓ બનાવના સ્થળે તેમજ જી.જી. હોસ્પિટલે દોડી ગયા હતા, અને અકસ્માત સર્જનાર કારચાલક સામે ફરિયાદ નોંધાવતાં એએસઆઈ એમ.એલ. જાડેજાએ જયેશભાઈ અને તેમના પત્નીના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે જી.જે. ૩ એમ.કે. ૨૬૪૧ નંબરની કાર ના ચાલક સામે ગુન્હો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં પેટ્રોલપંપની ઓફિસમાં ચોરી કરનાર તસ્કર પોલીસના હાથે ઝડપાયો





જામનગર : જામનગર શહેરના લાખોટા તળાવની પાળે આવેલ પરિમલ ટ્રેડર્સ નામના પેટ્રોલ પંપની ઓફિસમાંથી બે શખ્સોએ રોકડા રૂપિયા ૩૫,૩૭૦ ની ચોરી કરી નાસી ગયા હતા.જે અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે એક શખ્સને પકડી પાડયો છે.

જામનગરમા શહેરના તળાવની પાળે આવેલા પરિમલ ટ્રેડર્સ પેટ્રોલ પંપ ગત તા. ૨૬ - ૪- ૨૪. ના રોજ મધરાતે દોઢ વાગ્યાના અરસામાં મોટરસાયકલ પર બે શખ્સો પેટ્રોલ પૂરાવવા માટે આવેલાં અને ચોકીદરે તેમને પેટ્રોલ પંપ બંધ છે. તેવું જણાવતા મોટર સાયકલની પાછળ બેઠેલા શખ્સે બાથરૂમ જવાનું કહી પેટ્રોલ પંમાં અંદર આવી ઓફિસનું શટર થોડું ખુલ્લુ હોય તેમાંથી અંદર પ્રવેશ મેળવી ઓફિસના ટેબલના ખાનામાં રાખેલ રોકડ રૂપિયા ૩૫,૩૭૦ ની ચોરી કરી રફુચકકર થઈ ગયા હતાં.

આ બનાવ અંગે બીજા દિવસે પેટ્રોલ પંપ ના મેનેજર દિપકભાઈ છત્રાળાને ધ્યાને આવતાં સીસીટીવી ચેક કરતાં ચોરી થઇ હોવાનું ખૂલતાં તેમણે અજાણ્યા ચોર વિરૂદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. દરમ્યાન પોલીસને ચોરીના આ બનાવ અંગે આરોપી ની માહિતી મળી હતી.જેના અનુસંધાને ઈરફાન રશિદભાઈ દોદાઈ (૨૪) ને ઝડપી લીધો હતો.અને તેના કબ્જા માંથી રૂ.૩૫,૩૭૦ ની રોકડ કબજે કરી લીધી હતી.

# ધ્રોળ નજીક કાર અને રિક્ષા વચ્ચેના અકસ્માતમાં બે ભાઈઓ ઘાયલ

જામનગર : જામનગર- રાજકોટ ધોરી માર્ગ પર ધ્રોળ નજીક પુરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે રીક્ષાને પાછળથી ઠોકર મારતાં અકસ્માત સર્જાયો હતો જેમા રીક્ષા ચાલક અને તેના ભાઈ સહિત બે વ્યક્તિને ઈજા થઈ છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે, પડધરીના વતની અલ્તાફભાઈ મામદભાઈ સંઘાર (૩૦) નામના રીક્ષા ચાલક પોતાની રિક્ષામાં તેના ભાઈ અકબરભાઈ સંઘારને બેસાડીને જામનગર રાજકોટ ધોરી માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન ધ્રોલ નજીક આકાશવાણી કેન્દ્ર પાસે જી.જે.૧૦ બી.જી. ૨૫૬૮ નંબરની આર્ટીગા કારના ચાલકે રીક્ષાને પાછળથી ઠોકર મારતાં અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં રીક્ષાચાલક અને તેના ભાઈ બંનેને ઈજા થઈ હોવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધ્યો છે.

# કાલાવડના ભગત ખીજડીયા ગામેં બીમારીથી કંટાળી જઈ વૃધ્ધનો આપઘાત

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ભગત ખીજડીયા ગામમાં રહેતા એક વૃદ્ધે પોતાની બીમારીથી કંટાળી જઈ ઘરમાં પડેલા ઘઉંમાં રાખવાના ઝેરી દવાના ટીકડા ખાઈ લઈ આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

આ બનાવની વિગત એવી છે કે, કાલાવડના ભગત ખીજડિયા ગામમાં રહેતા અલીભાઈ ઈસ્માઈલભાઈ નામના ૬૮ વર્ષના બુઝુર્ગ કે જેઓ છેલ્લા કેટલાક સમયથી કમર અને મણકા તેમજ ગોઠણના દુખાવાની બીમારીથી પીડાતા હતા. જે બીમારી સહન થઈ શકતી ન હોવાથી તેઓએ ઘઉંમાં રાખવાના આવતી જંતુ નાશક દવાના ટીકડા ખાઈ લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતા તેઓને સારવાર માટે ગોંડલની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજયું છે. આ બનાવ અંગે મૃતકના પુત્ર અમિનભાઈ અલીભાઈએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# જાસુસી પ્રકરણમાં ફરાર જામનગરના મોહમદ સકલેનની ધરપકડ કરતી એટીએસ



જામનગર : ભારતીય સેનાની જાસુસી માટે સીમકાર્ડ ખરીદી માલવેર વાયરસ મોકલવાના કેસમાં જામનગરના એક શખ્સની એટીએસએ ધરપકડ કરી છે અને તેની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

ભારતની આર્મી પાંખની હરકતો જાણવા માટે શંકાસ્પદ માલવેર એપ્લીકેશન મોકલવાના કેસમાં એટીએસની ટીમે સીમકાર્ડ આપનાર જામગરના મોહમદ સકલેશ ઉમરભાઈ દાઉદ થૈમ (ઉ.વ. ૨૨)ને ઝડપી પાડયો છે. આરોપીની પૂછપરછ કરતાં તેણે સીમકાર્ડની ખરીદી કર્યા બાદ અસગર આજીદભાઈ મોદી (રહે. જામનગર)ને આપ્યું હતું. અસગરે સીમકાર્ડ એક્ટિવ કરાવીને આણંદમાં રહેતાં લાભશંકર મહેશ્વરીને મોકલી આપ્યું હતું. લાભશંકરે આ કાર્ડ નંબરમાંથી વોટ્સએપ ચાલુ કર્યા બાદ તેની બહેન મારફતે પાકિસ્તાન ખાતે રહેતા કિશોરભાઈ સવાઈને મોકલી આપ્યું હતું. જે સીમકાર્ડના વોટ્સએપ નંબર મારફતે પાકિસ્તાન આર્મી તથા જાસુસી સંસ્થા દ્વારા ભારતમાં જમ્મુ કાશ્મિર ખાતે આવેલા એરફોર્સ સ્ટેશન ખાતેના સિપાહી સંતોષકુમાર ભાટિયાને એક્ઝામ અપડેટ નામની ફાઈલ મોકલીને માલવેર વાયરસ મોકલ્યો હતો તેમ જાણવા મળે છે.

# કાલાવડ પંથકમાં રહેતા યુવાન પત્ની સાથે બોલાચાલી થતાં જીવન ટૂંકાવ્યું

ખંભાળિયા : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાગપુર ગામે રહેતો એક યુવાન લગ્ન પ્રસંગ અંગે કલ્યાણપુર તેમના સસરાના ઘરે ગયો હતો. દરમ્યાન પ્રસંગ પૂર્ણ થયા બાદ પત્નીને ઘરે જવાનું કહેતાં જેથી પત્નીએ આવવાની ના પાડતાં જેનું મનમાં લાગી આવતાં આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાગપુર ગામે રહેતા કેશુભાઈ વીસાભાઈ પરમાર નામના ૨૪ વર્ષના યુવાન ગઈકાલે રવિવારે કલ્યાણપુર તાલુકામાં તેમના સસરાના ઘરે લગ્ન પ્રસંગમાં આવ્યા હતા અને તેના ઘરે જવા માટે તેની પત્નીને કહેતા તેણીએ તેમની સાથે આવવાની ના કહી હતી. આ બાબતથી મનમાં લાગી આવતા કેશુભાઈ પરમારએ પોતાના હાથે ઝેરી દવા પી લેતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવની જાણ મૃતકના પિતા વીસાભાઈ ભોજાભાઈ પરમાર (ઉ.વ. ૬૫)એ કલ્યાણપુર પોલીસને કરી છે.

# જામનગરમાં ઝેરી દવા પી લેનાર યુવાનનું સારવારમાં મોત નીપજ્યું

જામનગર : જામનગરમાં જંતુનાશક દવા પી લેનાર એક યુવાનને હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ચાર દિવસની સારવાર બાદ તેમનું મૃત્યુ નિપજ્યું છે.

જામનગરમા પ્રણામી સ્કૂલ સામેના વિસ્તારમાં રહતા જીતેન્દ્ર અરવિંદભાઈ દામા (૩૫)એ કોઈ પણ અગમ્ય કારણોસર ગત તાં. ૨૨ના રોજ શહેરના તળાવની પાળે પહોંચી ત્યાં જંતુનાશક દવા પી લીધી હતી. આથી તેમને સારવાર માટે જી. જી. હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ચાર દિવસની સારવારના અંતે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાગ અંગે પોલીસને જાણ કરતા પો સબ. ઈન્સ. એમ. કે. બ્લોચ હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબજો સાંભળી પોસ્ટમોર્ટમ કરવી વધુ તપાસ હાથ ધરી છે.